# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**

દીકરી સાથે દુબઈમાં ફસાયેલી લારા દત્તા ભાવુક થઈ....




**પેજ-09**

ફિન એલન T20 વિશ્વકપ સૌથી ઝડપી સદી 33 બોલમાં મચાવ્યો તાંડવ....

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 20.00 |
| વડોદરા | 36.00 | 20.00 |
| સુરત | 35.00 | 22.00 |

પેજ 5



શેરબજારમાં તેજી, સેન્સેક્સમાં 899 પોઈન્ટનો ઉછાળો


06 MARCH-2026 FRIDAY


અમેરિકન સંસદમાં યુદ્ધ પર વિવાદ ટ્રમ્પના નિર્ણય સામે ડેમોક્રેટ્સ લાલચોળ



પેજ 10

**.....સુવિચાર.....**

પોતાનો ઈગો જીદ અને એટીટ્યુડ એ લોકો માટે ખોઈ દેવા તૈયાર હોય છે જે સાચે જ એમની કદર કરતા હોય છે


વર્ષ-15 । અંક-113 । વિક્રમ સંવત-2082 । ફાગણ વદ - 03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક



SINCE 1991 AHMEDABAD

VACHHANI® FurniturE

અમદાવાદ નો વિશાળ ફર્નિચર મોલ

તહેવારોમાં કરો તૈયારી...

ફર્નિચર જોઈને જ કહેશો...

પૈસા વસુલ છે...

30% સુધી ડિસ્કાઉન્ટ

સર્વોતમ ગુણવતા, સર્વશ્રેષ્ઠ ડીઝાઈનો...




વાછાણી ફર્નિચર પ્રા. લી.

હોમ અને ઓફિસ ફર્નિચરનો વિશાળ શોરૂમ

**ફર્નિચર ફેક્ટરી આઉટલેટ**
નીલકંઠ એસ્ટેટ, પવીત્ર એન્કલેવ,
કટારીયા સર્વિસ સેન્ટર અને એચ.પી. પેટ્રોલ
પંપ સામે, ત્રાગડ, ન્યુ ચાંદખેડા, અમદાવાદ.
99135 00221

**ફર્નિચર મોલ**
૧૩, વિજય શોપીંગ સેન્ટર, વિજય પાર્ક
બી.આર.ટી.એસ. બસ સ્ટોપ પાસે,
કૃષ્ણનગર, અમદાવાદ.
079 - 22820659, 99250 00221

**ફર્નિચર શોરૂમ**
૧૦૧ – સંગાથ શોપીંગ મોલ, એન્જિનીયરીંગ
કોલેજની સામે, વીસત ગાંધીનગર હાઈવે,
મોટેરા, સાબરમતી, અમદાવાદ.
99098 00221

www.vachhanifurniture.in

# સિક્યુરિટીના નામે AMCએ બાઉન્સરો પર 300 કરોડ વહાવ્યા: વિજય પટેલ

આમ આદમી પાર્ટી | અમદાવાદ

આમ આદમી પાર્ટી અમદાવાદ (પશ્ચિમ) પ્રમુખ વિજય પટેલ, અમદાવાદ શહેર સંગઠન મહામંત્રી જતીન પટેલ, અમદાવાદ શહેર મહિલા પ્રમુખ સિદ્ધિ ભાવસાર અને અમદાવાદ શહેર જોઈન્ટ સેક્રેટરી જગદીશ કલાત્મિકે પત્રકાર પરિષદ યોજી હતી. પત્રકાર પરિષદને સંબોધન કરતાં શહેર પ્રમુખ વિજય પટેલે જણાવ્યું હતું કે AMC દર વર્ષે સિક્યોરિટીના નામે અઢી કરોડથી લઈને ત્રણ કરોડ રૂપિયા સુધીનો પગાર ચૂકવે છે. છેલ્લા બાર-તેર વર્ષની અંદર તેનું ગણિત કરવામાં આવે તો અંદાજે સવા ત્રણસો કરોડ રૂપિયા AMC દ્વારા સિક્યોરિટીના નામે, ગાર્ડ્સના નામે ખર્ચી કાઢવામાં આવ્યા છે. પરંતુ સામે કોઈ સિક્યોરિટી ગાર્ડ્સ નથી દેખાતા, માત્ર બાઉન્સરો જોવા મળે છે. આ રીતે છેલ્લા 13-14 વર્ષમાં અમદાવાદની પ્રજાના પરસેવાની કમાણીના લગભગ ત્રણસો કરોડ રૂપિયા વ્યર્થ વહી ગયા છે. બાઉન્સરોની જરૂર શું છે? કોઈ સ્કૂલ હોય, કોઈ હોસ્પિટલ હોય, કોઈ ગાર્ડન હોય અથવા કોઈ તળાવ હોય તો ત્યાં ચોક્કસપણે સિક્યોરિટી ગાર્ડ્સની જરૂર પડે. પરંતુ સપ્ટેમ્બર 2025માં સરખેજ વિસ્તારમાં એક તળાવમાં ત્રણ બાળકો નાહવા જતા મૃત્યુ પામ્યા હતા. ત્યાં સિક્યોરિટી ગાર્ડ્સનો અભાવ હતો, ત્યાં કોઈ હાજર ન હતું. ચૂંટણી પ્રચાર દરમિયાન અમે જ્યારે આ વિસ્તારોમાં ગયા ત્યારે અમને ઘણી ફરિયાદો મળી કે AMCના તળાવો અને ગાર્ડનોમાં રાત્રે સિક્યોરિટીના અભાવના કારણે ત્યાં દારૂનો વેપાર થાય છે, ડ્રગ્સ વેચાય છે, પત્તા રમાય છે અને જુગારનો વ્યવહાર ચાલે છે. જો AMC દર વર્ષે લગભગ બે હજાર સિક્યોરિટી ગાર્ડ્સને અઢીથી ત્રણ કરોડ રૂપિયા પગાર ચૂકવે છે, તો આ ગાર્ડ્સ ક્યાં છે? અમે આમ આદમી પાર્ટીની તરફથી AMC કમિશનરને વિનંતી કરીએ છીએ કે આ મુદ્દે પ્રેસ કોન્ફરન્સ દ્વારા સ્પષ્ટ જવાબ આપે. દર વર્ષે જે પૈસા ગાર્ડ્સ માટે ચૂકવવામાં આવે છે, તે કઈ એજન્સીને ચૂકવવામાં આવે છે? શું ફક્ત કાગળ પર ગાર્ડ્સ બતાવીને મોટો ગોટાળો કરવામાં આવી રહ્યો છે? હાલમાં જ શારદાબેન હોસ્પિટલમાં અમારા કાર્યકર્તા અને હોદેદાર જગદીશભાઈને સ્થાનિક લોકો દ્વારા ફરિયાદ મળી હતી કે ત્યાંના સિક્યોરિટી ગાર્ડ્સ ગાર્ડ તરીકે નહીં પરંતુ બાઉન્સર તરીકે વર્તન કરે છે. તેઓ લોકો સાથે ધમકીભર્યું વર્તન કરે છે. અમદાવાદ શહેર જોઈન્ટ સેક્રેટરી જગદીશ કલાત્મિકે જણાવ્યું હતું કે શારદાબેન હોસ્પિટલ અંગે ઘણી ફરિયાદો મને મળી છે. ચોપડામાં ઓછામાં ઓછા દોઢસો લોકોએ પુરાવા સાથે સહયોગ આપી પોતાના નામ સાથે એન્ટ્રી કરી ફરિયાદ નોંધાવી છે કે શારદાબેન હોસ્પિટલમાં વારંવાર બાઉન્સરો દ્વારા લોકો સાથે ગેરવર્તન કરવામાં આવે છે. દર્દીઓ સાથે દુર્વ્યવહાર થાય છે, મારામારી કરવામાં આવે છે, ગાળાગાળી કરવામાં આવે છે. મહિલાઓને હાથ પકડીને બહાર કાઢવાની પણ અનેક ફરિયાદો મળી છે. આ અંગે અસંખ્ય ફરિયાદો સામે આવી છે.




# AAPની "પરિવર્તન લાવો કિસાન બચાવો યાત્રા" અંતર્ગત સુરેન્દ્રનગર અને ચોટીલા જિલ્લામાં સભા યોજાઈ




અમદાવાદ : આજે આમ આદમી પાર્ટીની "પરિવર્તન લાવો કિસાન બચાવો યાત્રા" અંતર્ગત ચરાડવા, સુરેન્દ્રનગર અને ચોટીલા ખાતે જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જનસભામાં આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા અને ફ્રન્ટલ સંગઠન પ્રદેશ અધ્યક્ષ પ્રવિણ રામ, પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકી તથા AAP નેતા રમેશ મેર સહિત મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે આ સભામાં ખૂબ જ મોટી સંખ્યામાં ખેડૂતો, યુવાનો, મહિલાઓ સહિત તમામ જાતિ-ધર્મ અને વર્ગના લોકો જોડાયા હતા. આ સભામાં આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા પ્રવીણ રામે ખેડૂતો સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ભગવાન સોમનાથના ચરણોમાં શીશ ઝુકાવીને અને તેમના દર્શન કરીને આ યાત્રાની શરૂઆત કરવામાં આવી હતી અને ઘેલા સોમનાથના દર્શન કરીને આ યાત્રાનું પહેલું ચરણ પૂરું કરવામાં આવ્યું હતું. આજથી બીજા ચરણની શરૂઆત કરવામાં આવી હતી. ખેડૂતોના અનેક પ્રશ્નો મુદ્દે અમે વર્ષોથી લડી રહ્યા છીએ. પરંતુ અમે ખેડૂતોના મુદ્દે લડત લડીએ તો અમને જેલમાં નાખવામાં આવે છે. અમે કડદો બંધ કરાવવા માટે અવાજ ઉઠાવ્યો અને કડદો બંધ કરવાની જગ્યાએ અમને બધાને ઉઠાવીને જેલમાં નાખી દેવામાં આવ્યા. આટલું ઓછું હોય તેમ ખેડૂતો પર લાઠીચાર્જ કરવામાં આવ્યો અને ખેડૂતોને ઘરમાં ઘૂસીને મારવામાં આવ્યા. આ વિસ્તારમાં ખેડૂતો કપાસ ઉગાડે છે અને કપાસનું જે CCI બોર્ડ એ પહેલા પાકને ખરીદતું નથી પરંતુ ભાજપના મળતીયાઓ પહેલા કપાસ 1200-1300માં ખરીદે છે. અને થોડા મહિના બાદ એમાં 300-400 રૂપિયાનો વધારો કરીને બીજી કોઈ મહેનત કર્યા વગર કપાસ સીસીઆઈ બોર્ડને વેચી દે છે. હકીકતમાં આ એક મોટું કૌભાંડ છે. આ વિસ્તારમાં હાઈટેન્શન લાઈન, ગટર વ્યવસ્થા સહિત અનેક પ્રશ્નો છે પરંતુ એમાં બીજેપીને રસ નથી. ખેડૂતોની આવક બમણી કરવાના વાયદાઓ ભાજપના લોકોએ આપ્યા પરંતુ આજે ખેડૂતોની આવક બમણી થઈ નહીં પરંતુ ભાજપના લોકોને આવક 20 ગણી થઈ ગઈ.

## નખત્રાણા કેવી હાઈસ્કૂલ પાસે પોલીસનો સઘન બંદોબસ્ત, પરીક્ષા દરમિયાન ટ્રાફિક નિયંત્રણ માટે બેરીકેટ લગાવાયા



નખત્રાણા : નખત્રાણા ખાતે ધોરણ 10 અને 12 ની બોર્ડ પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને કેવી હાઈસ્કૂલ નજીક પોલીસ દ્વારા ટ્રાફિક વ્યવસ્થા વધુ સઘન બનાવવામાં આવી છે. પરીક્ષા કેન્દ્ર પાસે વિદ્યાર્થીઓની વધુ અવરજવર તેમજ મુખ્ય ધોરીમાર્ગ હોવાથી વાહનોની ઝડપ ઘટાડવા અને અકસ્માતોને અટકાવવા માટે બેરીકેટ લગાવી ટ્રાફિક નિયંત્રણ કરવામાં આવ્યું છે. આ બાબતે સ્થાનિક સ્તરે કરવામાં આવેલી રજૂઆતને ધ્યાનમાં લઈ નખત્રાણા પીઆઈ જેડી સરવૈયાએ તાત્કાલિક પગલાં લીધા હતા. તેમના માર્ગદર્શન હેઠળ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ખાસ ટ્રાફિક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. નખત્રાણા જમાદાર વિનોદભાઈ રાજગોર, ટ્રાફિક ઈન્ચાર્જ નિકુંજ ગઢવી તેમજ પોલીસ ટીમ દ્વારા પરીક્ષા સમયગાળા દરમિયાન અહીં સઘન બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. વાહનોની ઝડપ ઘટાડવા માટે માર્ગ પર બેરીકેટ મુકવામાં આવ્યા છે અને ટ્રાફિકને નિયમિત કરવામાં આવી રહ્યો છે.પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કામગીરીને લઈ સ્થાનિક લોકોએ સંતોષ વ્યક્ત કર્યો હતો અને વિદ્યાર્થીઓની સુરક્ષા માટે લીધેલા પગલાંની પ્રશંસા કરી હતી.

## મોટી બાંડી બાર ખાતે સરપંચ શ્રી (ટ્રસ્ટી ) મુન્નાભાઈ લબાના ની આગેવાનીમાં હોળી ધુળેટી પર્વ નિમિત્તે પરંપરાગત ગેરનો મેળો ભરાયો

દિપક રાવલ દાહોદ

મોટી બાંડીબાર ગામે આદિવાસી અને સ્થાનિક સંસ્કૃતિના પ્રતીક સમાન ગેરનો મેળો અત્યંત ઉત્સાહપૂર્વક યોજાયો હતો. સરપંચ શ્રી ( ટ્રસ્ટી) મુન્નાભાઈ લબાના ની સીધી દેખરેખ હેઠળ આ મેળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં મોટી સંખ્યામાં ચાંગી (પીરુણિયો ) ઢોલ, નંગારા, તાસા સાથે નાચ ગાન કરતા ખેલીયાઓ ઉમટી પડ્યા હતા . આ પ્રસંગે ગામના સરપંચ શ્રી અને પ્રથમ નાગરિક એવા મુન્નાભાઈ લબાના એ પણ થાળી અને ઢોલ વગાડીને પરંપરાગત રીતે હોળી ધુળેટી પર્વની ઉજવણી કરી હતી. યોજાયેલ લોકમેળાને લઈને લોકોએ આનંદ મઝા માણી હતી તાલુકા અને જિલ્લાના સૌ નાગરિકોને હોળી ધૂળેટીના પાવન પર્વની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી . સરપંચ શ્રી મુન્નાભાઈ લબાના દ્વારા મેળામાં આવતા લોકોની સુવિધા માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. મેળામાં પરંપરાગત હાટ-બજાર, ખાણી-પીણીના સ્ટોલ્સ અને બાળકો માટે મનોરંજનના સાધનો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જે લોક સંસ્કૃતિને ઉજાગર કરશે. સરપંચ શ્રી મુન્નાભાઈ લબાનાએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, 'મેળામાં આવતા દરેક દર્શનાર્થી અને મુલાકાતીને કોઈ તકલીફ ન પડે તે માટે પીવાના પાણી, પાર્કિંગ અને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ મેળો પરસ્પર ભાઈચારો અને સામાજિક એકતાનું પ્રતીક બની રહેશે. સ્થાનિક અગ્રણીઓ અને લબાના સમાજના કાર્યકરો પણ આ મેળાને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. મોટી સંખ્યામાં લોકોને આ મેળાનો લાભ લેવા માટે પંચાયત આયોજક સમિતિ દ્વારા પણ આહવાન કરવાં આવ્યું હતું. ગેરના મેળામાં જનમેદની ઉમટતા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવામાં આવ્યો હતો.

### ડભોઈ સ્ટેશન પર એન્જિનિયરીંગ કામ માટે બ્લૉકને લીધે કેટલીક ટ્રેનો રદ રહેશે

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના ડભોઈ સ્ટેશન પર નવા ફુટ ઓવર બ્રિજ (એફઓબી) ના ગર્ડર લોન્ચિંગ માટે એન્જિનિયરીંગ બ્લૉક લેવામાં આવશે. આ બ્લૉકને લીધે 07 માર્ચ અને 08 માર્ચ 2026 ના રોજ કેટલીક ટ્રેનો રદ રહેશે. જેમની વિગતો આ પ્રમાણે છે : પૂર્ણપણે રદ ટ્રેનો: 1. ટ્રેન નં. 69203 પ્રતાપનગર - એકતાનગર મેમૂ ટ્રેન 07 માર્ચ અને 08 માર્ચ ના રોજ રદ રહેશે.2. ટ્રેન નં.69204 એકતાનગર - પ્રતાપનગર મેમૂ ટ્રેન 07 માર્ચ અને 08 માર્ચ ના રોજ રદ રહેશે.3. ટ્રેન નં.59122 છોટાઉદેપુર - પ્રતાપનગર પેસેન્જર ટ્રેન 07 માર્ચ અને 08 માર્ચ ના રોજ રદ રહેશે.4. ટ્રેન નં. 59125 પ્રતાપનગર - છોટાઉદેપુર પેસેન્જર ટ્રેન 07 માર્ચ અને 08 માર્ચ ના રોજ રદ રહેશે. રેલવે યાત્રીઓને જણાવવામાં આવેછે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે.

## શ્રી સ્વામિનારાયણ જેતલપુરધામનાં રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજની પ્રાણપ્રતિષ્ઠાના ૨૦૦ વર્ષ નિમિત્તે ઐતિહાસિક દ્વિશતાબ્દી મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણીનું આયોજન

જેતલપુર : ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ સ્વહસ્તે જે નવ મંદિરો નિર્માણ કર્યા તેમાંનાં પાંચમાં જેતલપુરધામમાં રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરી તેને આગામી વિ. સ. 2082 ફાગણવદ આઠમ તા. 11-03-2026ના શુભમંગલ દિવસે 200 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. જેના ભાગરુપે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ. 1008 આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા મોટા મહારાજશ્રી પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી ભાવી આચાર્ય પ.પૂ.108 વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ પદે દ્વિશતાબ્દી પાટોત્સવની તા.05-03-2026 થી તા.11-03-2026 સુધી ધામધૂમથી ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, આજનો દિવસ આપણા સૌ માટે સૌભાગ્યની વાત છે કે સ્વામિનારાયણ મંદિર જેતલપુર કે જેની સ્થાપના સ્વયં સ્વામિનારાયણ ભગવાને કરી હતી, તેના દ્વીશતાબ્દિ મહોત્સવની ઉજવણી કરવા આપણે ઉપસ્થિત થયાં છીએ. સ્વામિનારાયણ સંપ્રદાય જ્યાં આધ્યાત્મિક ક્ષેત્રમાં કાર્ય કરે છે, ત્યાં સામાજિક ક્ષેત્રમાં પણ કલ્યાણના ઘણાં કાર્યક્રમો આયોજિત કરે છે. આ પ્રસંગે તેમણે પ્રાકૃતિક ખેતીની તેમની અનોખી પહેલ, આરોગ્ય ઉપર તેના સકારાત્મક પ્રભાવ વિશે પણ ઉપસ્થિત લોકોને જાણકારી આપીને પ્રાકૃતિક ખેતી અપનાવવા લોકોને આહ્વાન કર્યું હતું.

# અમદાવાદમાં ટ્રેન અડફેટે બેનાં મોત : આધેડના મોતથી પરિવારનું હૈયાફાટ રૂદન

અમદાવાદ | અમદાવાદમાં છેલ્લા 24 કલાકમાં એક જ રેલવે ટ્રેક પર ટ્રેન અડફેટે બે વ્યક્તિના મોતની ઘટના સામે આવી છે. જેમાં એક મૃતકની ઓળખ થઈ નથી જ્યારે બીજો મૃતક અખબારનગર વિસ્તારમાં રહેતા આધેડ હોવાનું સામે આવ્યું છે. આ મામલે વાડજ પોલીસે અકસ્માતે મોત નોંધી વધુ તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, આ બંને વ્યક્તિઓનું અકસ્માતે મોત થયું છે કે પછી આત્મહત્યા કરી છે. વાડજ પોલીસ દ્વારા આ બંને મામલે હાલ વધુ તપાસ કરવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ શહેરના અખબારનગર અંડરપાસ નજીક નારણપુરા આદર્શ પોલીસ ચોકી આવેલી છે. જ્યાંથી એક રેલવે ટ્રેક પસાર થઈ રહ્યો છે. આ રેલવે ટ્રેક પર ટ્રેન અડફેટે બે વ્યક્તિઓના મોત થયા છે. જેમાં ગઈકાલ રાત્રે એટલે કે, 3 માર્ચના રોજ રાત્રે એક વ્યક્તિ રેલવે ટ્રેક પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે ટ્રેન અડફેટે તેનું મોત થયું હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ઘટના અંગે સ્થાનિકોને જાણ થતા જ તેમણે તાત્કાલિક વાડજ પોલીસને જાણ કરી હતી. ત્યાર બાદ વાડજ પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. જ્યારે આજે 4 માર્ચના રોજ સવારના સમયે ફરી અખબારનગર વિસ્તારમાં આવેલા સ્વાતંત્ર્ય સેનાની નગરમાં રહેતા 50 વર્ષીય આધેડ જ્યારે રેલવે ટ્રેક પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે ટ્રેન અડફેટે તેમનું પણ મોત નિપજ્યું છે. જાણ કરવામાં આવતા વાડજ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર દોડી ગઈ હતી અને તપાસ હાથ ધરવામાં આવી હતી. બંને ઘટનામાં વાડજ પોલીસ દ્વારા અકસ્માતે મોત નોંધી તપાસ કરવામાં આવી રહી છે.

# મહિલા બુમો પાડતી રહી ને લુખ્ખાઓ ઘેરીને મારતા રહ્યા:હાથ સૂજી ગયા...

અમદાવાદ | અમદાવાદમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ જોવા મળી રહી છે દિન પ્રતિદિન જાહેરમાં મારામારીના બનાવો વધી રહ્યા છે. લાકડીઓ, દંડા અને તલવાર જેવા ઘાતક હથિયારો પર પ્રતિબંધ હોવા છતાં પણ જાહેર રોડ ઉપર મારામારીના બનાવો ઘટી રહ્યા નથી. જેની વચ્ચે 3 માર્ચની રાત્રે અમદાવાદના નોબલનગર વિસ્તારમાં ધ્રુજારી કંપાવી દે એવી ઘટના સામે આવી છે.

ચાર શખસો લાકડીઓ વડે બે મહિલા અને પુરુષ પર તૂટી પડ્યા હતા. બાઈકો પર આવેલા શખસો લાકડીઓ વડે એક વ્યક્તિને માર મારતા હતા, જેને બચાવવા માટે બે મહિલાઓ વચ્ચે આવી હતી. મહિલા યુવકને બચાવી રહી હતી છતાં પણ ચારેય યુવકો બેફામ લાકડીઓ વરસાવી રહ્યા હતા. આ મામલે સરદારનગર પોલીસ અને એરપોર્ટ પોલીસ હદનો નિર્ણય લઈ શકી નહીં. છેવટે એરપોર્ટ પોલીસ સ્ટેશનની હદ નક્કી થતા પોલીસે જયેશ રબારી, જયસુભાઈ અને પરેશ રબારી વિરૂદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરવા માટે દોડધામ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, નોબલનગરમાં દીપક ખંડવાણી નામના યુવક અને તેની માતા-બહેનને લાકડીઓથી બેફામ માર મારવાની ઘટના બની હતી. જોકે, આ ઘટનાના એક દિવસ અગાઉ એટલે કે 2 માર્ચ રોજ રાત્રે 12 વાગ્યા આસપાસ દીપકને લાકડીઓના ફટકા માર્યા હતા. જે ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. જે મામલે પણ સરદાર નગર પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. શહેરના કુબેરનગર વિસ્તારમાં એક બોર્ડમાં આવેલા એપલ ફ્લેટમાં દીપક ખંડવાણી તેમના પરિવાર સાથે રહે છે અને નવરંગપુરા લો ગાર્ડન ખાતે રેડીમેટ કપડાનો વેપાર કરે છે. દીપક ખંડવાણીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું હતું કે, સિંધી સમાજના ચેટીચંદના તહેવારમાં જુલુસમાં બે વર્ષ પહેલા બીજા સમાજના માણસો આવતા હોવાથી દીપક ખંડવાણીએ વિરોધ કર્યો હતો. જેથી કુબેરનગરના રબારીવાસમાં રહેતા જયેશ રબારીએ બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો. 2 માર્ચના રોજ રાત્રે 12 વાગ્યા આસપાસ કુબેરનગર જી બોર્ડ સર્કલ પાસે દીપક ખંડવાણી ઉભો હતો,

## ઝુંડાલ બ્રીજ પાસે બાઈકની ટક્કરે ચાલતાં જઈ રહેલાં વૃદ્ધનું મોત...

ગાંધીનગર : ગાંધીનગરના ઝુંડાલ ગામની સીમમાં ગત રવિવારે સાંજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં પૂરઝડપે આવતી મોટરસાયકલે એક રાહદારી વૃદ્ધને અડફેટે લેતા તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. અડાલજ પોલીસે આ મામલે બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેર તેમજ આસપાસમાં હાઈવે માર્ગો ઉપર અકસ્માતની ઘટનાઓ વધી રહી છે ત્યારે અડાલજ ચાંદખેડા માર્ગ ઉપર વધુ એક અકસ્માતની ઘટનામાં વૃદ્ધનું મોત થયું છે જે ઘટના સંદર્ભે પોલીસ સુત્રો માંથી મળતી વિગતો પ્રમાણે ઝુંડાલ ગામમાં રહેતા ૭૬ વર્ષીય બાબુભાઈ સોમાભાઈ પટેલ રવિવારે સાંજે આશરે સાડા સાત વાગ્યાના સુમારે ચાલીને ચાંદખેડા ખાતે પોતાની બહેનના ઘરે જમવા જઈ રહ્યા હતા. તેઓ જ્યારે અડાલજથી ઝુંડાલ બ્રીજ તરફ જવાના રોડ પર એલ.ઈ.ડી. લાઈટ કંપનીના શોરૂમ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે સામેથી પૂરઝડપે આવી રહેલી મોટરસાયકલના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી.

# નેપાળમાં ચૂંટણીના કારણે 60 ગુજરાતીઓ ફસાયા:ભારત પરત ફરવાનું હતું, અનેક મુસાફરો ટ્રેન-ફ્લાઈટ ચૂકી જશે...

અમદાવાદ | નેપાળમાં Gen Z આંદોલન બાદ આજે 5 માર્ચના રોજ સામાન્ય ચૂંટણી યોજાઈ છે. નેપાળમાં ચૂંટણીના કારણે દેશની બોર્ડર બંધ કરી દેવામાં આવેલી છે. ભારત-નેપાળની સૌનોલી બોર્ડર બંધ કરી દેવામાં આવતા 60 જેટલા ગુજરાતીઓ હાલ ત્યાં ફસાયેલા છે. તેઓ નેપાળથી આજે ભારત આવવાના હતા, પરંતુ ચૂંટણીના કારણે બોર્ડર બંધ કરવામાં આવી છે જેના કારણે બોર્ડર પર તેઓ ફસાઈ ગયા છે. 24 જેટલા લોકોની આજે ગુજરાત(અમદાવાદ) આવવા માટેની ફ્લાઈટ છે, પરંતુ નેપાળની બોર્ડરથી ભારતમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો નથી. જેના કારણે બોર્ડર નજીક હોટલમાં તેઓ ફસાઈ ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે સાંજે 5 વાગ્યે જ્યારે ચૂંટણી પૂર્ણ થશે ત્યારે જ બોર્ડર ખોલવામાં આવશે એવું નેપાળના અધિકારીઓએ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે.



અમદાવાદથી નેપાળ ગયેલા ભૂપેન્દ્ર શાહએ જણાવ્યું હતું કે નેપાળ ફરવા માટે ગયા હતા આજે ભારત પાછા આવવાના હતા, પરંતુ નેપાળમાં ચૂંટણીના કારણે બોર્ડર બંધ કરી દેવામાં આવી છે. ભારતના ઉત્તરપ્રદેશ પાસેની નેપાળને જોડતી સૌનોલી બોર્ડર પર અત્યારે 60થી વધારે ગુજરાતીઓ છે. અમદાવાદ-મહેસાણા સહિત અલગ અલગ શહેરોમાંથી નેપાળ આવેલા ગુજરાતીઓને આજે ગુજરાત પરત ફરવાનું છે, પરંતુ બોર્ડર બંધ છે જેના કારણે તેઓ ભારતમાં પ્રવેશ મેળવી શકતા નથી. બોર્ડર બંધ હોવાના કારણે કોઈપણ નાગરિકને ભારતમાં જવા દેવામાં આવતા નથી. જેથી બોર્ડર પાસે આવેલી હોટલમાં અત્યારે તેમને રહેવું પડ્યું છે. આજે અનેક લોકોની ફ્લાઈટ પણ છે. ભારતથી ગુજરાત જવા માટેની ફ્લાઈટ હોવાથી અનેક વખત રજૂઆત કરી, પરંતુ નેપાળ તરફથી ભારતમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો નથી. જેના કારણે લોકોને ખૂબ મોટું નુકસાન થશે. ગુજરાતના અને અમદાવાદના લોકોએ અપીલ કરી છે કે નેપાળની બોર્ડરથી તેમને ભારતમાં પ્રવેશ મળે એ પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે. જેનાથી તેઓ સમયસર પોતાના ઘરે પરત પહોંચી શકશે. ગુજરાતી સહિત જે લોકો ભારતના અલગ અલગ શહેરો અને રાજ્યોમાં રહે છે એવા લોકો પણ સૌનોલી બોર્ડર ઉપર ફસાઈ ગયા છે. ભારત-નેપાળની બોર્ડર સીલ કરી દેવામાં આવી હોવાના કારણે આજે સવારથી જ જે લોકોને ફ્લાઈટ અને ટ્રેન મારફતે પોતાના વતનમાં ઘરે પરત પહોંચવાનું છે તેઓ આજે પહોંચી શકશે નહીં.

# News Brief

## સાબરમતી નદીમાં ડૂબી જવાથી ચાર યુવકોના મોત નિપજ્યાં...

અમદાવાદ | અમદાવાદની સાબરમતી નદીમાં કુબેરનગર વિસ્તારના ચાર યુવકોના ડૂબી જવાથી મોત થયા છે. આજે 4 માર્ચના રોજ ધૂળેટીનો તહેવાર હોવાથી ચારેય યુવકો નદીમાં નાહવા માટે પડ્યા હતા, ત્યારે તેઓ ડૂબી ગયા હતા. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા ફાયરની ટીમ ઘટનાસ્થળ ઉપર દોડી ગઈ હતી.

જોકે, ફાયર વિભાગને ત્રણ યુવકો ડૂબ્યા હોવાનો મેસેજ મળ્યો હતો, પરંતુ ચાર યુવકોની લાશ મળી આવી હતી. જે મામલે પોલીસને જાણ કરવામાં આવાત રિવરફ્રન્ટ પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના કોતરપુર વોટર વર્કસ પાછળથી સાબરમતી નદી પસાર થાય છે. આજે ધુળેટીનો તહેવાર હોવાના કારણે કુબેરનગર વિસ્તારમાં રહેતા સાહિલ, પિયુષ, દુર્ગેશ અને સન્ની નામના મિત્રો સાબરમતી નદીમાં નાહવા માટે ગયા હતા. કોતરપુર વોટર વર્કસ પાછળ નદીમાં નાહવા માટે તેઓ પડ્યા હતા, ત્યારે અચાનક જ ડૂબવા લાગ્યા હતા. ત્યાંથી પસાર થતા એક વ્યક્તિ દ્વારા ત્રણ યુવકો ડૂબતા હોવાનું જોઈને તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી.

ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. ફાયરની ટીમ દ્વારા નદીમાં શોધખોળ હાથ કરવામાં આવી હતી જેમાં ત્રણની જગ્યાએ ચાર જેટલા યુવકો મળી આવ્યા હતા. ચારેય યુવકોના નદીમાં ડૂબી જવાથી મોત થયા હતા. 108 એમ્બ્યુલન્સને પણ જાણ કરવામાં આવી હતી. જેમણે તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ પણ ઘટનાસ્થળ ઉપર પહોંચી ગઈ હતી. ચારેય યુવકો કુબેરનગર વિસ્તારના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તેમના પરિવારજનોને પણ જાણ કરવામાં આવતા તેઓ ઘટનાસ્થળ ઉપર પહોંચ્યા હતા. પરિવારજનો પોતાના વ્હાલ સોયા દીકરાઓને મૃત હાલતમાં જોઈને રડી પડ્યા હતા.

## ગાંધીનગર ફાયર બ્રિગેડના જવાનો દેવદૂત બન્યા : ધૂળેટીએ નવજીવન આપ્યું...

ગાંધીનગર | હોળી અને ધૂળેટીના પવિત્ર પર્વની ઉજવણી વચ્ચે ગાંધીનગર ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની સમયસૂચકતા અને સતર્કતાને કારણે એક મોટી દુર્ઘટના ટળી હતી. સુઘડ નર્મદા કેનાલમાં આત્મહત્યાના ઈરાદે કૂદેલી મહિલાને ઓનડ્યુટી ફાયર જવાનોએ ગણતરીની મિનિટોમાં જ સહી સલામત બહાર કાઢી નવજીવન આપ્યું હતું.

હોળી અને ધૂળેટીના પવિત્ર પર્વની ઉજવણી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં માટે આ વખતે નદી અને કેનાલ વિસ્તારોમાં 26 ટીમો અને 52 જવાનો ખડેપગે તહેનાત કરવામાં આવ્યા હતા . ત્યારે ગઈકાલે સાંજે સુઘડ નર્મદા કેનાલ પાસે ફરજ પર તહેનાત ફાયરમેન રાકેશ કટારા અને હરેશ રાવળે એક મહિલાને કેનાલમાં કૂદતા જોઈ હતી. જેના પગલે સેકન્ડોનો પણ વિલંબ કર્યા વિના બંને જવાનોએ કેનાલના ધસમસતા પાણીમાં ઝંપલાવ્યું હતું. ભારે જહેમત બાદ મહિલાને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. રેસ્ક્યૂ બાદ મહિલાને 112 જનરક્ષક પોલીસ મોબાઈલને સોંપવામાં આવી હતી.

મહત્વનું છે કે, ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર રાજેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શહેરના તમામ જળાશયો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, રંગોનો આ તહેવાર કોઈ પરિવાર માટે માતમમાં ન ફેરવાય તે હેતુથી અમે 26 સ્પેશિયલ ટીમો બનાવી હતી. તારીખ 2થી 4 માર્ચ દરમિયાન સવારે ૯થી રાત્રે 8 વાગ્યા સુધી 52 જવાનો સતત પેટ્રોલિંગમાં હતા.

## દંપતીને અંધશ્રદ્ધાની જાળમાં ફસાવી 20.62 લાખ પડાવી લીધા

ગાંધીનગર | ગાંધીનગરના પેથાપુર પોલીસ મથકની હદમાં આવતા ટીંટોડા ગામના એક દંપતીને સંતાન પ્રાપ્તિની ઘેલછામાં અંધશ્રદ્ધાની જાળમાં ફસાવી 20.62 લાખ રૂપિયા પડાવી લેવાનો સનસનીખેજ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ સમગ્ર મામલે પત્નીના જ સગા કાકા અને અન્ય એક ભુવા સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની કલમો હેઠળ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના ટીંટોડા ગામમાં રહેતા 25 વર્ષીય યુવાનના લગ્ન આજથી પાંચેક વર્ષ અગાઉ કોલવડાની યુવતી સાથે સમાજના રીત રીવાજ મુજબ થયા હતાં. લગ્ન બાદ બંન્ને પતિ પત્ની ટીંટોડા ખાતે રહેતા હતાં. જોકે લગ્ન જીવનમાં સંતાન સુખ પ્રાપ્ત નહીં થતા દંપતીએ ઘણા ડોક્ટરોની દવા કરાવી હતી. તેમ છતા પરણિતાને પ્રેગ્નેન્સી રહેતી ન હતી. આથી તેણીના કાકા આનંદજી ધુળાજી ઠાકોર (રહે, ઢોલાવાળો વાસ કોલવડા ) ભુવો હોવાથી પતિ પત્ની તેના ઘરે એકાદ વર્ષથી માતાજીના દર્શન કરવાં જતું હતું.

આ બાબતનો ફાયદો ઉઠાવી કાકાજી સસરા સંતાન પ્રાપ્તીની લાલચ આપી હિંમતનગરના જેતોલ ગામના ભુવા ગેમરભાઈ રબારીનો સંપર્ક કરાવ્યો હતો. એ વખતે ગેમર ભુવાએ બાધા આપી સો ટકા સંતાન પ્રાપ્ત થવાની બાંહેધરી આપી હતી.

બાદમાં દંપતી દર રવિવારે સંતાન સુખની આશાએ ગેમર ભુવાને ત્યાં મંદિરે દર્શન કરવા જતા હતાં. તો ભુવો ગેમર દંપતીના ઘરે અવરનવાર પધરામણી કરવા જતો ત્યારે દંપતી પધરામણી પેટે રોકડા રૂ. 10થી 15 હજાર આપતા હતાં.

# પુરી સ્ટેશન પર બ્લૉકને લીધે ગાંધીધામ-પુરી આંશિક રદ રહેશે

પશ્ચિમ રેલવે
Western Railway

પુરી : પૂર્વ તટ રેલવેના ખુર્દા રોડ મંડળના પુરી સ્ટેશન પર પ્લેટફોર્મ અપગ્રેડેશનનું કામ કરવામાં આવી રહ્યું છે. આ કામ માટે 60 દિવસોનો બ્લૉક લેવામાં આવ્યો છે. આ કારણસર ગાંધીધામ-પુરી અઠવાડિક એક્સપ્રેસ ટ્રેનો આંશિક રદ રહેશે. વિગતો નીચે મુજબ છે : આંશિક રદ ટ્રેનો : ટ્રેન નંબર 12993 ગાંધીધામ-પુરી એક્સપ્રેસ 13, 20, 27 માર્ચ; 3, 10, 17, 24 એપ્રિલ; 1, 8 મે 2026 ના રોજ સાક્ષી ગોપાલ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. ટ્રેન નંબર 12994 પુરી-ગાંધીધામ એક્સપ્રેસ 16, 23, 30 માર્ચ; 6, 13, 20, 27 એપ્રિલ; 4, 11 મે 2026 ના રોજ સાક્ષી ગોપાલ સ્ટેશન થી શોર્ટ ઓરિજિનેટ થશે. ટ્રેન નંબર 22973 ગાંધીધામ-પુરી એક્સપ્રેસ 11, 18, 25 માર્ચ; 1, 8, 15, 22, 29 એપ્રિલ; 6, 13 મે 2026 ના રોજ સાક્ષી ગોપાલ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. ટ્રેન નંબર 22974 પુરી-ગાંધીધામ એક્સપ્રેસ 14, 21, 28 માર્ચ; 4, 11, 18, 25 એપ્રિલ; 2, 9, 16 મે 2026 ના રોજ સાક્ષી ગોપાલ સ્ટેશન થી શોર્ટ ઓરિજિનેટ થશે. યાત્રીઓને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનના સંચાલન સમય, રોકાણ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે ભારતીય રેલવેની અધિકૃત વેબસાઈટ www.enquiry.indianrail.gov.in નું અવલોકન કરો.

## આરપીએફ વડોદરા વિભાગની કાર્યવાહી માં સેંકડો લોકો દંડાયા

# રેલવે ટ્રેક ક્રોસિંગ સામે કડકાઈ ફેબ્રુઆરીમાં 871 કેસ નોંધાયા

(એજન્સી) વડોદરા । તા. 05

પશ્ચિમ રેલવેના વડોદરા વિભાગમાં રેલવે ટ્રેક પર થતા અકસ્માતોને રોકવા માટે રેલવે સુરક્ષા દળ (RPF) દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. રેલવે ટ્રેકને અનધિકૃત રીતે પાર કરવાની વધતી જતી ઘટનાઓને ગંભીરતાથી લઈને આરપીએફ દ્વારા ફેબ્રુઆરી મહિનામાં વ્યાપક ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત રેલવે ટ્રેક ક્રોસિંગ સામે કડકાઈ દાખવીને રેલવે સુરક્ષા દળ દ્વારા કુલ 871 વ્યક્તિઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીનો મુખ્ય હેતુ લોકોના જીવનની રક્ષા કરવાનો અને રેલવેના સંચાલનમાં આવતા અવરોધોને અટકાવવાનો છે.



વડોદરા વિભાગના રેલવે સુરક્ષા દળ દ્વારા ટ્રેકની આસપાસ વસવાટ કરતા લોકો અને મુસાફરો માટે ખાસ જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ આરપીએફના જવાનો ટ્રેક નજીક રહેતા સ્થાનિક નાગરિકોને મળીને તેમને ટ્રેક પાર કરવાના જોખમો વિશે સમજાવી રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, રેલવે સુરક્ષા દળના અધિકારીઓ લોકોને માત્ર અધિકૃત સમપાર ફાટક (લેવલ ક્રોસિંગ) અથવા નિર્ધારિત ફૂટ ઓવરબ્રિજ અને અંડરપાસનો જ ઉપયોગ કરવા આગ્રહ કરી રહ્યા છે. જે લોકો વારંવાર સૂચના આપ્યા બાદ પણ નિયમોનું ઉલ્લંઘન કરે છે, તેમની સામે કાયદાનો દંડો ઉગામવામાં આવી રહ્યો છે.

આરપીએફ વડોદરા વિભાગની કાર્યવાહી માં ફેબ્રુઆરી 2026 દરમિયાન નોંધપાત્ર કામગીરી જોવા મળી છે. માત્ર એક જ મહિનામાં 871 કેસ નોંધીને નિયમ તોડનારાઓ પાસેથી કુલ રૂ. 13 હજારનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આ આંકડા દર્શાવે છે કે હજુ પણ લોકો શોર્ટકટના ચક્કરમાં પોતાના જીવને જોખમમાં મૂકી રહ્યા છે. પકડાયેલા તમામ વ્યક્તિઓ વિરુદ્ધ રેલવે એક્ટની વિવિધ કલમો હેઠળ ગુના દાખલ કરવામાં આવ્યા છે. રેલવે પ્રશાસનનું કહેવું છે કે આ દંડ વસૂલવાનો હેતુ કમાણી કરવાનો નથી, પરંતુ લોકોમાં કાયદા પ્રત્યે ડર અને શિસ્ત ઉભી કરવાનો છે.

રેલવે ટ્રેકને ગેરકાયદેસર રીતે ક્રોસ કરવો એ રેલવે એક્ટ હેઠળ સજાપાત્ર ગુનો છે. આ ગુના માટે જેલની સજા અથવા દંડ અથવા બંનેની જોગવાઈ છે. આરપીએફના અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ વ્યક્તિ ગેરકાયદેસર રીતે રેલવે ટ્રેક ક્રોસ કરતા ઝડપાશે, તો તેની સામે રેલવે એક્ટ હેઠળ કેસ દાખલ કરી આકરી કાર્યવાહી કરવામાં આવશે. ખાસ કરીને રેલવે સ્ટેશનોના યાર્ડમાં અને આઉટર વિસ્તારોમાં જ્યાં ટ્રેનોની અવરજવર વધુ હોય છે, ત્યાં સુરક્ષા જવાનો દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. રેલવે એક્ટ હેઠળ દંડાત્મક પગલાં લેવાનો ઉદ્દેશ્ય ભવિષ્યમાં થનારી જાનહાનિ નિવારવાનો છે.

વડોદરા રેલવે વિભાગે તમામ નાગરિકોને હૃદયસ્પર્શી અપીલ કરી છે કે રેલવે ટ્રેક ક્રોસ કરવાની જોખમી પ્રવૃત્તિથી દૂર રહો. ઘણીવાર લોકો બે-પાંચ મિનિટ બચાવવા માટે ફૂટ ઓવરબ્રિજનો ઉપયોગ કરવાને બદલે પાટા ઓળંગવાનું પસંદ કરે છે. આ થોડો સમય બચાવવાની લાલચ જીવનનો અંત લાવી શકે છે. હાઈ-સ્પીડ ટ્રેનોના યુગમાં ટ્રેન ક્યારે અને કેટલી ઝડપે આવી જશે તેનો અંદાજ લગાવવો સામાન્ય નાગરિક માટે મુશ્કેલ હોય છે. રેલવે સુરક્ષા દળના મતે, મોટાભાગના અકસ્માતો માત્ર બેદરકારી અને શોર્ટકટ લેવાની માનસિકતાને કારણે જ સર્જાતા હોય છે.

વડોદરા વિભાગ દ્વારા રેલવે ટ્રેક ક્રોસિંગ સામે કડકાઈ ની સાથે-સાથે શિક્ષણ પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે. રેલવે ટ્રેકની આસપાસ આવેલી ઝુપડપટ્ટીઓ અને રહેણાંક વિસ્તારોમાં માઈક દ્વારા એનાઉન્સમેન્ટ કરવામાં આવી રહ્યું છે.

## વડોદરા મગર રેસ્ક્યુ જાંબુઆ અને સમા: શહેરમાં મગરોની લટારથી ભયનો માહોલ



વડોદરા | સંસ્કારી નગરી વડોદરામાં ફરી એકવાર વિશ્વામિત્રી નદીના મગરો રહેણાંક વિસ્તારોમાં આવી જવાની ઘટનાઓ સામે આવી છે. ગઈકાલે શહેરના બે અલગ-અલગ વિસ્તારોમાં જાહેરમાં મગરો લટાર મારતા જોવા મળતા સ્થાનિકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. જાંબુઆ વિસ્તારના એક ગાર્ડનમાં અને સમા વિસ્તારના મુખ્ય માર્ગ પર મગરો દેખાતા લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે, સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી અને વન વિભાગ તેમજ જીવદયા કાર્યકરો દ્વારા મગરનું સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. મકરપુરાના જાંબુઆ વિસ્તારમાં આવેલી ગોકુલેશ રેસીડેન્સી પાસેના ગાર્ડનમાં ગઈકાલે જ્યારે લોકો સાંજની લટાર મારી રહ્યા હતા, ત્યારે અચાનક એક મહાકાય મગર મેદાનમાં આવી ચઢ્યો હતો. મગરને જોઈને ગાર્ડનમાં રહેલા લોકોમાં ભારે નાસભાગ મચી હતી. આ અંગે જીવદયા કાર્યકર જયેશ પટેલને જાણ કરવામાં આવતા તેઓ પોતાની ટીમ સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. પોણો કલાકની જહેમત બાદ ટીમ દ્વારા મગરનું સલામત રીતે રેસ્ક્યુ કરી તેને વન વિભાગને સોંપવામાં આવ્યો હતો.

## રાજકોટ મહાપાલિકા રૂ. 470 કરોડના વિકાસકામો: છેલ્લી સ્ટેન્ડિંગમાં પ્રોજેક્ટ્સનો વરસાદ

(એજન્સી) રાજકોટ । તા. 05

રાજકોટ મહાનગરપાલિકાના વર્તમાન શાસકોનો કાર્યકાળ પૂર્ણ થવાને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે શહેરના વિકાસને વેગ આપવા માટે આજે સ્ટેન્ડિંગ કમિટીની છેલ્લી અને નિર્ણાયક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કુલ રૂ. ૪૭૦ કરોડના વિકાસકામોને બહાલી આપવામાં આવી છે. કમિટી સમક્ષ રજૂ કરાયેલી ૧૧૫ દરખાસ્તોમાંથી ૧૦૯ને મંજૂરી આપવામાં આવી છે, જ્યારે બિનજરૂરી જણાતા રૂ. ૯૦ કરોડના કામોને ચેરમેન દ્વારા અટકાવી દેવામાં આવ્યા છે. આ નિર્ણયથી રાજકોટના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જાહેર સુવિધાઓમાં મોટો બદલાવ જોવા મળશે.

આ બેઠકનો સૌથી મોટો નિર્ણય 'મુખ્યમંત્રી ગ્રીન રોડ યોજના' હેઠળ લેવાયો છે. શહેરના વેસ્ટ ઝોનમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ-૨ ને જોડતા રસ્તાઓને ફોર લેન બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે અગાઉ રૂ. ૧૨૦ કરોડ ફાળવવામાં આવ્યા હતા, પરંતુ રાજ્ય સરકારના નવા સૂચનો બાદ હવે રૂ. ૨૨૦.૮૨ કરોડના ખર્ચે આ અત્યાધુનિક 'ગ્રીન રિંગરોડ' વિકસાવવામાં આવશે. આ ઉપરાંત, રૈયા ગામથી સ્માર્ટ સિટી સુધીના ડીપી રોડ માટે પણ રૂ. ૧૮.૫૮ કરોડ મંજૂર કરાયા છે.

રાજકોટની સુરક્ષા અને રમતગમત ક્ષેત્રે પણ મહત્વના નિર્ણયો લેવાયા છે. રૂ. ૩૦ કરોડના ખર્ચે સ્ટાફ ક્વાર્ટર સાથેનું નવું અત્યાધુનિક ફાયર સ્ટેશન બનાવવામાં આવશે. મધ્ય રાજકોટની શાન ગણાતા જ્યુબિલી શાકમાર્કેટનું પણ રિનોવેશન કરવામાં આવશે. નાગરિકોના સ્વાસ્થ્ય માટે નવું આરોગ્ય કેન્દ્ર અને યુવાધન માટે નવા સ્પોર્ટ્સ સંકુલના નિર્માણને લીલીઝંડી મળી છે. વિકાસકામોની સાથે શાસકોએ પાલિકાના કર્મચારીઓનું પણ ધ્યાન રાખ્યું છે. તબીબી સહાયની રકમમાં ધરખમ વધારો કરવાની દરખાસ્તને મંજૂર કરવામાં આવી છે. આ ઉપરાંત, શહેરના તમામ ઓવરબ્રિજ અને અંડરબ્રિજના સમયાંતરે નિરીક્ષણ તેમજ રિપેરિંગ માટે સ્પેશિયલ કન્સલ્ટન્ટની નિમણૂક કરવાનો નિર્ણય લેવાયો છે, જેથી ભવિષ્યમાં બ્રિજની સુરક્ષા જળવાઈ રહે.

## વડોદરા મહિલા કોન્સ્ટેબલ આત્મહત્યા પ્રિયંકા પ્રજાપતિ: પીએસઆઈ બનવાનું સપનું રોળાયું

(એજન્સી) વડોદરા । તા. 05

વડોદરા પોલીસ વિભાગમાં ફરજ બજાવતા ૨૭ વર્ષીય મહિલા કોન્સ્ટેબલ પ્રિયંકા પ્રજાપતિએ ફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા સમગ્ર પોલીસ બેડામાં શોક અને ચકચાર વ્યાપી ગઈ છે. શહેરના કપુરાઈ પોલીસ મથકમાં કાર્યરત પ્રિયંકા તાજેતરમાં જ પીએસઆઈ (PSI) ની શારીરિક કસોટીમાં સફળતા મેળવી ચુક્યા હતા અને ઉચ્ચ અધિકારી બનવાનું તેમનું સપનું સાકાર થવાની દિશામાં હતું. જોકે, લેખિત પરીક્ષાની તૈયારીઓ વચ્ચે જ તેમણે ભરેલા આ આત્યંતિક પગલાએ અનેક સવાલો ઉભા કર્યા છે. મૂળ બનાસકાંઠાના વતની પ્રિયંકા પ્રજાપતિ વડોદરામાં આજવા રોડ પર રહીને પોતાની નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હતા. પીએસઆઈ બનવા માટે તેઓ તનતોડ મહેનત કરી રહ્યા હતા અને પ્રારંભિક શારીરિક કસોટી એટલે કે દોડની પરીક્ષામાં પણ ઉત્તીર્ણ થયા હતા. આગામી લેખિત પરીક્ષા માટેની તડામાર તૈયારીઓ વચ્ચે તેમણે અકળ કારણોસર પોતાના નિવાસસ્થાને પંખા સાથે દુપટ્ટો બાંધી જીવન ટૂંકાવી લીધું હતું.



આ ઘટનાની જાણ થતા જ બાપોદ પોલીસ મથકની ટીમ અને ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સયાજી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ બહાર મોટી સંખ્યામાં સાથી પોલીસ કર્મચારીઓ ઉમટી પડ્યા હતા. એક તેજસ્વી, મહેનતુ અને મિલનસાર સાથી ગુમાવતા સાથી જવાનોની આંખોમાં આંસુ હતા. પ્રિયંકાના સાથીદારોના જણાવ્યા મુજબ, તેઓ એક બાહોશ કર્મચારી હતા અને હંમેશા હસતા ચહેરે પોતાની ફરજ બજાવતા હતા.

## વડોદરા ધૂળેટી અકસ્માત પાંચના મોત: તહેવારનો આનંદ માતમમાં ફેરવાયો, અલગ-અલગ સ્થળોએ કરુણ અકસ્માતો

(એજન્સી) વડોદરા । તા. 05

વડોદરા જિલ્લામાં ધૂળેટીનો પર્વ માતમમાં ફેરવાયો છે. જિલ્લાના અલગ-અલગ તાલુકાઓમાં બનેલી પાંચ દુખદ ઘટનાઓમાં પાંચ વ્યક્તિઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. જેમાં કરંટ લાગવા, કેનાલ-નદીમાં ડૂબી જવા અને અચાનક ઢળી પડવા જેવા બનાવોનો સમાવેશ થાય છે. આ ઘટનાઓને પગલે જે-તે વિસ્તારોમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

ડેસર તાલુકાના સાંઢાસાલ ગામનો ૨૯ વર્ષીય જયદીપ ગોહીલ મિત્રો સાથે સાવલીના તુલસીપુરા ગામે ધૂળેટી રમવા ગયો હતો. કેસુડાના ફૂલ તોડવા ઝાડ પર ચઢતા સમયે વીજ લાઈનનો કરંટ લાગતા તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. અન્ય એક બનાવમાં આણંદના ૫૪ વર્ષીય સંદિપ અગ્રવાલ નાની વરણોલી પાસે મહી નદી કિનારે ધૂળેટી રમતી વખતે અચાનક ઢળી પડ્યા હતા, હોસ્પિટલ લઈ જતા તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

કરજણની ધાવટ ચોકડી પાસે રહેતો ૪૯ વર્ષીય રાજકુમાર ગર્ગ શીવવાડી કેનાલમાં ડૂબી જવાથી મોતને ભેટ્યો હતો. જ્યારે સેવાસીમાં રહેતો ૨૧ વર્ષીય આશિષ શ્યામકુમાર શર્મા ભીમપુરા-શેરખી નર્મદા કેનાલ પાસે મિત્રો સાથે મોબાઈલ જોતા ચાલતો હતો ત્યારે પગ લપસી જતાં કેનાલમાં ડૂબી ગયો હતો. ફાયર બ્રિગેડે લાશ બહાર કાઢી ગોત્રી હોસ્પિટલ ખસેડી હતી.

ભાયલીના સુથાર ફળિયામાં રહેતા ૫૮ વર્ષીય શાંતિલાલ પરમાર સાંજના સમયે નજીકના સ્ટોર પરથી દૂધ લઈને પરત ફરી રહ્યા હતા ત્યારે અચાનક ચાલતા ચાલતા પડી ગયા હતા અને તેમનું નિધન થયું હતું.

તહેવારના દિવસે બનેલી આ પાંચેય ઘટનાઓએ વડોદરા જિલ્લા પોલીસ અને વહીવટી તંત્રને હચમચાવી દીધું છે. પોલીસે આ તમામ કિસ્સાઓમાં અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાઓ તહેવારો દરમિયાન નાગરિકોને વધુ સાવચેત રહેવા અને ખાસ કરીને જળાશયો કે વીજ લાઈનો પાસે જોખમ ન ખેડવા માટે લાલબત્તી સમાન છે.

## વડોદરા ICICI બેન્ક જાલી નોટો રેકેટ: એક્સિસ અને પ્રાઈમ બાદ વધુ એક બેન્કમાં ડુપ્લિકેટ નોટો મળી




વડોદરા | સંસ્કારી નગરી વડોદરામાં જાલી નોટોનું ચલણ ચિંતાજનક રીતે વધી રહ્યું હોય તેમ જણાય છે. એક્સિસ બેન્ક અને પ્રાઈમ કો-ઓપરેટિવ બેન્ક બાદ હવે વાઘોડિયા રોડ પર આવેલી આઈસીઆઈસીઆઈ (ICICI) બેન્કની શાખામાં પણ ડુપ્લિકેટ નોટો મળી આવતા બેન્કિંગ ક્ષેત્રે ખળભળાટ મચી ગયો છે. અર્થતંત્રને પાયમાલ કરવાના ઈરાદે બજારમાં પધરાવવામાં આવતી આ નોટો હવે બેન્કોના કેશ ડિપોઝિટ મશીનો (CDM) સુધી પહોંચી ગઈ છે, જે પોલીસ અને સુરક્ષા એજન્સીઓ માટે પડકારરૂપ બન્યું છે. વાઘોડિયા રોડની ICICI બેન્કના કેશ ડિપોઝિટ મશીનમાં ગત ૧૪મી તારીખે રાત્રે ૧૦:૧૭ વાગ્યે એક અજાણ્યો શખ્સ રોકડ જમા કરાવવા આવ્યો હતો. મશીને અસલી નોટો સ્વીકારી લીધી હતી, પરંતુ રૂ. ૨૦૦ના દરની ૭ નોટો શંકાસ્પદ જણાતા તેને રિજેક્શન બોક્સમાં નાખી દીધી હતી. બેન્ક મેનેજરે તપાસ કરતા આ નોટો ડુપ્લિકેટ હોવાનું માલૂમ પડ્યું હતું.

## ગુજરાતમાં ધૂળેટીના પર્વ પર જળ હોનારત થી હાહાકાર

# ધૂળેટીમાં ડૂબી જવાથી મોતના સમાચાર કુલ આંકડો 31 થયો



(એજન્સી) વડોદરા । તા. 05

રંગોનો તહેવાર ગુજરાતના અનેક પરિવારો માટે કાળમુખો સાબિત થયો છે. ગઈકાલે રાજ્યભરમાં ધૂળેટીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી, પરંતુ નદીઓ અને કેનાલોમાં નહાવા પડવાની ઘેલછાએ ભારે કિંમત વસૂલી છે. અત્યાર સુધી પ્રાપ્ત વિગતો અનુસાર, ધૂળેટીમાં ડૂબી જવાથી મોતના સમાચારમાં કુલ આંકડો ૩૧ પર પહોંચી ગયો છે, જ્યારે હજુ પણ ૩ યુવાનો લાપતા હોવાથી સર્ચ ઓપરેશન ચાલુ છે. સુરત, વડોદરા, અમદાવાદ અને મહીસાગર સહિતના જિલ્લાઓમાં ખુશીનો માહોલ માતમમાં ફેરવાઈ ગયો છે. જ્યાં સવારે અબીલ-ગુલાલની છોળો ઉડતી હતી, ત્યાં સાંજે પરિવારોનો કરૂણ આક્રંદ સંભળાઈ રહ્યો હતો.

વડોદરા શહેરમાં નર્મદા કેનાલ ફરી એકવાર જીવલેણ સાબિત થઈ છે. ૪ માર્ચની સાંજે સમા-છાણી કેનાલમાં ૨૫ વર્ષીય અજય શર્મા તેના મિત્રો સાથે નહાવા ગયો હતો, જ્યાં પાણીના પ્રવાહમાં તે લાપતા થયો છે. ફાયર બ્રિગેડની ટીમો સતત બીજા દિવસે પણ તેની શોધખોળ કરી રહી છે. આવી જ બીજી ઘટનામાં ભીમપુરા ચેકપોસ્ટ પાસે ૨૫ વર્ષીય આશિષ વર્માનું ડૂબી જવાથી મોત નિપજ્યું છે, જેનો મૃતદેહ ફાયર વિભાગે ભારે જહેમત બાદ બહાર કાઢ્યો હતો. આ ઉપરાંત, ઉમેટા મહીસાગર બ્રિજ પાસે પણ એક અજાણ્યો શખ્સ નદીમાં ગરકાવ થયો હોવાના અહેવાલો છે, જેની શોધખોળ હજુ પણ ચાલુ છે.

હીરાનગરી સુરતમાં પણ સુરત અને વડોદરા નદી દુર્ઘટના જેવો જ માહોલ જોવા મળ્યો છે. તાપી નદીના ઉંડા પાણીમાં નહાવા ઉતરેલા બે યુવાનોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. સરથાણા નેચર પાર્કની પાછળ ત્રણ મિત્રો નદીમાં ઉતર્યા હતા, જેમાંથી એક યુવક બચી ગયો હતો, પરંતુ ૧૯ વર્ષીય જયદીપનો મૃતદેહ મળી આવ્યો છે. તેની સાથે ડૂબેલા ક્રિષ્ના નામના યુવકનો હજુ સુધી કોઈ પત્તો લાગ્યો નથી. મોટા વરાછા વિસ્તારમાં પણ એક ૩૦ વર્ષીય અજાણ્યા યુવકની લાશ મળી આવતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહીસાગર જિલ્લામાં પણ હૃદયદ્રાવક ઘટના બની છે, જ્યાં તળાવમાં નહાવા પડેલા ૪ યુવાનો કાળનો કોળિયો બન્યા છે. કોઠંબાના ધામણીયા વિસ્તારમાં આવેલા તળાવના ઉંડા પાણીનો અંદાજ ન આવતા ચારેય યુવકો ડૂબી ગયા હતા. ગુજરાતમાં ધૂળેટીના પર્વ પર જળ હોનારત ની તીવ્રતા એટલી હતી કે અમદાવાદમાં ૪, બારડોલીમાં ૪ અને માંડલમાં ૩ લોકોના મોત થયા છે. અરવલ્લી, મહેસાણા, કડી અને અમરેલીમાં પણ આવી જ દુર્ઘટનાઓ નોંધાઈ છે.

## પથ્થરના ઘા ઝીંકી હત્યા મામલે ન્યાયની માંગ સાથે કલ્પાંત

# રાજકોટ નેપાળી યુવકની હત્યા થી કેકેવી ચોકમાં ભારે સનસનાટી

(એજન્સી) રાજકોટ । તા. 05

રંગીલા રાજકોટમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ફરી એકવાર સવાલો ઉભા થયા છે. શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા કેકેવી ચોક નજીક ઓવરબ્રિજ નીચે ગત રાત્રે એક નેપાળી યુવકની પથ્થરના ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરવામાં આવી છે. આ કરૂણ ઘટનામાં ૩૩ વર્ષીય રાહુલ પ્રેમસિંગ વિશ્વકર્મા નામના યુવકે પોતાનો જીવ ગુમાવ્યો છે. ગત ૪ માર્ચની મોડી રાત્રે બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભય અને શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતકની બહેને હોસ્પિટલના બિછાને રડતી આંખે ન્યાયની ગુહાર લગાવી છે, જે દ્રશ્યોએ ઉપસ્થિત સૌ કોઈની આંખો ભીની કરી દીધી હતી.

મૃતક રાહુલ વિશ્વકર્મા શહેરના યુનિવર્સિટી રોડ પર આકાશવાણી ચોક પાસે આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં રહેતો હતો અને હોટલમાં વેઈટર તરીકે કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. રાત્રે ૧૦:૩૦ વાગ્યે તે હંમેશ મુજબ કામ પર જવાનું કહી ઘરેથી નીકળ્યો હતો, પરંતુ પરિવારને ખ્યાલ નહોતો કે રાહુલ સાથેની આ છેલ્લી મુલાકાત હશે. રાત્રે અંદાજે ૨:૩૦ વાગ્યાની આસપાસ કેકેવી ચોક બ્રિજ નીચેથી રાહુલની લોહીથી લથબથ લાશ મળી આવતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે રાહુલના છૂટાછેડા થઈ ગયા હતા અને તેની પુત્રી તેની માતા સાથે રહે છે.

પોલીસના ઉચ્ચ અધિકારીઓ અને એસીપી બી.જે. ચૌધરીના જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસમાં હત્યા પાછળનું કારણ ચોંકાવનારું બહાર આવ્યું છે. રાહુલે બ્રિજ નીચે ઉભેલા એક અજાણ્યા વ્યક્તિ પાસે ફોન કરવા માટે મોબાઈલ માંગ્યો હતો. આ સામાન્ય બાબતે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને મામલો એટલો બિચક્યો કે સામેની વ્યક્તિએ આવેશમાં આવી પથ્થર ઉપાડી રાહુલના માથા અને શરીરના ભાગે જીવલેણ ઘા ઝીંકી દીધા હતા. ગંભીર રીતે ઘાયલ રાહુલને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેણે દમ તોડ્યો હતો.



### બહેનનું કલ્પાંત: 'મારા ભાઈને ન્યાય આપો, આરોપીને સજા કરો'

રાજકોટ નેપાળી યુવકની હત્યા ના સમાચાર મળતા જ રાહુલનો પરિવાર સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. રાહુલની બહેન રિંકલ ગોહેલે મીડિયા સમક્ષ રડતાં-રડતાં હાથ જોડીને ન્યાયની માંગ કરી હતી. તેણે જણાવ્યું હતું કે, મારો ભાઈ બે દિવસથી ઘરે આવ્યો નહોતો, અમને લાગ્યું કે તે ક્યાંક ફરવા ગયો હશે. પરંતુ સવારે અચાનક પોલીસે ઘરે આવીને હત્યાના સમાચાર આપતા અમારા પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. બહેને આક્રોશ અને આક્રંદ સાથે આરોપીને કડકમાં કડક સજા કરવાની માંગ કરી છે. જુવાનજોધ દીકરાના મોતથી માતા સરસ્વતીબેન પર આભ તૂટી પડ્યું છે.

કેકેવી ચોક હત્યા કેસ પોલીસ તપાસ વેગવંતી બનાવતા માલવિયાનગર પોલીસ સ્ટેશનના પીઆઈ જે.આર. દેસાઈ અને તેમની ટીમે ટેકનિકલ સોર્સનો ઉપયોગ શરૂ કર્યો છે. પોલીસે ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસીને એક શકમંદ વ્યક્તિની અટકાયત કરી છે.

## શુદ્ધ જળમાં ઝેર ભેળવીને આર્થિક લાભ ગેંગ સક્રિય

# મહીસાગર નદી ઝેરી દવા માછલી-ઝીંગા મોત: જળચર જીવોના નરસંહારથી ખળભળાટ

(એજન્સી) વડોદરા । તા. 05

પવિત્ર મહીસાગર નદીના કિનારે આજે મોટી સંખ્યામાં મૃત માછલીઓ અને ઝીંગા મળી આવતા ભારે ચકચાર મચી ગઈ છે. સામાજિક કાર્યકરો અને સ્થાનિક ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે કેટલાક અસામાજિક તત્વો દ્વારા નદીના પાણીમાં ઝેરી દવા નાખીને માછલીઓ અને ઝીંગાનો શિકાર કરવામાં આવી રહ્યો છે. આ ગંભીર ઘટનાને પગલે ન માત્ર જળચર સૃષ્ટિ પર જોખમ ઊભું થયું છે, પરંતુ વડોદરા અને આણંદ જિલ્લામાં પીવાના પાણીની સુરક્ષા સામે પણ મોટા સવાલો ઊભા થયા છે. શિકારીઓ અત્યંત ચાલાકીથી પ્લાસ્ટિકની બોટલોમાં ઝેરી પ્રવાહી ભરી, તેમાં છિદ્રો પાડીને નદીમાં ફેંકી દે છે. રાત્રે ૯ થી ૧૦ વાગ્યાના અરસામાં દવા નાખવામાં આવે છે અને મધરાત બાદ જ્યારે માછલીઓ અને ઝીંગા બેભાન થઈ સપાટી પર તરે છે, ત્યારે તેમને એકત્ર કરી લેવામાં આવે છે. આ ઝેરી માછલીઓ બજારમાં વેચાતી હોવાની અને લોકો તેનો ખોરાક તરીકે ઉપયોગ કરતા હોવાની વિગતો બહાર આવી છે, જે જીવલેણ સાબિત થઈ શકે છે.



મહીસાગર નદીનું પાણી વડોદરા અને આણંદ જિલ્લાના અનેક વિસ્તારોમાં પીવા માટે સપ્લાય કરવામાં આવે છે. અનગઢ ગામના સરપંચ ધર્મેન્દ્રસિંહ ગોહિલે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું છે કે, ખાસ કરીને ફ્રેન્ચવેલ અને આરઓ પ્લાન્ટ નજીક જ આ પ્રકારની ઝેરી પ્રવૃત્તિ થઈ રહી છે. જો આ ઝેરી તત્વો પીવાના પાણીના સ્ત્રોતમાં ભળશે તો લાખો લોકોના જીવ જોખમમાં મુકાઈ શકે છે.

## માંજલપુર SBI ATM આગ વડોદરા

# એસી બ્લાસ્ટ બાદ ફાટી નીકળેલી આગથી કોમ્પ્લેક્સમાં નાસભાગ

(એજન્સી) વડોદરા । તા. 05

વડોદરાના માંજલપુર વિસ્તારમાં એક ભીષણ આગની ઘટનાને પગલે ભારે અફરાતફરી મચી ગઈ હતી. માંજલપુર ગામ પાસે આવેલા દેવી દર્શન કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ ફ્લોર પર સ્થિત સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI) ના એટીએમમાં અચાનક આગ ફાટી નીકળી હતી. એટીએમ સેન્ટરના એસીમાં શોર્ટ સર્કિટના કારણે બ્લાસ્ટ થયો હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. આગની જ્વાળાઓ ઉપરના માળ સુધી પહોંચતા રહેવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો અને લોકો જીવ બચાવવા માટે કોમ્પ્લેક્સની બહાર દોડી આવ્યા હતા.

સાંજના સમયે એટીએમ સેન્ટરમાં અચાનક એસી યુનિટમાં બ્લાસ્ટ થયો હતો, જેને પગલે જોતજોતામાં આગ આખા સેન્ટરમાં પ્રસરી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે તેની જ્વાળાઓ ઉપરના માળની બારીઓ સુધી પહોંચી હતી અને આસપાસની દુકાનોમાં કાળો ધુમાડો છવાઈ ગયો હતો. કોમ્પ્લેક્સના ઉપરના માળે રહેતા પરિવારોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો અને તમામ રહેવાસીઓ તાત્કાલિક સીડીઓ વાટે નીચે ઉતરી આવ્યા હતા.

વડોદરા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડની સમયસૂચકતાને કારણે આગ બાજુમાં આવેલી અન્ય દુકાનો સુધી ફેલાતા અટકી ગઈ હતી, જેનાથી મોટી જાનહાનિ અને માલહાનિ ટળી હતી. જોકે, એટીએમ મશીન અને કેબિનના ફર્નિચરને ભારે નુકસાન થયું છે. પ્રાથમિક તપાસમાં આગનું કારણ ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ હોવાનું મનાઈ રહ્યું છે.

આગને કારણે એટીએમમાં રહેલી રોકડ રકમને કેટલી અસર થઈ છે તે અંગે બેન્ક સત્તાવાળાઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે. અત્યારે કોમ્પ્લેક્સમાં પરિસ્થિતિ સામાન્ય છે, પરંતુ ભરચક વિસ્તારમાં બનેલી આ ઘટનાએ કોમર્શિયલ બિલ્ડિંગોમાં ફાયર સેફ્ટી અને ઈલેક્ટ્રિક ફિટિંગની ગુણવત્તા સામે ફરી સવાલો ઊભા કર્યા છે.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
FRIDAY • 06-03-2026

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**વૃષભ : બ. વ. ઉ.**

ફિટનેસ તથા વેટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે.

**મિથુન : ક. છ. ઘ.**

આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે.

**કર્ક : ડ. હ.**

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે.

**સિંહ : મ. ટ.**

તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે.

**તુલા : ર. ત.**

આજે તમારે અન્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવાની જરૂર પડશે પણ બાળકો સાથે થોડા વધુ ઉદાર થવું તમને મુશ્કેલી તરફ લઈ જશે. તમે રોમેન્ટિક વિચારો તથા ભૂતકાળના સપનાંમાં જ ગળાડૂબ રહેશો. આજે કામના સ્થળે દરેક બાબતમાં તમારો હાથ ઉપર રહે એવી શક્યતા છે.

**વૃશ્ચિક : ન. ય.**

ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

**મકર : ખ. જ.**

આજે તમે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ સંભાળી લેશો આ માટે તમારી ઈચ્છાશક્તિને વળતર અપાશે. લાગણીશીલ નિર્ણય લેતી વખતે તમારે તમારા મગજ પરનો કાબૂ ગુમાવવો નહીં. પરિવાર ના કોઈસભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. આજે તમે પ્રેમની પીડા અનુભવશો.

## મેળામાં મારામારી

### ડાંગ દરબાર મેળામાં બે પક્ષો વચ્ચે મારામારી:- યુવતી સાથે વાત કરવા બાબતે સામસામે ફરિયાદ

સુશીલ પવાર | ડાંગ

આહવા ખાતે યોજાયેલા ઐતિહાસિક ડાંગ દરબાર મેળામાં જૂની અદાવત અને યુવતી સાથેની વાતચીત બાબતે બે પક્ષો વચ્ચે અથડામણ થતા ચકચાર મચી જવા પામી છે.આ બનાવ અંગે આહવા પોલીસ મથકે બંને પક્ષો દ્વારા સામસામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પ્રથમ ફરિયાદ ગાયખાસ ગામના રહેવાસી અને કોલેજમાં અભ્યાસ કરતા વિશાલભાઈ સીતારામભાઈ ગાયકવાડે નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ, તારીખ 02/03/2026 ના રોજ તેઓ તેમના મિત્રો સાથે મેળામાં ફરતા હતા ત્યારે રાત્રિના સમયે પરબડી સર્કલ પાસે સુજલભાઈ સંજયભાઈ ઘુમારે અને તેના સાથીદારોએ તેમને આંતર્યા હતા.આરોપીઓએ અગાઉ પિપલ્યામાળ ગામની વર્ષા નામની યુવતી સાથે ફોન પર થયેલી બોલાચાલીની અદાવત રાખી વિશાલ અને તેના મિત્ર જીતેશ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં વિશાલને માથાના પાછળના ભાગે અને જીતેશને નાકના ભાગે ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે આહવા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ મામલે પોલીસે સુજલ ઘુમારે અને અન્ય અજાણ્યા ઈસમો વિરૂદ્ધ બી. એન.એસ.ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.બીજી તરફ, આહવા પટેલપાડાના રહેવાસી અને મજૂરી કામ કરતા વિશાલભાઈ જોષેફભાઈ પવારે સામી ફરિયાદ નોંધાવી છે. તેમણે જણાવ્યુ હતું કે, તેઓ જ્યારે બસ ડેપો પાછળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે પક્ષો વચ્ચે ઝઘડો થતો જોઈ તેઓ વચ્ચે છોડાવવા પડ્યા હતા. તે સમયે મારામારી દરમિયાન ગાયખાસ ગામના વિશાલભાઈ સીતારામભાઈ ગાયકવાડે તેમના હાથમાં પહેરેલા કડા વડે હુમલો કરતા વિશાલ પવારને જમણી આંખની બાજુમાં ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત યુવાનને તેના મિત્ર સુજલભાઈએ હોસ્પિટલ પહોંચાડ્યો હતો. આ મામલે પણ આહવા પોલીસે વિશાલ ગાયકવાડ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે. હાલમાં આ બંને ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### કૌશલ્ય વિકાસ સાથે રમતગમતની ભાવના વિકસે તે હેતુસર

# તરસાલી ITIમાં ત્રિ-દિવસીય સ્પોર્ટ્સ વીકની ભવ્ય ઉજવણી

(એજન્સી) વડોદરા । તા. 05

કૌશલ્ય વિકાસ સાથે રમતગમતની ભાવના વિકસે તે હેતુસર ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) તરસાલી ખાતે તાજેતરમાં વાર્ષિક ત્રિ-દિવસીય સ્પોર્ટ્સ વીકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તા.25 ફેબ્રુઆરીથી 27 ફેબ્રુઆરી 2026 દરમિયાન યોજાયેલા આ રમતોત્સવમાં સંસ્થામાં કાર્યરત 40થી વધુ વિવિધ ટ્રેડના 2000થી વધુ તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની ખેલપ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. સ્પોર્ટ્સ વીક દરમિયાન વોલીબોલ, ખો-ખો, રસ્સાખેંચ, બેડમિન્ટન, ગોળા ફેંક, સ્લો સાયકલિંગ, સંગીત ખુરશી, ડોઝ બોલ તેમજ કેરમ જેવી મેદાની અને ઈન્ડોર રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓએ ખેલદિલીપૂર્વક રમતોમાં ભાગ લઈ રમતગમત પ્રત્યેનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.આ રમતગમત સપ્તાહના સફળ સમાપન નિમિત્તે તા.2 માર્ચ 2026ના રોજ સંસ્થા ખાતે વિશેષ ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં વિવિધ સ્પર્ધાઓના વિજેતા તાલીમાર્થીઓને મેડલ અને ટ્રોફી એનાયત કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.






# વડોદરા કોર્પોરેશનની અંતિમ સ્ટેન્ડિંગ કમિટીમાં : રૂ.60 કરોડના કામો રજૂ

(એજન્સી) વડોદરા । તા. 05

વડોદરા કોર્પોરેશનની ચૂંટણીની ઘડીઓ ગણાઈ રહી છે અને વર્તમાન બોર્ડની મુદત તારીખ 9 માર્ચના રોજ પૂર્ણ થઈ રહી છે. તે અગાઉ લગભગ સ્ટેન્ડિંગ કમિટીની વર્તમાન બોર્ડની કહેવાથી આ સપ્તાહની બેઠકમાં એક ઝાટકે રૂપિયા 60 કરોડના કામ રજૂ કરી દેવામાં આવ્યા છે. જે પૈકી મોટાભાગના કામ વાર્ષિક ઈજારાના રજૂ કરવામાં આવ્યા છે. તા.6 માર્ચના રોજ મળનાર સ્ટેન્ડિંગ કમિટીમાં આ અંગેના અંતિમ નિર્ણય લેવામાં આવશે. કોર્પોરેશનમાં વર્તમાન બોર્ડનું બોર્ડની મુદત તારીખ 9 માર્ચના રોજ પૂર્ણ થવા જઈ રહી છે. ત્યારે સ્ટેન્ડિંગ કમિટીની કદાચ તારીખ 6ના રોજ મળનાર આ બેઠક લગભગ વર્તમાન બોર્ડની અંતિમ બેઠક હોઈ શકે છે. જો મ્યુનિસિપલ કમિશનર ઈચ્છે તો આગામી સપ્તાહના પ્રથમ દિવસે એટલે કે વર્તમાન બોર્ડની પૂર્ણ થનાર મુદતના અંતિમ દિવસે તા.9 માર્ચના રોજ હજુ વધુ એક સ્ટેન્ડિંગ કમિટી બોલાવી શકે છે. પરંતુ આ મામલે પડતર કામ અને ફાયદો પર ખૂબ આધાર રાખવામાં આવી રહ્યો છે અંતિમ સ્ટેન્ડિંગ કમિટીમાં એક ઝાટકે રૂ.60 કરોડના કામ રજૂ કરી દેવામાં આવ્યા છે. જે પૈકી મોટાભાગના વાર્ષિક ઈજારાના કામો કમિશનર દ્વારા રજૂ કરવામાં આવ્યા છે. વિવિધ કામની વાત કરીએ તો, પાણી પુરવઠાના રૂપિયા 12.50 લાખ, પશ્ચિમ ઝોનના રૂપિયા 1.61 કરોડ, મિકેનિકલના રૂપિયા 34.07 લાખ, આઈટી વિભાગના રૂપિયા 17.50 લાખ, ગાર્ડન વિભાગના રૂપિયા 1.20 કરોડ, રોડના રૂ.9.03 કરોડ, સ્ટ્રીટ લાઈટના રૂ.4.73 કરોડ, સોલિડ વેસ્ટના રૂપિયા 4.38 કરોડ, બ્રીજ શાખાના 3.49 કરોડ અને ફ્યુચરિસ્ટિક પ્લાનિંગ સેલના રૂ.6.34 કરોડના કામો રજૂ કરવામાં આવ્યા છે.

# ઈસ્કોનહરેકૃષ્ણ મંદિર ભાડજ ખાતે ગૌર પૂર્ણિમાની ધામધૂમથી થયેલ ઉજવણી

(એજન્સી) અમદાવાદ । તા. 05

જગતમાં શ્રી ચૈતન્ય મહાપ્રભુના થયેલ પાવન અવતરણની યાદગીરીરૂપે તા. 3 માર્ચ,2026મંગલવારના રોજ ઈસ્કોન હરેકૃષ્ણ મંદિર ભાડજ ખાતે ગૌર પૂર્ણિમાની ઉજવણી થઈ. શ્રી ચૈતન્ય મહાપ્રભુ પોતાની સ્વર્ણરૂપી કાયાને કારણે ગૌરાગાં તરીકે પણ પ્રસિધ્ધ છે. આ વર્ષે તેમની 540મી જન્મજયંતિ ઉજવવામાં આવી હતી. આ ઉત્સવ ગૌડીય વૈષ્ણવો માટે નવા વર્ષના પ્રારંભનુપણ નિરૂપણ કરે છે અને ભકતો રાત્રે ચંદ્ર પૂર્ણપણે ખીલી ઉઠે ત્યાં સુધી ઉપવાસ રાખે છે. જગતમાં હરિનામ સંકિર્તનનો પ્રારંભ સર્વ શકિતમાન ભગવાન શ્રીકૃષ્ણ સ્વંયમ થકી કરવા ઈચ્છતા હતા તેમજ સ્વંયમના ઉદાહરણ દ્વારા કેવી રીતે ભકિતમય સેવામાં સ્વયંએ સમર્પણ કરવું એ દર્શાવવા માંગતા હતા. આથી શ્રીમતી રાધારાની કે જે ભગવાનની સર્વોચ્ચ ભક્ત છે તેમના મનોભાવનો સ્વીકાર કરીને પોતે એક ભક્તરૂપે પ્રગટયા હતા. તેમના અવતરણના આ દિવસને ગૌરપૂર્ણિમા ઉત્સવ તરીકે દર વર્ષે ઉજવવામાં આવે છે. ભક્ત સમુદાય દ્વારા શ્રી ચૈતન્ય મહાપ્રભુ જેમણે જગતભરમાં




ભગવાન શ્રીકૃષ્ણના પવિત્ર નામનુ રટણ કરવાના ઉદેશનો પ્રસરાવ કર્યો એ ઉદેશનું નિરૂપણ કરતા હરિનામ સંકિર્તનનું રટણ દિવસ આખા દરમ્યાન કરવામાં આવ્યું.મંદિરનો દરેક ખૂણો હરેકૃષ્ણ મહામંત્રના આધ્યાત્મિક ધ્વનિતરંગોથી ગૂંજી ઉઠયો હતો અને ભકતોની આધ્યાત્મિકતાને વેગ મળતા તેમના ભગવાન પ્રત્યેના ભક્તિમય સમર્પણમાં ઉમેરો થયો હતો. બપોરના સમયે, ભગવાનશ્રીને 108 પ્રકારના વિવિધ વ્યંજનો સાથે રાજભોગ અર્પણ કરી આરતી ઉતારવામાં આવી. ત્યારબાદ મંદિરમાં ઉપસ્થિત સર્વ ભક્તોને રાજભોગનો પ્રસાદનો લાભ આપવામાં આવ્યો.શ્રી શ્રી નિતાઈ ગૌરાંગ (ભગવાન શ્રીચૈતન્ય અને શ્રી નિત્યાનંદા) ને સુંદર પૂષ્પોથી સુશોભિત પાલકીમાં મંદિરના અધિકારશ્રેત્રમાં વિહાર કરાવવામાં આવ્યો. ચૌતરફનું વાતાવરણ હરેકૃષ્ણ મંત્રના નાદથી અને ઢોલનગારાના અવાજથી ગૂંજી ઉઠ્યું હતું. પાલકી ઉત્સવ બાદ ભગવાનશ્રી નો ભવ્ય અભિષેક કરવામાં આવ્યો જેમાં તેમને વિવિધ તત્વો જેવા કે દૂધ, દહીં, ઘી, મધ, ગોળનું પાણી, ફળોના રસ, અને 7 પવિત્ર નદીઓમાંથી એકત્ર કરેલ જળના 108 કળશ દ્વારા અભિષેક કરવામાં આવ્યો. અભિષેક દરમ્યાન ગૌરઆરતીભજન ગાઈને ખાસ આરતી ઉતારવામાં આવી. પછી ભગવાનશ્રીને 108 પ્રકારના વિવિધ પ્રકારના વ્યંજનો-મિષ્ટાનનો ભોગ ધરાવવામાં આવ્યો. ભક્તોએ ભગવાન ગૌરાંગ મહાપ્રભુ અને નિત્યાનંદ પ્રભુ સમક્ષ હરિનામ સંકીર્તન કરી વિશ્વશાંતિ અને સર્વના કલ્યાણ માટે પ્રાર્થના કરી. ઉત્સવના અંતમાં અતિભવ્ય મહા આરતી પણ કરવામાં આવી હતી.

### સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા

## ઉનાળુ કઠોળ જેવા કે મગ, ચોળી, ગુવારના પાકમાં સંકલિત રોગ-જીવાત નિયંત્રણ માટે વિસ્તૃત માર્ગદર્શિકા જાહેર

માહિતી બનાસકાંઠા

રાજ્યના ખેડૂતો માટે ઉનાળુ સીઝન એ મગ, ચોળી અને ગુવાર જેવા કઠોળ પાકો લેવા માટેની ઉત્તમ ઋતુ છે. પરંતુ વધતા તાપમાન અને બદલાતા વાતાવરણમાં પાકને રોગ અને જીવાતોથી બચાવવો એ એક મોટો પડકાર હોય છે. ખેડૂતોની આ ચિંતાને દૂર કરવા અને ગુણવત્તાયુક્ત ઉત્પાદન સુનિશ્ચિત કરવા માટે સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા એક વિસ્તૃત સંકલિત રોગ-જીવાત નિયંત્રણ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ માર્ગદર્શિકામાં બિયારણની માવજતથી લઈને પાક લણણી સુધીના વૈજ્ઞાનિક ઉપાયો દર્શાવવામાં આવ્યા છે, જેનો અમલ કરીને ખેડૂતો ખર્ચ ઘટાડીને વધુ નફો મેળવી શકે છે. આ માર્ગદર્શિકામાં જણાવ્યા અનુસાર ખેડૂતોએ રોગ પ્રતિકારક જાતોનું વાવેતર કરવું જોઈએ. મગ અને ગુવારમાં બેક્ટેરીયલ બ્લાઈટ રોગના નિયંત્રણ માટે બિયારણને સ્ટ્રેપ્ટોમાયસીન સલ્ફેટ ૨૫૦ પીપીએમના દ્રાવણમાં ૩૦ મિનિટ સુધી બોળી રાખીને સુકાયા પછી વાવણી કરવી તેમજ પાક પર રોગની શરૂઆત થયે સ્ટ્રેપ્ટોસાયક્લીન ૧ ગ્રામને ૧૦ લિટર પાણીમાં અથવા કસુગામાઈસીન ૫ ટકા અને કોપર ઓક્સીક્લોરાઈડ ૪૫ ટકા વે.પા. ૧૫ ગ્રામને ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો જોઈએ. આ ઉપરાંત ચૂસિયા જીવાતોના નિયંત્રણ માટે લીમડાનું તેલ ૩૦ મી.લી. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. સફેદમાખી, તડતડીયાં, લીફ વેબર જેવી ચૂસિયા જીવાતોનો વધુ ઉપદ્રવ જણાયેથી રાસાયણિક નિયંત્રણ માટે ઈમીડાક્લોપ્રીડ ૧૭.૮ એસ.એલ. ૩ મી. લી./૧૦ લિટર અથવા થાયોમેથોક્ઝામ ૨૫ ડબલ્યુ.જી ૪ ગ્રામ/૧૦ લિટર અથવા એસીફેટ ૭૫ ટકા એસ.પી. ૧૦ ગ્રામ/૧૦ લિટર પ્રમાણે છંટકાવ કરવો જોઈએ. વધુમાં, શિંગ કોરી ખાનાર ઈયળના રાસાયણિક નિયંત્રણ માટે સ્પીનોસાડ ૪૫ એસ.સી. ૧.૬ મી.લી/૧૦ લિટર અથવા ઈમાબેક્ટીન બેન્ઝોએટ ૫ એસ.જી. ૩ ગ્રામ/૧૦ લિટર પ્રમાણે પ્રથમ છંટકાવ ૫૦ ટકા ફૂલ અવસ્થાએ જ્યારે જરૂર જણાય તો ૭-૧૦ દિવસ બાદ બીજો છંટકાવ કરવો જોઈએ. આ ઉપરાંત ભૂકી છારો રોગની શરૂઆત થયેથી હેક્ઝાકોનાઝોલ ૫ ઈ.સી ૧૦ મી.લી. અથવા વેટેબલ સલ્ફર ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો ત્યારબાદ ૧૫ દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા જોઈએ.પાનનાં ટપકાંનો રોગ-સરકોસ્પોરાની શરૂઆત થયેથી હેક્ઝાકોનાઝોલ ૫ ઈ.સી. ૧૦ મી.લી. અથવા કાર્બેન્ડેઝીમ ૫૦ ટકા વે.પા. ૫ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી ૧૨ દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા. આ ઉપરાંત પીળો પચરંગીયો રોગના લક્ષણ જોવા મળે ત્યારે સફેદમાખી કે મોલોમશીના નિયંત્રણ માટે ભલામણ કરેલી શોષક પ્રકારની જંતુનાશક દવા છાંટવી જોઈએ.

# ગણદેવીની કલવાચ પ્રાથમિક શાળાને ગ્રામજનોએ માર્યા તાળા

### નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના કલવાચ ગામે શિક્ષણના સ્તર અને શિક્ષિકાના વર્તનને લઈને ગ્રામજનોનો રોષ ફાટી નીકળ્યો છે

(એજન્સી) નવસારી । તા. 05

નવસારીના ગણદેવી તાલુકાના કલવાચ ગામે ગ્રામજનોએ ફરી એકવાર પ્રાથમિક શાળાને તાળાબંધી કરી શિક્ષણ કાર્ય ઠપ્પ કરી દીધું છે. શાળામાં કાર્યરત શિક્ષિકા રૂપાબેન દ્વારા વિદ્યાર્થીઓના શિક્ષણ પ્રત્યે સતત બેદરકારી દાખવવામાં આવતી હોવાના આક્ષેપ સાથે ગ્રામજનોએ આક્રમક વલણ અપનાવ્યું છે. આ વિરોધ એટલો ઉગ્ર હતો કે ગ્રામજનોએ અન્ય શિક્ષકોને પણ શાળામાં પ્રવેશવા દીધા ન હતા અને વહેલી સવારથી જ મુખ્ય ગેટ પર તાળા જડી દીધા હતા.


હાલમાં કલવાચ ગામના લોકો એક જ માંગ પર અડગ છે કે જ્યાં સુધી વિવાદાસ્પદ શિક્ષિકાની



બદલી કરવામાં ન આવે ત્યાં સુધી શાળાના તાળા ખોલવામાં આવશે નહીં. સરકારી આશ્વાસનોથી કંટાળેલા ગ્રામજનો હવે લેખિત ઓર્ડરની રાહ જોઈ રહ્યા છે. શાળા બંધ રહેવાને કારણે નાના બાળકોના શિક્ષણ પર અસર પડી રહી છે, ત્યારે શિક્ષણ વિભાગ આ મામલે કેટલી ઝડપથી હસ્તક્ષેપ કરે છે તે જોવાનું રહેશે. ગ્રામજનોનો મુખ્ય આક્ષેપ છે કે શિક્ષિકા રૂપાબેન વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ આપતા નથી અને તેમનું વર્તન પણ અયોગ્ય છે. નોંધનીય છે કે આ અગાઉ પણ આ જ મુદ્દે હોબાળો થયો હતો, ત્યારે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા શિક્ષિકાની બદલી કરવાની ખાતરી આપી ગ્રામજનોને આશ્વાસન આપવામાં આવ્યું હતું. જોકે, લાંબો સમય વીતવા છતાં બદલીની પ્રક્રિયા ન થતા અને શિક્ષિકાના વર્તનમાં કોઈ સુધારો ન આવતા વાલીઓ અને ગ્રામજનો ફરીથી વિફર્યા છે.

## ધોરણ-૧૨ (HSC) સામાન્ય પ્રવાહના કુલ 1457 વિદ્યાર્થીઓએ મનોવિજ્ઞાન વિષયની પરીક્ષા આપી

રાજપીપલા : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સમગ્ર રાજ્ય સહિત નર્મદા જિલ્લામાં ધોરણ-10 (SSC) અને ધો. 12 (HSC)ની જાહેર પરીક્ષાઓ જિલ્લામાં શાતિપૂર્ણ




માહોલમાં ચાલી રહી છે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના પરીક્ષા કંટ્રોલ રૂમ તરફથી પ્રાપ્ત થયેલા અહેવાલો મુજબ એચ.એસ.સી.ની સામાન્ય પ્રવાહના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં મનોવિજ્ઞાન વિષયમાં નોંધાયેલા કુલ 1476 વિદ્યાર્થીઓ પૈકી 1457 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે 19 વિદ્યાર્થીઓની ગેરહાજરી નોંધાઈ હતી.

# બાવાના પીપળવા ગામે ૮ સિંહણ દેખાઈ

કિશોર આર. સોલંકી જાફરાબાદ

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના બાવાના પીપળવા ગામમાં છેલ્લા કેટલાક દિવસોથી સિંહોની અવરજવર વધી છે. ગીર જંગલથી આશરે ૩૦ કિલોમીટર દૂર આવેલા આ ગામમાં એક સાથે આઠ સિંહણોનું ટોળુંદેખાતા ગ્રામજનોમાં ભય અને આશ્ચર્યનો માહોલ સર્જાયો છે. મોડી રાત્રિના સમયે સિંહણોનું આ ટોળું ગામની સીમમાં પ્રવેશ્યું હતું. તેમણે ગામની આસપાસ લટાર મારી એક પશુનું મારણ કર્યું હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાની જાણ સવાર થતાં જ સમગ્ર ગામમાં ફેલાઈ ગઈ હતી.સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, બાવાના પીપળવા ગામ અને આસપાસના વિસ્તારોમાં સિંહોના આંટાફેરા વધ્યા છે. રાત્રિના સમયે તેઓ ક્યારેક ખેતરોમાં તો ક્યારેક ગામની નજીક જોવા મળે છે. એક સાથે આઠ સિંહણો દેખાવાની ઘટના ખાસ કરીને લોકોને અચંબામાં મૂકી દે



તેવી છે. સામાન્ય રીતે સિંહો જંગલ વિસ્તારમાં રહેતા હોય છે, પરંતુ હવે તેઓ ગીર જંગલથી દૂર માનવ વસાહતો તરફ આવી રહ્યા છે. આના કારણે ગ્રામજનોમાં ચિંતા વધી છે. કેટલાક ગ્રામજનો તો એવું પણ કહી રહ્યા છે કે જાણે સિંહોએ ગીર છોડીને પીપળવા ગામને જ પોતાનું નવું રહેઠાણ બનાવી લીધું હોય. આ ઘટના અંગે સ્થાનિક વન વિભાગને જાણ કરવામાં આવી છે. વન વિભાગની ટીમે સિંહોની હિલચાલ પર નજર રાખવાની કામગીરી હાથ ધરી છે. સાથે જ ગ્રામજનોને સાવચેત રહેવા માટે સૂચનાઓ પણ આપવામાં આવી રહી છે.વન વિભાગના અધિકારીઓના મતે, ગીર અને આસપાસના વિસ્તારોમાં સિંહો ની સંખ્યા વધતા તેઓ ક્યારેક ખોરાકની શોધમાં અથવા નવા વિસ્તારની શોધમાં માનવ વસાહતોની નજીક આવી જતા હોય છે. હાલમાં બાવાના પીપળવા ગામમાં સિંહોની હાજરીને કારણે લોકોમાં ભય અને ચર્ચાનો માહોલ પ્રવર્તી રહ્યો છે.


# વિસાવદરના હસનાપુર ગામના ખેડૂતોને સરકારની એક પણ સહાય મળતી નથી

(એજન્સી) વિસાવદર । તા. 05

દેશ આઝાદ થયો તેના 75 વર્ષ બાદ આજે પણ ગુજરાતમાં વિસાવદર તાલુકાનું હસનાપુર 1700થી વધુની વસ્તી ધરાવતું એક એવું ગામ છે જ્યાંના એક પણ ખેડૂતને સરકારી સહાય કે કોઈ યોજનાઓનો લાભ મળતો નથી.જૂનાગઢ જિલ્લાનું એક એવું ગામ કે જે રેવેન્યુમાં નથી આવતું કારણ કે તે વન વિભાગના સેટલમેન્ટ હસ્તક આવે છે. જંગલ બોર્ડર વિસ્તારનું ગામ એટલે વિસાવદર તાલુકાનું હંસનાપુર ગામ.1700ની વસ્તી ધરાવતું હસનાપુર ગામમાં વિકાસથી વંચિત છે, સુવિધાના નામે મીંડું છે, જ્યાં પાણી, રસ્તા, આરોગ્ય અને વીજ પુરવઠાને લઈને મોટી સમસ્યા છે. આ વિસ્તાર એ ખેતી વિસ્તાર છે અહીં મોટાભાગના લોકો ખેતી સાથે સંકળાયેલા છે પરંતુ જ્યારે પણ પાક નુકસાની થાય ત્યારે ખેડૂતોને એક રૂપિયાનું પણ વળતર મળતું નથી કારણ કે તે રેવન્યુમાં ન આવતા હોવાથી ખેડૂતોને સરકારની યોજનાનો લાભ નથી મળતો...ગામડે ગામડે ખેડૂતોને ખેતી માટે દિવસે વીજળી આપવામાં આવી રહી છે તેવા સરકાર દ્વારા દાવા કરાય છે પરંતુ હસનાપુર ગામના ખેડૂતોને હજુ મોંઘા ભાવનું ડીઝલ લઈ પંપ આધારિત ખેતી કરવા મજબૂર બનવું પડી રહ્યું છે. આ વિસ્તાર જંગલને અડીને આવેલો હોવાથી ત્યાં વીજળી આપવામાં આવતી નથી તેવો દાવો કરવામાં આવી રહ્યો છે પણ સેટલમેન્ટના અન્ય ગામોમાં વીજળીની સુવિધા આપવામાં આવી રહી છે.સેટલમેન્ટનું ગામ હોવાથી ગામમાં તમામ વહીવટ સરપંચની જગ્યાએ વન ફોરેસ્ટર દ્વારા કરવામાં આવે છે. જમીની ૭/૧૨, જન્મ-મરણના દાખલા સહિતની તમામ કામગીરી વહીવટી તંત્રને બદલે ફોરેસ્ટર દ્વારા કરવામાં આવે છે..હસ્નાપુરના ખેડૂતો રોષભેર સવાલ ઉઠાવે છે કે શું અમે પાકિસ્તાનમાં કે અન્ય દેશમાં રહીએ છીએ? ખેડૂતોની પાસેથી વિઘોટી લેવામાં આવે છે, અન્ય ખેડૂતની જેમ તેઓ ખેતી કરે છે છતાં આ અન્યાયમાંથી કેટલાં વર્ષો પછી બહાર કાઢવામાં આવશે તેવા સવાલો ઉઠી રહ્યા છે. આ તમામ ગામડાંઓ હજુ પણ વન વિભાગના કાયદાના લીધે ૧૮મી સદી જેવી હાલતમાં છે. સરકાર નળ સે જળ ની યોજનાની વાત કરી રહ્યું છે પરંતુ આ ગામની મહિલાઓને જળ માટે ગામના સીમાડે નદી કાઠે જવું પડે છે. આ ગામની અંદર લોકોને ઘર ઘરમાં નળ નથી આપવામાં આવ્યા પરંતુ ગામમાં ચાર ડંકીઓ આવેલી છે અને જો તે ડંકીમાં પાણીના તળ નીચા ઉતરી ગયા હોય તો મહિલાઓને ગામથી દૂર જંગલ વિસ્તારમાં આવેલી નદી કાંઠે પાણી ભરવા જવું પડે છે તે પણ ભય ના માહોલ વચ્ચે કારણકે જંગલ વિસ્તાર હોવાથી સિંહ દીપડા સહિતના અનેક વન્ય પ્રાણીઓની અવરજવર દરરોજ રહે છે. જ્યારે મહિલાઓ જીવના જોખમે પાણી ભરવા જાય છે જ્યારે સરકાર પાસે તેમની માંગ છે કે વહેલી તકે તમામ સમસ્યાઓનો ઉકેલ લાવી અને તેમના ગામને રેવન્યુમાં સમાવેશ કરે.હસનાપુર ગામની સ્થિતિ અંગે ઉઠેલા પ્રશ્નોને લઈને મામલતદારે સ્પષ્ટતા આપી છે. તેમણે જણાવ્યું કે હસનાપુર ગામ વન વિભાગ હેઠળના સેટલમેન્ટ વિસ્તારમાં આવે છે અને તાજેતરના ભારે વરસાદ બાદ સહાય ન મળતા ખેડૂતો રોષ ભરાયા હતા.

### હોળી-ધુળેટી પર્વની ઉજવણી નિમિત્તે

## રાજુલા સ્વામિનારાયણ મંદિરમાં કેશુડાનો અદભૂત શણગાર કરવામાં આવ્યો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા સ્થિત જૂના સ્વામિનારાયણ મંદિર, રાજુલા ખાતે કેશુડાના ફૂલોથી આકર્ષક અને ભાવભીનુ શણગાર કરવામાં આવ્યો હતો. મંદિર પરિસર રંગબેરંગી કેશુડાના ફૂલોની સુગંધ અને શોભાથી ઝગમગી ઉઠ્યું હતું.કોઠારી શ્રીનારાયણદાસજી સ્વામી ની પ્રેરણાથી આ વિશેષ શણગાર યોજાયો હતો. શણગારની રચના અને કલાત્મક કામગીરી શ્રી સહજાનંદ ગ્રુપ, રાજુલા દ્વારા કરવામાં આવી હતી. હોળી-ધુળેટી નિમિત્તે કરવામાં આવેલા આ અનોખા શણગારે ભાવિક ભક્તોને આકર્ષ્યા હતા અને મોટી સંખ્યામાં ભક્તજનો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું. વિશેષ નોંધનીય છે કે શ્રી સહજાનંદ ગ્રુપ રાજુલા દ્વારા નવરાત્રી, રામનવમી, જન્માષ્ટમી જેવા વિવિધ તહેવારો પ્રસંગે હંમેશા સર્જનાત્મક કૃતિઓ અને આકર્ષક શણગાર કરવામાં આવે છે. દરેક તહેવારે ગ્રુપ દ્વારા ભક્તિભાવ સાથે અનોખી કલાત્મક રજૂઆત કરવામાં આવતી હોવાથી તેઓ હંમેશા અગ્રેસર રહ્યા છે.

# શેરબજારમાં તેજી, સેન્સેક્સમાં 899 પોઇન્ટનો ઉછાળો

## સેન્સેક્સના બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એલ એન્ડ ટી અને એચડીએફસી બેંક સૌથી વધુ વધ્યા



(એજન્સી) મુંબઈ । તા. 05

શેરબજારમાં સતત 4 દિવસના ઘટાડા બાદ લીલા નિશાનમાં શેરબજાર બંધ થયુ છે. સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં તેજી જોવા મળી છે. સેન્સેક્સ 899 પોઈન્ટના ઉછાળા સાથે 80,015 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી 285.40 પોઈન્ટના વધારા સાથે 24,765.90 અંકે બંધ થયો. સેન્સેક્સ વીકલી એક્સપાયરી પર બજારમાં તેજી જોવા મળી છે. સેન્સેક્સ અને નિફ્ટી તેજી સાથે બંધ થયા. આઈટીને છોડીને તમામ સેક્ટર ઈન્ડેક્સ વધારા સાથે બંધ થયા. મિડકેપ અને સ્મોલ કેપ શેરમાં ખરીદી રહી. જ્યારે મેટલ, પીએસઇ અને એનર્જી શેરમાં ખરીદી રહી. ફાર્મા, ઓટો, તેલ, ગેસ ઈન્ડેક્સ વધારા પર બંધ થયા. જ્યારે રૂપિયો 55 પૈસા મજબૂત થઈને 91.60 પ્રતિ ડોલર પર બંધ થયો. ટેકનોલોજી શેરોના નેતૃત્વમાં બુધવારે યુએસ શેરબજાર ઊંચકાયું હતું. ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 238.14 પોઈન્ટ અથવા 0.49 ટકા વધીને 48,739.41 પર બંધ થયું. આનાથી ત્રણ દિવસની ઘટાડાનો સિલસિલો તૂટી ગયો, જે તેના ત્રણ દિવસના ઘટાડાનો સિલસિલો સમાપ્ત થયો. S&P 500 0.78 ટકા વધીને 6,869.50 પર બંધ થયો, જ્યારે નાસ્ડેક કમ્પોઝિટ 1.29 ટકા વધીને 22,807.48 પર બંધ થયો.

# ક્લીનટેક ક્ષેત્રમાં નોકરીઓ ઝડપથી વધી રહી છે, બે વર્ષમાં ભરતીમાં 57% નો વધારો થયો છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 05

ક્લીન એનર્જી ટેકનોલોજી ક્ષેત્રમાં નોંધપાત્ર ફેરફારો થઈ રહ્યા છે. તાજેતરના એક અહેવાલમાં જણાવાયું છે કે મેટ્રોપોલિટન શહેરો આ ક્ષેત્રમાં નોકરીની તકો પર પ્રભુત્વ ધરાવે છે. ભારતનું ક્લીન એનર્જી ટેકનોલોજી (ક્લીનટેક) ક્ષેત્ર ઝડપથી વિકસતા રોજગાર બજાર તરીકે ઉભરી રહ્યું છે. એક નવા અહેવાલ મુજબ, મજબૂત સરકારી નીતિઓ અને ગ્રીન એનર્જી સંક્રમણમાં વધતા રોકાણને કારણે છેલ્લા બે વર્ષમાં આ ક્ષેત્રમાં ભરતીમાં 56.6% નો વધારો થયો છે. એચઆર સોલ્યુશન્સ કંપની CIEL HR દ્વારા એક અહેવાલ સૂચવે છે કે ક્લીનટેક ક્ષેત્ર દેશના સૌથી ઝડપથી વિકસતા પ્રતિભા બજારોમાંનું એક બની ગયું છે. જોકે તાજેતરમાં વૃદ્ધિ થોડી ધીમી પડી છે, પરંતુ ક્ષેત્રના મૂળભૂત પાયા મજબૂત રહે છે. અહેવાલ મુજબ, આ ક્ષેત્રમાં કર્મચારીઓની સંખ્યામાં વાર્ષિક ધોરણે 13.4% નો વધારો થયો છે, જે સતત વિસ્તરણ દર્શાવે છે.

# ફિનટેક યુનિકોર્ન મનીવ્યૂ લિમિટેડે સેબીમાં ડીઆરએચપી ફાઇલ કર્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 05

મધ્ય ભારતને સેવાઓ આપતા ગ્રાહક કેન્દ્રિત, ડિજિટલ અને ક્રેડિટ-આધારિત ફિનટેક પ્લેટફોર્મ મનીવ્યૂ લિમિટેડે આઈપીઓ દ્વારા ફંડ એકત્ર કરવા માટે મૂડી બજાર નિયમનકાર સેબી સમક્ષ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે. Moneyview App ચાર મુખ્ય શ્રેણીઓ - Borrow, Transact, Invest and Protect - માં નાણાંકીય પ્રોડક્ટ્સનો સમગ્ર સંપૂટની ઍક્સેસ પૂરી પાડે છે, જે યુઝર્સને એક જ પ્લેટફોર્મ પર તેમની વિવિધ નાણાંકીય જરૂરિયાતો પૂરી કરવા સક્ષમ બનાવે છે.2014માં આઈઆઈટી દિલ્હીના સ્નાતકો પુનીત અગ્રવાલ (મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર) અને સંજય અગ્રવાલ (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ચીફ ટેકનોલોજી ઓફિસર) દ્વારા સ્થાપિત મનીવ્યૂને એક્સેલ, ટાઇગર ગ્લોબલ, રેબિટ કેપિટલ અને અન્ય જેવા ટોચના રોકાણકારો દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.મનીવ્યૂ નવા જમાનાની લિસ્ટેડ કંપનીઓમાં અનોખી તરી આવે છે, જેનો ઉચ્ચ વૃદ્ધિ અને નફાકારકતાનો પુરવાર થયેલો ટ્રેક રેકોર્ડ છે. કંપની નાણાંકીય વર્ષ 2022થી નફાકારક રહી છે અને નાણાંકીય વર્ષ 2024ની તુલનામાં નાણાંકીય વર્ષ 2025માં ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે 61 ટકાનો વધારો નોંધાવીને તેની વૃદ્ધિ ગતિને મજબૂત બનાવી રહી છે. કંપનીની મુખ્ય પ્રોડક્ટ ડિજિટલ પર્સનલ લોન છે, જે 2017માં લોન્ચ કરવામાં આવી હતી અને 31 ડિસેમ્બર, 2025 સુધીમાં રૂ. 19,814 કરોડની મેનેજ્ડ એયુએમ સાથે આવકની મુખ્ય ચાલકબળ રહી છે. ડિજિટલ ધિરાણમાં અગ્રણી તરીકે, નાણાંકીય વર્ષ 2025માં કુલ ડિજિટલ અનસિક્યોર્ડ પર્સનલ લોન મંજૂરીઓમાં મનીવ્યૂનો હિસ્સો આશરે 11 ટકા હતો અને ડિજિટલ અનસિક્યોર્ડ પર્સનલ લોન સેગમેન્ટમાં (લિસ્ટેડ ન હોય તેવી સાથી કંપનીઓ) સૌથી વધુ એયુએમ નોંધાવી હતી.

# કોસ્મો સ્પેશિયાલિટી કેમિકલ્સે એડવાન્સ્ડ માસ્ટરબેચીસ પોર્ટફોલિયો લોન્ચ કરવાની જાહેરાત કરી

નવી દિલ્હી : કોસ્મો ફર્સ્ટ લિમિટેડની પેટાકંપની કોસ્મો સ્પેશિયાલિટી કેમિકલ્સે તેના હાઇ-પર્ફોર્મન્સ માસ્ટરબેચીસની વિસ્તૃત શ્રેણીના લોન્ચની જાહેરાત કરી છે, જે તેના સ્પેશિયાલિટી કેમિકલ્સ પોર્ટફોલિયોને વધુ મજબૂત બનાવે છે અને વેલ્યુ-એડેડ પોલિમર સોલ્યુશન્સમાં તેની હાજરીને મજબૂત બનાવે છે. નવા રજૂ કરાયેલા પોર્ટફોલિયોમાં CosmoWhite નો સમાવેશ થાય છે, જે પોલીપ્રોપીલીન (PP) અને પોલીઈથીલીન (PE) માટે એડવાન્સ્ડ વ્હાઇટ માસ્ટરબેચીસનો પ્રીમિયમ પોર્ટફોલિયો છે. ટાઈટેનિયમ ડાયોક્સાઇડ (TiO) ની ઉચ્ચ સાંદ્રતા સાથે બનાવાયેલો CosmoWhite અસાધારણ અસ્પષ્ટતા, તેજ, યુવી રક્ષણ અને થર્મલ સ્થિરતા પ્રદાન કરે છે.

# NHAI-સમર્થિત આ કંપનીનો IPO 11 માર્ચે લોન્ચ થશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 05

રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈકોસિસ્ટમમાં જાહેર રોકાણને પ્રોત્સાહન આપવા માટે, રાજ્ય માલિકીની NH ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ દ્વારા સમર્થિત હાઈવે ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ એ તેના 6,000 કરોડના પ્રારંભિક જાહેર ઓફર માટે પ્રતિ યુનિટ 99-100 ની પ્રાઇસ બેન્ડ નક્કી કરી છે. રોકાણ ટ્રસ્ટની પ્રારંભિક જાહેર ઓફર 11 માર્ચે ખુલશે અને 13 માર્ચે બંધ થશે. એન્કર રોકાણકારો માટે બોલી લગાવવાની પ્રક્રિયા 10 માર્ચે યોજાશે. NH ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈકોસિસ્ટમના વિસ્તરણમાં રિટેલ અને સ્થાનિક રોકાણકારોની ભાગીદારી વધારવા માટે આ પગલું મહત્વપૂર્ણ રહેશે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ મુજબ, આ IPOનું કુલ કદ 6,000 કરોડ છે, જે જાન્યુઆરીમાં ડ્રાફ્ટ ફાઈલિંગ સમયે નિર્ધારિત 5,700 કરોડના લક્ષ્યાંકથી વધુ છે.

# સેમસંગ દ્વારા ઝડપી અન સુરક્ષિત ચાર્જિંગ, ઓછો ઊર્જા બગાડ અને સાર્વત્રિક ડિવાઈસ અનુરૂપતા માટે કોમ્પેક્ટ 60W પાવર એડપ્ટર લોન્ચ કર્યા

(એજન્સી) ગુરુગ્રામ। તા. 05

ભારતની સૌથી વિશાળ કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ સેમસંગ દ્વારા તેનું નવું સેમસંગ 60W પાવર એડપ્ટરની ઉપલબ્ધતાની ઘોષણા કરી છે, જે ઊર્જાનો બગાડ અને ફિઝિકલ ક્લટર ઘટાડીને ઘણાં બધાં ડિવાઈસીસમાં ઝડપી ચાર્જિંગ પ્રદાન કરે છે. તે ઘરમાં અથવા બહાર તમે સ્માર્ટફોન, લેપટોપ અથવા ઓડિયો ઈયરબડ્સ પણ ચાર્જ કરતા હોય, રોજરોજની ચાર્જિંગની જરૂરતો માટે વધુ ઊર્જા કાર્યક્ષમ સમાધાન છે.




**નાના ફોર્મ ફેક્ટરમાં ઝડપી ચાર્જિંગ**

કોમ્પેક્ટ ચાર્જર નેક્સ્ટ- જનરેશન ગેલિયમ નાઈટ્રેટ (GaN) ટેકનોલોજી પર નિર્મિત છે, જે બલ્કિયર સિલિકોન ઘટકોની જગ્યા લે છે. આથી કોમ્પેક્ટ ડિઝાઈનમાં ઉચ્ચ પાવર કાર્યક્ષમતા મળે છે. એડપ્ટર કામગીરી દરમિયાન સુરક્ષિત, ઠંડું, ઓછું ઊર્જા નુકસાન માટે ઘડવામાં આવ્યું છે અને અતિગરમ થવાનું જોખમ ઓછું કરે છે, જેથી સ્ટાન્ડર્ડ એડપ્ટર્સની તુલનામાં પ્રોડક્ટનુ આયુષ્ય લાંબું રહે છે.

**ઓછો સ્ટેન્ડબાય ઊર્જા ઉપભોગ :** નવું એડપ્ટર ફક્ત 0.005W નીચું સ્ટેન્ડબાય પાવર પ્રદાન કરે છે, જે ચાર્જર પ્લગ્ડ-ઈન હોય, પરંતુ ડિવાઈસ સક્રિય રીતે ચાર્જિંગ નહીં થતું હોય ત્યારે વીજળીનો બગાડ ઓછો કરે છે. આથી ઉપભોક્તાના વર્તમાનમાં બદલાવની આવશ્યકતા વિના ઊર્જાનો ઉપયોગ થતો નથી. ઉપરાંત એડપ્ટર કામગીરીમાં બાંધછોડ વિના પર્યાવરણીય રીતે સતર્ક ઉપભોગને ટકો આપવા માટે તેના નિર્માણમાં 20% રિસાઈક્લ્ડ મટીરિયલ સમાવવા માટે અંડરરાઈટર્સ લેબોરેટરીઝ (UL) દ્વારા સર્ટિફિકેશન ધરાવે છે.

# ઓઈલ સંકટની સાથે ચોખાનું પણ સંકટ, બંદરો પર છ લાખ ટન ચોખા અટવાયા

(એજન્સી) અમદાવાદ । તા. 05

ઈરાન-ઈઝરાયલ યુદ્ધ પછી પશ્ચિમ એશિયામાં પરિસ્થિતિ ઝડપથી ખરાબ થઈ રહી છે. હોર્મુઝ સ્ટ્રેટમાં વધતા ખતરો અને શિપિંગમાં વિક્ષેપને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસના પુરવઠા પર દબાણની સાથે ભારતના બાસમતી ચોખાની નિકાસ પર પણ ગંભીર અસર પડી છે. ઓલ ઈન્ડિયા રાઈસ એક્સપોર્ટર્સ એસોસિએશનના જણાવ્યા અનુસાર, ભારતથી ખાડી દેશોમાં મોકલવામાં આવતા આશરે ૪૦૦,૦૦૦થી ૬૦૦,૦૦૦ ટન બાસમતી ચોખા ભારતીય બંદરો પર અથવા ગંતવ્ય દેશોના બંદરો પર પરિવહનમાં અટવાઈ ગયા છે. સામાન્ય રીતે, ખાડી દેશોમાં ચોખા પહોંચવામાં લગભગ ૪૦ દિવસ લાગે છે, પરંતુ વર્તમાન કટોકટીએ આ સમગ્ર પ્રક્રિયાને ખોરવી નાખી છે. વેપાર સૂત્રોના જણાવ્યા અનુસાર, જો પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે, તો કેટલાક નિકાસકારો 'ફોર્સ મેજ્યુર' ક્લોઝનો સહારો લઈ શકે છે. આ જોગવાઈ યુદ્ધ અથવા કુદરતી આફતો જેવા અણધાર્યા સંજોગોમાં કરારની શરતોમાંથી કામચલાઉ રાહત પૂરી પાડે છે. ભારત વાર્ષિક ૬૦ લાખ ટનથી વધુ બાસમતી ચોખાની નિકાસ કરે છે, જેમાંથી આશરે ૭૦ ટકા સાઉદી અરેબિયા, ઈરાન અને યુએઈ જેવા ખાડી દેશોમાં જાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં, કુલ ૬૦.૬૫ લાખ ટન બાસમતી ચોખાની નિકાસ કરવામાં આવી હતી, જેની કિંમત રૂ. ૫૦,૫૦૦ કરોડ આસપાસ હતી. અટવાયેલા ચોખાની અંદાજિત કિંમત ૫,૦૦૦થી ૬,૦૦૦ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. શિપિંગ કંપનીઓના વીમા કવરેજ રદ થવાને કારણે અને જોખમ વધવાને કારણે કન્ટેનર નૂર દર બમણાથી વધુ થઈ ગયા છે. પરિણામે, નિકાસકારોએ હાલના કોન્ટ્રાકટોને પ્રાથમિકતા આપીને નવા બુકિંગ અને પેકિંગ બંધ કરી દીધા છે. રેકોર્ડ ઉત્પાદન વચ્ચે ઘટતી માંગને કારણે બાસમતીના ભાવ પહેલાથી જ લગભગ ૬ ટકા ઘટી ગયા છે. નિષ્ણાતો માને છે કે જો નિકાસ ખોરવાશે, તો સ્થાનિક બજારમાં પુરવઠો વધવાને કારણે ભાવ વધુ ઘટી શકે છે. જોકે, પરિસ્થિતિ સામાન્ય થતાંની સાથે જ ગલ્ફ દેશોમાં માંગ ફરી વધી શકે છે.

# એક્સિસ બેંક ભારતમાં ટેસ્લા માટે પસંદગીની ફાયનાન્સર બની; સમગ્ર દેશમાં ઈવીના સરળ ફાયનાન્સિંગને વેગ આપશે



(એજન્સી) અમદાવાદ । તા. 05

ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની બેંકો પૈકીની એક, એક્સિસ બેંકે આજે જાહેરાત કરી હતી કે, તે ટેસ્લાની પસંદગીની ફાયનાન્સર બની છે. આ ભાગીદારી હેઠળ એક્સિસ બેંક ટેસ્લાના ગ્રાહકો માટે ખાસ તૈયાર કરેલા ફાયનાન્સિંગ સોલ્યુશન્સ અને શ્રેષ્ઠ ગ્રાહક અનુભવ ઉપલબ્ધ બનાવશે. આ જોડાણ, સાતત્યપૂર્ણ પરિવહન વ્યવસ્થાને પ્રોત્સાહન આપે તેવા સંશોધનાત્મક અને ગ્રાહક કેન્દ્રીત ધિરાણ ઉકેલો દ્વારા ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવાની એક્સિસ બેંકની પ્રતિબદ્ધતા દર્શાવે છે.આ ભાગીદારી સમગ્ર ભારતમાં અમલી બનાવવામાં આવશે, જેનાથી મુખ્ય મેટ્રો શહેરો અને ઈલેક્ટ્રિક વાહનોના નવા હબ બની રહેલા વિસ્તારોના ગ્રાહકોને ટેસ્લાના વૈશ્વિક સ્તરના અનુભવ સાથે સુસંગત એવી ડિજિટલ ફાયનાન્સિંગ સુવિધાઓ સરળતાથી મળી રહેશે. આ પહેલનો હેતુ ટેસ્લા ખરીદવાની પ્રક્રિયામાં આવતા અવરોધોને દૂર કરી તેને સરળ બનાવવાનો છે, જેથી ગ્રાહકો માટે ગાડી ખરીદવાનો અનુભવ એકદમ સરળ અને અનુકૂળ બની રહે. એક્સિસ બેંક પ્રીમિયમ ઈવી ગ્રાહકો માટે ખાસ તૈયાર કરેલી ઓટો-લોન ઓફર્સ રજૂ કરશે. જેમાં નીચેની બાબતો સામેલ હશે: ગ્રાહકની વ્યક્તિગત આવક મુજબની કસ્ટમાઈઝ્ડ રિપેમેન્ટ સ્કીમ્સ, 10 વર્ષ સુધીની લાંબી મુદત, ઝડપી લોન મંજૂરી માટે સંપૂર્ણ ડિજિટલ પ્રક્રિયા.

**આષ્ઠ પ્રિવેએ લોન્ચ કર્યું**

# 'ઉદયા' – રાની કી વાવ ની શાશ્વત જ્યોમેટ્રીથી પ્રેરિત લિમિટેડ એડિશન જ્વેલરી કલેક્શન

(એજન્સી) અમદાવાદ । તા. 05

લક્ઝરી ડિઝાઈનર લેબ-ગ્રોન ડાયમંડ બ્રાન્ડ આષ્ઠ જ્વેલરીએ તેના નવા હાઈ-જ્વેલરી કલેક્શન 'ઉદયા'ના લોન્ચની જાહેરાત કરી છે। ડિઝાઈન નવીનતા અને સજાગ (કૉન્શિયસ) ફિલસૂફી માટે પ્રખ્યાત આ બ્રાન્ડ આ કલેક્શન દ્વારા ભારતની સ્થાપત્ય વારસા અને હસ્તકલા કૌશલ્યને શ્રદ્ધાંજલિ અર્પે છે 'ઉદયા'ની પ્રેરણા 11મી સદીના યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સ્થળ રાની કી વાવ માંથી લેવામાં આવી છે। આ અનોખી વાવ રાણી ઉદયમતી દ્વારા તેમના રાજાની સ્મૃતિમાં પાટણ, ગુજરાતમાં નિર્માણ કરાવવામાં આવી હતી। જ્યાં મોટાભાગના સ્મારકો આકાશ તરફ ઊંચા ઉઠે છે, ત્યાં આ સ્થાપત્ય ધરતીની ઊંડાઈમાં ઉતરી જાય છે અને જટિલ પથ્થરની જાળીઓ, પવિત્ર જ્યોમેટ્રી અને લયબદ્ધ સમરૂપતાને પ્રગટ કરે છે। આ સ્મારક શાંત શક્તિ અને કાળાતીત ગૌરવનું પ્રતિક છે–એક સ્ત્રી વારસા, જે આ કલેકશનની આત્માને આધાર આપે છે. આ કલેકશનમાં આ સ્થાપત્ય તત્ત્વોને એક વિશિષ્ટ શિલ્પ નવીનતા દ્વારા પુન:પરિભાષિત કરવામાં આવ્યા છે। દરેક આભૂષણમાં 7 થી 13 કેરેટના રોઝ-કટ અને પોર્ટ્રેટ-કટ ડાયમંડ જડિત છે। તેમની સમતળ અને પારદર્શક રચના પ્રકાશને અંદરથી પસાર થવા દે છે, જેના કારણે નીચે સોનામાં હાથથી કોતરાયેલા સ્થાપત્ય મોટિફ્સ સ્પષ્ટ દેખાય છે। જેમ જેમ પ્રકાશ હીરા મારફતે પસાર થાય છે, તેમ અંદરની નક્કાશ જીવંત બની ઊભી થાય છે અને સ્થાપત્યનું સૌંદર્ય ઝળહળી ઊઠે છે. ડિઝાઈનની ભાષા પાટોલા વણાટની લયબદ્ધ સમરૂપતાથી પ્રેરિત છે, જ્યાં પુનરાવર્તન અને પ્રમાણ મળીને સંતુલન અને સમન્વય રચે છે। આ જ વસ્ત્ર અનુશાસનને સૂક્ષ્મ નક્કાશ, માપિત અંતર અને સંતુલિત પ્રમાણમાં ઢાળવામાં આવ્યું છે, જેના કારણે દરેક આભૂષણમાં સૌમ્ય પરિષ્કાર અને રચનાત્મક સંતુલન ઝળકે છે.આ 24 વિશિષ્ટ ડિઝાઈનોનું લિમિટેડ એડિશન કલેકશન છે, જેમાંથી દરેકને ગુજરાતી અંકનમાં ક્રમાંકિત કરવામાં આવ્યું છે, જે તેની દુર્લભતા અને સંગ્રહયોગ્ય મહત્વને દર્શાવે છે। સોનાની સપાટી પર વિશેષ પોલિશિંગ તકનીકનો ઉપયોગ કરવામાં



આવ્યો છે, જેથી પ્રાચીન પથ્થર જેવી સૂક્ષ્મ ટેક્સ્ચર ઊભી થાય–જે પ્રેરણાસ્રોત સ્મારકના સ્વભાવને પ્રતિબિંબિત કરે છે. દરેક આભૂષણ IGS પ્રમાણિત અને BIS હોલમાર્ક યુક્ત છે, જે આષ્ઠની ગુણવત્તા અને જવાબદાર લક્ઝરી પ્રત્યેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આષ્ઠના સહ-સ્થાપક કૈવન શાહ કહે છે, "ડિઝાઈન હંમેશાંથી આષ્ઠની ઓળખ રહી છે। 'ઉદયા' સાથે અમે ઊંડાઈની કલ્પનાનો અભ્યાસ કર્યો, જેના માટે પ્રેરણા રાની કી વાવ ની બહુસ્તરીય સ્થાપત્ય રચનામાંથી મળી। પોર્ટ્રેટ અને રોઝ-કટ ડાયમંડને હાથથી કોતરાયેલી સોનાની સપાટી સાથે જોડીને અમે એવું આભૂષણ સર્જ્યું છે, જેમાં પ્રકાશ પોતે જ શિલ્પને પ્રગટ કરવાની માધ્યમ બની જાય છે। આ કલેકશન અમારા લક્ઝરી દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે–વિચારસભર, સ્થાપત્ય પ્રેરિત અને વાર્તાકથનની પરંપરાથી જોડાયેલું।" તેની વિશિષ્ટ ફિલસૂફી 'માઈન. નોટ માઈન્ડ.' સાથે આષ્ઠ ડિઝાઈન ઉત્તમતા, સાંસ્કૃતિક વાર્તા અને પર્યાવરણ પ્રત્યે જવાબદાર ડાયમંડ્સ દ્વારા લક્ઝરીની નવી વ્યાખ્યા ઘડી રહ્યું છે।

સ્ટોર લોકેશન: મુંબઈ, કોલકાતા, ગોવા, રાયપુર, અને સુરત

# આ 8 ઉદ્યોગપતિઓએ ભારતની છબી બદલી નાખી છે

## મેક-ઇન-ઇન્ડિયાની અસલી ઓળખ, ભારતીય સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમની 8 સિંહણો

ભારતની નવી છબી ફક્ત નીતિઓ અને ટેકનોલોજી દ્વારા જ નહીં, પરંતુ વ્યાપાર જગતમાં પોતાને અલગ પાડતી મહિલાઓ દ્વારા પણ ઘડાઈ રહી છે. જે મહિલાઓ એક સમયે તેમની ભૂમિકાઓમાં મર્યાદિત માનવામાં આવતી હતી તેઓ હવે મોટા ઉદ્યોગોનું નેતૃત્વ કરી રહી છે અને હજારો લોકોને રોજગારી આપી રહી છે. ભારતમાં વ્યવસાય અને સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ છેલ્લા કેટલાક વર્ષોમાં ઝડપથી વિકસ્યું છે. આ વાતાવરણે દેશની પ્રગતિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. નોંધપાત્ર રીતે, ફક્ત પુરુષો જ નહીં પરંતુ મહિલાઓએ પણ વ્યાપાર જગતમાં આગેવાની લીધી છે. મહિલાઓ હવે ટેકનોલોજી, આરોગ્યસંભાળ, નાણાં અને અન્ય ઘણા ક્ષેત્રોમાં આગેવાની લઈ રહી છે. વધુ સારા શિક્ષણ, ડિજિટલ સંસાધનો અને ભંડોળની પહોંચ સાથે, તેઓ નવા વિચારો લાવી રહી છે અને દેશની અર્થવ્યવસ્થાને આગળ ધપાવી રહી છે. તેમની સફળતાની વાર્તાઓ અન્ય લોકોને પ્રેરણા આપે છે અને ભારતના સ્ટાર્ટઅપ દ્રશ્યને મજબૂત બનાવે છે. આજે, આપણે 8 ઉદ્યોગપતિઓ વિશે જાણીશું જેમણે દેશના લેન્ડસ્કેપને બદલવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

### 1. ફાલ્ગુની નાયર



ફાલ્ગુની નાયર એક ભારતીય અબજોપતિ ઉદ્યોગપતિ છે, જે બ્યુટી અને લાઈફસ્ટાઈલ રિટેલ કંપની Nykaa ના સ્થાપક અને CEO છે. ૨૦૧૨ માં, તેણીએ ૫૦ વર્ષની ઉંમરે નોકરી છોડી દીધી અને Nykaa શરૂ કરી, જે હવે એક અગ્રણી યુનિકોર્ન કંપની છે. ફાલ્ગુની નાયરએ રોકાણ બેંકિંગમાં લાંબા કારકિર્દી પછી ઓનલાઈન પ્લેટફોર્મ શરૂ કર્યું. તેણીએ ભારતમાં વિશ્વસનીય સૌંદર્ય પ્લેટફોર્મનો અભાવ જોયો. Nykaa ગ્રાહકોને સચોટ માહિતી અને વાસ્તવિક ઉત્પાદનો પ્રદાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કંપનીએ પાછળથી ફેશન અને જીવનશૈલીમાં વિસ્તરણ કર્યું. તેમની સફળતા આજે હજારો મહિલાઓ માટે પ્રેરણારૂપ છે.



### 2. કિરણ મઝુમદાર-શો

કિરણ મઝુમદાર-શો ભારતની 'બાયોટેક ક્વીન' અને સ્વ-નિર્મિત મહિલા અબજોપતિ તરીકે ઓળખાય છે. કિરણ મઝુમદાર બાયોકોન લિમિટેડના સ્થાપક અને એક્ઝિક્યુટિવ ચેરપર્સન છે. તેણીએ ૧૯૭૮ માં આ કંપનીની સ્થાપના કરી હતી, જે આજે ભારતની સૌથી મોટી બાયોફાર્માસ્યુટિકલ કંપનીઓમાંની એક છે. કિરણ મઝુમદાર-શોએ એવા સમયે બાયોકોન શરૂ કર્યું જ્યારે બાયોટેક ક્ષેત્ર ખૂબ વિકસિત ન હતું. શરૂઆતમાં, તેણીને ભંડોળ અને સંસાધનોનો અભાવ હતો. તેમ છતાં, તેણીએ સસ્તી અને સારી દવાઓ વિકસાવીને વિશ્વને આશ્ચર્યચકિત કર્યું. આજે, તેણીની કંપનીનો વ્યવસાય ભારત અને વિદેશમાં વિસ્તર્યો છે.

### 3. રોશની નાદર મલ્હોત્રા



રોશની નાદર મલ્હોત્રા એક અગ્રણી ભારતીય ઉદ્યોગપતિ અને ટેક લીડર છે. તે IT કંપની HCL ટેક્નોલોજીસની ચેરપર્સન છે. રોશની નાદર 2020 માં ચેરપર્સનનું પદ સંભાળ્યું હતું. તેમના નેતૃત્વ હેઠળ, HCL ટેક વૈશ્વિક IT સેવાઓ અને ડિજિટલ પરિવર્તન ક્ષેત્રમાં મજબૂત હાજરી ધરાવે છે. આજે, રોશની નાદર ભારતની સૌથી ધનિક મહિલાઓમાંની એક છે અને કોર્પોરેટ જગતમાં મહિલા નેતૃત્વનું એક ઉત્તમ ઉદાહરણ માનવામાં આવે છે.



### 4. વંદના લુથરા

વંદના લુથરા VLCC ના સ્થાપક છે, જે ભારતના સૌથી મોટા વેલનેસ અને બ્યુટી બ્રાન્ડ્સમાંનું એક છે. વંદના લુથરાનો સફળતાનો પ્રવાસ કોઈ ફિલ્મી વાર્તાથી ઓછો નથી. જર્મનીમાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી ભારત પરત ફર્યા પછી, તેમણે માત્ર 20,000 થી એક કંપની શરૂ કરી. આમ, 1989 માં, વંદના લુથરા કર્લ્સ એન્ડ કર્વ્સ, અથવા VLCC નો જન્મ થયો. વંદના લુથરાએ આરોગ્ય અને સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરીને VLCC ની સ્થાપના કરી. તેણીએ સુંદરતા, પોષણ અને જીવનશૈલીને એકીકૃત કરી. VLCC ભારત અને વિદેશ બંનેમાં વિસ્તર્યું છે. જોકે પાછળથી તેણીએ કંપનીને આશરે 2,500 કરોડમાં વેચી દીધી, તેમ છતાં તેણી હજુ પણ VLCC માં હિસ્સો ધરાવે છે.

### 5. ગઝલ અલાઘ



ગઝલ અલાઘ એક પ્રખ્યાત ભારતીય ઉદ્યોગપતિ અને મામાઅર્થની સહ-સ્થાપક છે, જે તેના રસાયણ-મુક્ત ત્વચા સંભાળ અને બાળક સંભાળ ઉત્પાદનો માટે જાણીતી છે. તેમના પતિ, વરુણ અલાઘ સાથે, તેમણે હોનાસા કન્ઝ્યુમરની સ્થાપના કરી અને લોકપ્રિય શો શાર્ક ટેન્ક ઈન્ડિયામાં શાર્ક તરીકે પણ પ્રખ્યાત છે. મામાઅર્થ આજે તેના ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા એક મુખ્ય બ્યુટી બ્રાન્ડ બની ગઈ છે. કંપનીએ અન્ય FMCG ક્ષેત્રોમાં પણ વિસ્તરણ કર્યું છે.



### 6. ઉપાસના ટાકુ

ભારતમાં ફિનટેકના શરૂઆતના દિવસોમાં ઉપાસના ટાકુએ મોબીક્વિકની સહ-સ્થાપના કરી હતી. તે સમયે, દેશમાં ડિજિટલ ચુકવણીનો ઉપયોગ ખૂબ ઓછો હતો. શરૂઆતમાં, મોબીક્વિકે વોલેટ-આધારિત ચુકવણી સેવાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ પ્લેટફોર્મ વેપારીઓ અને વ્યક્તિઓ બંનેને સેવા આપે છે. બાદમાં, કંપનીએ ક્રેડિટ અને અન્ય નાણાકીય સેવાઓ પણ શરૂ કરી. તેમના કાર્યથી દેશભરમાં ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન મળ્યું અને લોકો માટે ઓનલાઈન ચુકવણીઓ સરળ બની. ઉપાસના ટાકુનું નેતૃત્વ દર્શાવે છે કે ફિનટેક સામાન્ય લોકો માટે રોજિંદા જીવનને કેવી રીતે સરળ બનાવી શકે છે. આજે, MobiKwik ભારતના વિકસતા ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

### 7. નમિતા થાપર



નમિતા થાપર પુણે સ્થિત ફાર્માસ્યુટિકલ કંપની, એમક્યુર ફાર્માસ્યુટિકલ્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે. એમક્યુર વિવિધ રોગોની સારવાર માટે ઉપયોગમાં લેવાતી વિવિધ દવાઓનું ઉત્પાદન કરે છે. નમિતા થાપરને રિયાલિટી શો શાર્ક ટેન્ક ઈન્ડિયામાં રોકાણકાર તરીકે ઓળખ મળી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેમની કુલ સંપત્તિ આશરે 600 કરોડ હોવાનો અંદાજ છે. તેણી પાસે ICAI માંથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) ડિગ્રી અને યુએસમાં ડ્યુક યુનિવર્સિટી ખાતે ફુક્વા સ્કૂલ ઓફ બિઝનેસમાંથી MBA છે. તેણી એમક્યુર ફાર્માના ભારતમાં કામગીરીનું નિરીક્ષણ કરે છે અને ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં પણ રોકાણ કરે છે.



### 8. વિનીતા સિંહ

વિનીતા સિંહ સુગર કોસ્મેટિક્સના સહ-સ્થાપક અને CEO છે, જે એક કોસ્મેટિક્સ બ્રાન્ડ છે જે તેના સસ્તા અને ઉચ્ચ-ગુણવત્તાવાળા સૌંદર્ય ઉત્પાદનો માટે જાણીતી છે. ના. શોર્ટ ટેન્ક ઈન્ડિયામાં જજ તરીકે હાજર થયા પછી તેણીને રાષ્ટ્રીય સ્તરે ઓળખ મળી. પ્લાનિફાય અનુસાર, વિનિતા સિંહની કુલ સંપત્તિ આશરે રૂ. 300 કરોડ (આશરે $30 મિલિયન) છે. તેણીએ તેના સ્ટાર્ટઅપ રોકાણોનું વ્યક્તિગત મૂલ્ય જાહેર કર્યું નથી. વિનિતા સિંહે IIT મદ્રાસમાંથી BTech અને IIM અમદાવાદમાંથી MBA કર્યું છે. સુગર શરૂ કરતા પહેલા, તેણીએ ફેબ બેગ નામની બ્યુટી સબ્સ્ક્રિપ્શન સેવા પણ શરૂ કરી. તેના પતિ, કૌશિક મુખર્જી પણ તેને સુગર ચલાવવામાં મદદ કરે છે.

તંત્રીની કલમે...

## યુદ્ધનો શીપીંગ કંપનીઓએ ફાયદો ઉઠાવતા વિવાદ

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલએ કરેલા હુમલા પછી ખાડીના દેશોના સમુદ્રી રસ્તાઓ જોખમી બની ગયા છે. વધી રહેલા જોખમને કારણે કેટલીક શીપીંગ કંપનીઓએ ખાડી અને આસપાસના દેશોમાં માલ પરીવહન કરવા માટે દરેક કન્ટેનર પર બે હજારથી ચાર હજાર ડોલરનો ઈમર્જન્સી ટેક્સ લાગુ કર્યો છે. આ ટેક્સને કારણે ભારતની નિકાસ પર મોટી અસર પડી શકે એમ છે. ભારતનું કોમર્સ મંત્રાલય જોકે પરિસ્થિતિ પર નજર રાખી રાખ્યું છે. આમ છતાં પરિસ્થિતિ બગડી રહી છે. શીપીંગ કંપનીઓએ એવો ખુલાસો કર્યો છે કે પશ્ચિમ એશિયાના સંવેદનશીલ દરિયાઈ રસ્તાઓ પર જોખમ વધી ગયું હોવાથી અમે વધારાનો ટેક્સ લાગુ કર્યો છે. આની સામે નિકાસકારોનું કહેવું છે કે સામાન્ય રીતે ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ કમર તોડી નાખે છે ત્યારે હવે આ વધારાનો ટેક્સ અમને ખતમ કરી નાખશે. ભારતથી ઈરાક, બહેરીન, કુવૈત, યમન, કટાર, ઓમાન, યુએઈ, સાઉદી અરેબિયા, જોર્ડન, મિશ્રના આઈન શોખાના પોર્ટ, જીબુટી, સુડાન અને હરીટ્રીયા જનારા માલ પર આ ટેક્સ લાગશે. તા બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલા નિતિશકુમારના પુત્ર નિશાંતકુમાર સમાચારમાં ચમક્યા હતા. તેઓ ચૂંટણી લડે એવી શક્યતા હતી પરંતુ કોઈપણ કારણસર નિતિશકુમારે નિશાંતકુમારના રાજકીય પ્રવેશ પર બ્રેક મારી દીધી હતી. હવે બિહારમાં વિધાન પરિષદના રસ્તે નિશાંતકુમાર રાજકારણમાં પ્રવેશે એવી શક્યતા છે. જેડીયુના કેટલાક મંત્રીઓએ આ વાત ઓફ ધ રેકોર્ડ કરી છે. એમ કહેવાય છે કે આ બાબતે નિતિશકુમારની પણ સહમતી છે. નિશાંતકુમારને નિતિશકુમાર પછી જેડીયુના પ્રમુખ બનાવવાની વાત પણ થઈ રહી છે. એક તરફ નિતિશકુમાર પરિવારવાદની ટીકા કરે છે ત્યારે પોતાના પુત્રને રાજકારણમાં લાવવા માટે તેઓ કયુ બહાનુ આગળ કરશે એ બધા જોઈ રહ્યા છે. સોશ્યલ મીડિયા પર પણ ચર્ચા થઈ રહી છે કે નિતિશકુમારને રાજ્યસભામાં પણ મોકલી શકાય એમ છે. મુખ્યમંત્રી નિતિશકુમારના નજીકના ગણાતા બિહારના મંત્રી શ્રવણકુમારે કહ્યું છે કે, નિશાંતકુમાર નજીકના ભવિષ્યમાં રાજકારણમાં આવશે. મીલનાડુમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસ અને ડીએમકે બેઠકોની વહેંચણી બાબતે વાતચીત કરી રહ્યા છે. કોંગ્રેસ અને ડીએમકેનું ગઠબંધન નક્કી ગણાય છે, પરંતુ કોંગ્રેસની માંગણી ડીએમકેને સ્વિકાર્ય નથી. ડીએમકે અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની વહેંચણી નક્કી કરવા માટે જે ડેડલાઈન નક્કી કરવામાં આવી હતી એ પુરી થઈ ગઈ છે. હજી સુધી બંને પક્ષ વચ્ચે સમજૂતી શક્ય થઈ નથી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ડીએમકેએ કોંગ્રેસને સ્પષ્ટ ચેતવણી આપી હતી કે એક નક્કી સમયમર્યાદામાં નિર્ણય કરી લે. ડીએમકે ઝડપથી બેઠકોની વહેંચણી કરીને પ્રચાર શરૂ કરવા માંગે છે. ૨૦૨૧ની વિધાનસભાની ચૂંટણીમાં ડીએમકે - કોંગ્રેસના ગઠબંધનમાં કોંગ્રેસને ૨૫ બેઠકો આપવામાં આવી હતી. ડીએમકે આ જૂની ફોર્મ્યુલા ચાલુ રાખવા માગે છે, પરંતુ કોંગ્રેસને વધુ બેઠકો જોઈએ છે. તામીલનાડુના તીરૂપ્પરનકુદ્રમ ડુગર પર કાર્તીગઈ દીપમ પ્રગટાવવાનો વિવાદ ચાલુ છે. આ બાબતે મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે કોર્ટની અવમાનનાની અરજી પર સુનાવણી કરી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે, પાંચ લોકોને ડુગર પર આવેલા થાંભલા પાસે ૧૫ મીનીટ સાંકેતિક પૂજા કરવા માટે છૂટ આપવામાં આવી શકે છે. આ પાંચ વ્યક્તિઓના નામ કોર્ટ નક્કી કરશે. દીપથુન પર કાર્તીગઈ દીપમ પ્રગટાવવા માટેના હુકમનું પાલન નહીં કરાતા અવમાનનાની અરજી કરવામાં આવી હતી. જસ્ટીસ જી આર સ્વામીનાથનની બેન્ચે કહ્યુ હતુ કે જો સરકાર જૂના હુકમનું સન્માન કરવા માંગતી હોય તો દીપ પ્રગટાવ્યા વગર ફક્ત સાંકેતીક પૂજાની અનુમતી આપી શકાય છે. કોર્ટે કહ્યું કે આ ફક્ત એક સૂચન છે. કોઈ હુકમ નથી. એ વખતે દીપક પ્રગટ કરવાની વાત કહેવામાં આવી નહોતી. ફક્ત સાંકેતિક પ્રાર્થનાની અનુમતી આપવાનો સંકેત આપવામાં આવ્યો હતો. કેરળ અને તામીલનાડુમાં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે. બંને રાજ્યોમાં રાજકીય વાતાવરણ ઉત્તેજીત છે. કોંગ્રેસના નેતા જયરામ રમેશએ ભાજપ પર નિશાન તાંક્યું છે. એમણે સિમાંકનનો મુદ્દો છંછેડયો છે. એમની દલીલ છે કે દક્ષિણના રાજ્યો વધતી વસ્તીને નિયંત્રણમાં રાખે છે. આ રાજ્યોને ઓછી સંસદીય બેઠકો સાથે દંડીત નહીં કરવા જોઈએ. કેન્દ્ર સરકાર દક્ષિણના રાજ્યોને ગ્રાંટ ફાળવવામાં પણ ભેદભાવ કરે છે. અમે આ બંને મુદ્દા કેરળ અને તામીલનાડુની ચૂંટણીમાં ઉઠાવવાના છીએ.

## TP-લિંક ઈન્ડિયાને તેના VIGI લાઈન ઓફ કેમેરા માટે પ્રતિષ્ઠિત BIS-ER સર્ટિફિકેશન મળ્યું

મુંબઈ : યુએસ સ્થિત TP લિંક સિસ્ટમ્સ ઈન્ક.ની પેટાકંપની TP-લિંક ઈન્ડિયાએ આજે તેના VIGI લાઈન ઓફ સિક્યુરિટી કેમેરા માટે એક સીમાચિહ્નરૂપ અપડેટની જાહેરાત કરી છે. કંપનીએ જણાવ્યું હતું કે તેના બે મુખ્ય મોડેલ, VIGI C340 અને VIGI C440એ ભારત સરકારનું ફરજિયાત BIS-ER પ્રમાણપત્ર સફળતાપૂર્વક પ્રાપ્ત કર્યું છે. જે TP-લિંક ઈન્ડિયાને આ મહત્વપૂર્ણ સર્ટિફિકેશન પ્રાપ્ત કરનાર સિક્યોરિટી કેમેરા બનાવતી ભારતની જૂજ કંપનીઓમાંથી એક બનાવે છે, જે તેમના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાતી અત્યાધુનિક ટેકનોલોજી અને એડવાન્સ્ડ સિક્યોરિટી ફીચર્સને રેખાંકિત કરે છે. સખ્ત, પ્રક્રિયા-સંલગ્ન BIS-ER પ્રમાણપત્રમાં માત્ર ઉત્પાદનનું જ નહીં, પરંતુ તેની સંપૂર્ણ સપ્લાય ચેઈન, કમ્પોનન્ટ અને સોફ્ટવેરના મુખ્ય ભાગોનું પરીક્ષણ પણ કરે છે. આ ધોરણ પ્રાપ્ત કરીને TP-લિંક ઈન્ડિયા તેના VIGI સિક્યોરિટી કેમેરા દ્વારા પસંદગીની યાદીમાં જોડાય છે. C340 અને C440 બંને, હાઈ ટેક ફીચર્સની રેન્જ સાથે આવે છે. VIGI C340, એક આઉટડોર ફુલ-કલર બુલેટ નેટવર્ક કેમેરા, ઘેરા અંધારામાં પણ સ્પષ્ટ અને રંગીન ડિટેઈલ્સ પ્રદાન કરે છે. તે મહત્તમ 4MP રિઝોલ્યુશનને સક્ષમ કરે છે અને તેના મોટા-એપર્ચર લેન્સ, હાઈ સેન્સિટિવીટી સેન્સર અને જોડાયેલી પૂરક લાઈટ્સ સાથે કલરફુલ મોનિટરિંગને સુનિશ્ચિત કરે છે. VIGI C440 એક 4MPનો ફુલ-કલર ટરેટ નેટવર્ક કેમેરા છે, જેમાં સરળ શોધ માટે 'હ્યુમન' અને 'ટ્રાફિક'ના વર્ગીકરણ તેમજ અસામાન્ય પ્રવૃત્તિઓને સક્રિય રીતે શોધી કાઢતું સ્માર્ટ ડિટેક્શન છે. ગમે ત્યાંથી તમારી ફીડને જોતી વખતે વાતચીત કરવા માટે ટુ- વે ઑડિઓ અને વીડિયો કમ્પ્રેશન માટે તે ઈન્ડસ્ટ્રી સ્ટાન્ડર્ડ H.265+થી સજ્જ છે, જે ઓછી સ્ટોરેજ સ્પેસ રોકે છે.

## રાજ્ય કક્ષાની દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા-૨૦૨૫ માટે અરજીઓ આમંત્રિત

રાજપીપલા : દિવ્યાંગતા ધરાવતાં અંધ, બહેરા-મુંગા, શારીરિક અપંગતા ધરાવતાં તેમજ રક્તપિત અને માનસિક ક્ષતિ ધરાવતાં વ્યક્તિઓનાં ઉત્કૃષ્ટ કાર્યને પ્રોત્સાહન આપવા તેમજ તેમને સમાજની મુખ્ય ધારામાં સામેલ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્ય કક્ષાની દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા વર્ષ-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં દિવ્યાંગતા ધરાવતાં શ્રેષ્ઠ કર્મચારીઓ, સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યક્તિઓ, દિવ્યાંગોને રોજગાર આપતાં શ્રેષ્ઠ નોકરીદાતાઓ તથા દિવ્યાંગ વ્યક્તિઓને નોકરીમાં થાળે પાડવા માટે વિશિષ્ટ કામગીરી કરતાં પ્લેસમેન્ટ ઓફીસર્સ ભાગ લઈ શકે છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારો માટે અરજીપત્રકનો નમુનો શ્રમ અને રોજગાર વિભાગની અધિકૃત વેબસાઈટ(https://anubandhanam.gujarat.gov.in/notice-board)પરથી ડાઉનલોડ કરી શકાય છે. તથા જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જિલ્લા સેવા સદન, રાજપીપલા પરથી તા. ૩૦/૦૩/૨૦૨૬ સુધીમાં મેળવી શકશે તેમજ ભરેલ અરજીપત્રકો જરૂરી આધાર દસ્તાવેજોના બિડાણો સાથે ત્રણ નકલમાં તા. ૩૦/૦૩/૨૦૨૬ સુધીમાં રૂબરૂ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, નર્મદાને મોકલી આપવાની રહેશે. વધુ વિગત માટે ૦૨૬૪૦ ૨૦૨૬૬ સંપર્ક કરવા ઈન્ચાર્જ રોજગાર અધિકારી (જન), નર્મદા દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

## નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ સુરત ખાતે વૃદ્ધાશ્રમના વડીલો સાથે ધુળેટીના પાવન પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી





ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સુરતના પીપલોદ સ્થિત અંબિકા નિકેતન વૃદ્ધાશ્રમના વડીલો સાથે આનંદ, ઉલ્લાસ અને સૌહાર્દના પાવન પર્વ ધુળેટીના પાવન પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી. આ અવસરે નાયબ મુખ્યમંત્રીએ આશ્રમના વડીલો સાથે ગુલાલથી ધુળેટી રમી તેમના આશીર્વાદ મેળવ્યા હતા અને વડીલોના જીવનમાં ઉત્સાહનો સંચાર કર્યો હતો. તેમણે આ પાવન પર્વે ગુજરાતની જનતા સહિત દિવસ-રાત ફરજ બજાવતા પોલીસ વિભાગ અને મીડિયાના મિત્રોને પણ રંગોત્સવની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.તેમણે જણાવ્યું હતું કે, વડીલોની ઉપસ્થિતિમાં તહેવારની ઉજવણી કરવી એ સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ છે અને સૌના જીવનમાં આ હોળી-ધુળેટીનો તહેવાર સુખ-શાંતિ લાવે તેવી પ્રાર્થના કરી હતી. રંગોનો આ તહેવાર સૌના જીવનમાં નવી આશા અને ઉત્સાહના રંગો પૂરે તથા સૌનું સામાજિક જીવન પરસ્પર સ્નેહ અને મીઠાશથી મહેકતું રહે તેવી અભ્યર્થના વ્યક્ત કરી હતી.

## સ્મિત ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર - અમદાવાદ ખાતે બાળકો સાથે હોળીના પાવન તહેવારની આનંદ અને ઉત્સાહપૂર્વક ઉજવણી


ગાંધીનગર : સ્મિત ફાઉન્ડેશન (જીત પારેખ) દ્વારા ગાંધીનગર અને અમદાવાદ ખાતે બાળકો સાથે હોળી-ધૂળેટીના પાવન તહેવાર આનંદ અને ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. રંગોના આ પર્વે બાળકો સાથે કુદરતી રંગોથી રમતા, મીઠાઈ વિતરણ કરતા અને વિવિધ રમતો દ્વારા ખુશીઓ વહેચવામાં આવી. સ્મિત ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખ વધુ જણાવ્યું હતું કે આ પ્રસંગ બાળકોને સુરક્ષિત અને પર્યાવરણમૈત્રી ઓર્ગેનિક રંગોથી ધૂળેટી રમાડવામાં આવી, આ કાર્યક્રમ



દરમિયાન બાળકોને પિચકારી કલર આપ્યા હતા અને બકોના ચહેરા પર ખુશી અને ઉત્સાહ સ્પસ્ટપણે ઝળકતી હતી. ટ્રસ્ટીશ્રી આનંદ પારેખ, ડો હર્ષ જોશી, જીતેન શેખની, જયશાહ ઉપસ્થિત રહ્યા હતા વધુમાં ટ્રસ્ટીશ્રીએ જણાવ્યું હતું કે બાળકોમાં પ્રેમ એકતા અને ભાઈચારાનો સંદેશ પ્રસર્યો હતો અને બાળકોના ચહેરા પર દેખાતી ખુશી અને ઉત્સાહે સમગ્ર વાતાવરણને રંગીન બનાવી દીધું હતું. અહી ઉપસ્થિત શુભમ સંચેતી, રીટા અને અપૂર્વા દ્વારા બાળકોને અલગ અલગ રમતો રમાડવામાં આવી હતી. અહી નાના નાના ભૂલકાઓ સાથે ઉપસ્થિત મહેમાનોએ પણ એ એક બીજા ને રંગો લગાવીને હોળી-ધૂળેટીની ધામ ધૂમ થી ઉજવણી કરી હતી.

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે "શેપિંગ ટુમોરોઝ સીટીઝ - ફ્રોમ ક્લાયમેટ રીસ્ક ટૂ ગ્રીન ઓપોર્ચ્યુનીટીઝ" પુસ્તકનું વિમોચન કર્યું

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



આધુનિક સમયમાં બદલાતાં વિશ્વમાં શહેરીકરણ-અર્બનાઈઝેશન સૌથી વધુ પરીવર્તનકારી પ્રક્રિયા છે. તેને સમસ્યા નહિ પરંતુ સસ્ટેનેબલ, ક્લાઈમેટ રીઝીલીયન્ટ અને ઈનોવેટીવ સિટીઝ તરીકે વિકસાવવાની તકોનું આ પુસ્તકમાં વિસ્તૃત આલેખન થયું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરીકરણના પડકારોને તકમાં પલટાવવાના અપેલા માર્ગદર્શનને ગુજરાત ઉર્જા વિકાસ નિગમના મેનેજીંગ ડિરેક્ટર અધિકારી સુ.શ્રી. શાલિની અગ્રવાલે, વિશ્વના દેશોના અર્બન ડેવલોપમેન્ટ અને અર્બનાઈઝેશન અનુરૂપ ભવિષ્યના શહેરી વિકાસના વિઝનથી આ પુસ્તકમાં સચોટ નિરૂપણ સાથે આવરી લીધું છે. વધતાં જતાં શહેરીકરણને કારણે આવનારા દિવસોમાં એન્વાયરમેન્ટ અને સોશિયલ ચેલેન્જીસ માટેના ખાસ આગોતરા આયોજન અને નીતિ નિર્માણનું મહત્વ આ પુસ્તકમાં સમાવિષ્ટ છે. એટલું જ નહિ, અર્બનાઈઝેશન સાથે એનર્જી ડિમાન્ડ, રીસોર્સ કન્ઝમ્પશન અને ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જન પરિણામે સર્જાતી ક્લાયમેટ ચેન્જની અસરોનું સમાધાન કરવાના વિચારો આ પુસ્તકતમાં વણી લેવામાં આવ્યા છે. ભારતમાં પણ શહેરીકરણ ઝડપથી વધી રહ્યું છે અને ૨૦૪૭ સુધીમાં તેમાં મોટા પ્રમાણમાં વધારો થવાની શક્યતા છે. આ આર્થિક વિકાસયાત્રામાં શહેરોની ભૂમિકા ખૂબ મહત્વની રહેવાની છે. વધતાં શહેરીકરણને કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હાઉસીંગ, પાણી અને મૂળભૂત સેવાઓ પર ભાર વધે છે. તેથી શહેરોના સુવ્યવસ્થિત આયોજન અને ટકાઉ વિકાસ ખૂબ જરૂરી છે. તેની છણાવટ આ પુસ્તકમાં કરવામાં આવી છે. સસ્ટેનેબલ ડેવલોમેન્ટ પ્રોજેક્ટને માટે ફંડીંગના માર્ગો દર્શાવતા પુસ્તકમાં જણાવાયું છે કે ક્લાયમેટ રીઝીલીયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે ગ્રીન બોન્ડ, પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ, કાર્બન માર્કેટ અને ક્લાઈમેટ ફાઈનાન્સ જેવા પ્રયાસો દ્વારા મોટું રોકાણ પ્રાપ્ત કરી શકાય છે. આ સાધનો દ્વારા શહેરો જરૂરી મૂડી એકત્રીત કરી શકે છે. સાથે સાથે સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની નાણાકીય ક્ષમતા મજબૂત બનાવવાની, મ્યુનિસીપલ ફાયનાન્સ સીસ્ટમને વધુ સુદ્રઢ કરવાની બાબતોને પણ આવરી લેવામાં આવી છે.

## જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવે રાજ્યપાલની ઉપસ્થિતિ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ભગવાન સ્વામિનારાયણ દ્વારા સ્વહસ્તે નિર્મિત ઐતિહાસિક મંદિરોમાંના એક સ્વામિનારાયણ મંદિર, જેતલપુર ખાતે ઉજવાતા ભવ્ય દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે આચાર્ય દેવવ્રત વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આધ્યાત્મિકતા અને સામાજિક જવાબદારીના સંગમને ઉજાગર કરતાં રાજ્યપાલશ્રીએ 'પ્રાકૃતિક ખેતી'ને માનવજીવન અને રાષ્ટ્રના સ્વસ્થ ભવિષ્ય માટે અનિવાર્ય ગણાવી. તેમણે જણાવ્યું કે સ્વસ્થ શરીર વિના ભક્તિ, સેવા અને રાષ્ટ્રનિર્માણ શક્ય નથી. છેલ્લા દાયકાઓમાં રાસાયણિક ખેતીના અતિરેક ઉપયોગથી જમીન, જળ અને આરોગ્ય પર ગંભીર અસર પડી હોવાનું જણાવતાં તેમણે યુરિયા-ડીએપી જેવી રસાયણિક ખાતરોના દૂષ્પ્રભાવ અંગે ચિંતા વ્યક્ત કરી. "જો હવે નહીં સુધરીએ તો આવનારી પેઢીને બંજર ધરતી વારસામાં મળશે," એમ તેમણે ચેતવણી આપી. રાજ્યપાલશ્રીએ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અને હરિભક્તોને ઝેરમુક્ત, પ્રાકૃતિક ખેતીના અભિયાનમાં જોડાવા આહવાન કર્યું. પ્રાકૃતિક ખેતીથી જમીનની ઉર્વરાશક્તિ અને જળસંચય વધે છે, જે આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવામાં સહાયક બની શકે છે, એમ તેમણે ઉમેર્યું. પ્રસંગે સંતો-મહંતો અને મોટી સંખ્યામાં હરિભક્તોની હાજરીમાં આધ્યાત્મિક ઉલ્લાસ સાથે પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ સમાજ નિર્માણનો સંકલ્પ વ્યક્ત થયો.

## હોળી-ધૂળેટી પર એસ.ટી.નું સુદ્રઢ આયોજન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

હોળી-ધૂળેટીના તહેવારોમાં મુસાફરોના ભારે ધસારાને પહોંચી વળવા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા કરાયેલ વિશેષ આયોજન સફળ સાબિત થયું છે. તા. ૨૭ ફેબ્રુઆરીથી ૪ માર્ચ ૨૦૨૬ દરમિયાન નિગમે ૭૪૦૦થી વધુ વધારાની ટ્રીપ ચલાવી અંદાજે ૩.૧૪ લાખ મુસાફરોને સલામત અને સમયસર પરિવહન સેવા પૂરી પાડી છે. ખાસ કરીને ડાકોર રણછોડરાયજી મંદિર ખાતે હોળી પર્વે દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ માટે ૩૬૦૦ વિશેષ ટ્રીપ દોડાવવામાં આવી, જેના દ્વારા ૧.૩૨ લાખથી વધુ ભાવિકોએ લાભ લીધો. ગત વર્ષની સરખામણીએ ટ્રીપ અને મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. અમદાવાદ, હિમતનગર, સુરત, વડોદરા, રાજકોટ સહિત રાજ્યના મુખ્ય શહેરોમાંથી વધારાની બસ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી, જે નિગમની આયોજનક્ષમતા અને તાત્કાલિક પ્રતિસાદ ક્ષમતાનું પ્રતિબિંબ છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી એ સફળ આયોજન બદલ નિગમના ડ્રાઈવર-કંડકટર સહિત સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવી રાજ્ય સરકાર તહેવારો દરમિયાન નાગરિકોને સુવિધાજનક અને સલામત પરિવહન આપવા પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું.

## ઉનાળુ કઠોળ પાક માટે સંકલિત રોગ-જીવાત નિયંત્રણ માર્ગદર્શિકા જાહેર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા ઉનાળુ સીઝનમાં મગ, ચોળી અને ગુવાર જેવા કઠોળ પાકોમાં રોગ અને જીવાતના નિયંત્રણ માટે વિસ્તૃત સંકલિત માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. વધતા તાપમાન અને બદલાતા હવામાનને પગલે પાક સુરક્ષા ખેડૂતો માટે પડકારરૂપ બની રહી છે, ત્યારે આ માર્ગદર્શિકા વૈજ્ઞાનિક ખેતી તરફ મહત્વપૂર્ણ પગલું ગણાય છે. યુનિવર્સિટીએ રોગપ્રતિકારક જાતોના વાવેતરથી લઈને બિયારણ માવજત, જીવાત નિયંત્રણ અને રોગચાળાના તબક્કાવાર ઉપચાર સુધીના ઉપાયો સૂચવ્યા છે. બેક્ટેરીયલ બ્લાઈટ માટે બિયારણ સારવાર, ચૂસિયા જીવાતો માટે લીમડાના તેલ તથા ભલામણ કરેલી જંતુનાશક દવાઓનો યોગ્ય ડોઝમાં છંટકાવ, તેમજ શિંગ કોરી ખાનાર ઈયળ, ભૂકી છારો અને સરકોસ્પોરા જેવા રોગો સામે સમયસર નિયંત્રણ માટે ચોક્કસ દિશાનિર્દેશ આપવામાં આવ્યા છે. યુનિવર્સિટીએ ખાસ ભાર મૂક્યો છે કે દવાઓનો ઉપયોગ લેબલ સૂચના મુજબ જ કરવો અને જરૂર પડે ત્યારે નજીકના કૃષિ અધિકારીઓનો સંપર્ક સાધવો. સંકલિત રોગ-જીવાત નિયંત્રણ અપનાવવાથી ખેડૂતો ઓછા ખર્ચે વધુ ઉપજ મેળવી શકે છે અને પાકની ગુણવત્તા જાળવી શકશે. આ માર્ગદર્શિકા ઉનાળુ કઠોળ ઉત્પાદનને સુરક્ષિત અને લાભદાયી બનાવવાની દિશામાં ખેડૂતો માટે માર્ગદર્શક સાબિત થશે.

## અમદાવાદ સિવિલમાં બે જટિલ સર્જરી સફળ, મફત સારવારથી નવજીવન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યની જાહેર આરોગ્ય વ્યવસ્થાની સંવેદનશીલતા અને નિષ્ણાત તબીબી કુશળતાનું જીવંત ઉદાહરણ ફરી એકવાર અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સામે આવ્યું છે. બે અલગ-અલગ જટિલ કિસ્સાઓમાં તબીબોની ટીમે એરગનની ગોળી અને શ્વાસનળીમાં ફસાયેલા પથ્થરને સફળતાપૂર્વક દૂર કરી બે માસૂમોના જીવ બચાવ્યા છે. બનાસકાંઠાની એક વર્ષની સુમનબાની છાતીમાં રમતા રમતા એરગનની ગોળી ફસાઈ ગઈ હતી. ગોળી કરોડરજ્જુની નજીક અટવાતાં પરિસ્થિતિ અત્યંત જોખમી બની હતી. પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા ડો. રાકેશ જોશી અને તેમની ટીમે થોરાકોસ્કોપી દ્વારા સફળ ઓપરેશન કરી ગોળી દૂર કરી દીધી. બાળકી હવે સંપૂર્ણ સ્વસ્થ છે. બીજા કિસ્સામાં રામોલના તેમુર અલીની શ્વાસનળીમાં પથ્થર ફસાઈ જતા તેને ગંભીર શ્વાસકષ્ટ ઉભું થયું હતું. વેન્ટિલેટર સપોર્ટ પર રહેલા બાળકનું તાત્કાલિક ઓપરેશન કરી તબીબોએ પથ્થર દૂર કર્યો અને તેની સ્થિતિ સ્થિર કરી. ડો. જોશીએ જણાવ્યું કે, "આ માત્ર સર્જરી નહીં, પરંતુ જાહેર આરોગ્ય વ્યવસ્થાની પ્રતિબદ્ધતા અને સંવેદનશીલતાની જીત છે." બંને કિસ્સાઓમાં સંપૂર્ણ સારવાર નિઃશુલ્ક આપવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું. તબીબોએ વાલીઓને ચેતવણી આપી છે કે નાના બાળકોને એરગન, સિક્કા, બટન સેલ, સેફટી પીન અથવા નાના પથ્થરોથી દૂર રાખવા અને અચાનક ખાંસી કે શ્વાસમાં તકલીફ જણાય તો વિલંબ કર્યા વગર નિષ્ણાત હોસ્પિટલનો સંપર્ક કરવો. આ ઘટનાએ ફરી સાબિત કર્યું છે કે સરકારી આરોગ્ય સેવા ગરીબ અને મધ્યમ વર્ગ માટે આશાનો મજબૂત આધાર બની રહી છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા 'કવાંટ ગેર મેળા' પર ટપાલ ટિકિટનું અનાવરણ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છોટાઉદેપુર જિલ્લાના પ્રસિદ્ધ આદિવાસી ઉત્સવ 'કવાંટ ગેર મેળો' પર આધારિત ટપાલ ટિકિટ અને વિશેષ કવરનું અનાવરણ કર્યું. આ અવસરે ઉત્તર અને દક્ષિણ ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ એ ટપાલ ટિકિટની પ્રથમ નકલ મુખ્યમંત્રીને ભેટ આપી. છોટાઉદેપુરના કવાંટ ખાતે દર વર્ષે યોજાતો આ મેળો આદિવાસી સંસ્કૃતિ, પરંપરા અને પ્રકૃતિ સાથેના સામંજસ્યનું જીવંત પ્રતિબિંબ છે. ટપાલ ટિકિટ દ્વારા આ લોકોત્સવને રાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવાનો પ્રયાસ રાજ્યની સાંસ્કૃતિક ધરોહરને નવી દિશા આપશે. આ પ્રસંગે સાંસદ જશુભાઈ રાઠવા, ધારાસભ્ય અભેસિંહ તડવી સહિત અન્ય અગ્રણીઓ હાજર રહ્યા હતા. 'કવાંટ ગેર મેળો' માત્ર ઉત્સવ નહીં, પરંતુ પેઢીઓથી જીવંત રહેલી આદિવાસી પરંપરાઓ, સામાજિક સમરસતા અને "વિકાસ સાથે વિરાસત"ના સંદેશનું પ્રતિક છે–અને હવે ટપાલ ટિકિટ મારફતે આ વારસો દેશભરમાં પહોંચશે.

## રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી તરીકે સંદીપ સાગલે એ ચાર્જ સંભાળ્યો



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ભારતનું ચૂંટણી પંચ ના આદેશ અનુસંધાને શ્રી સંદીપ સાગલે (IAS) એ રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી તરીકે ચાર્જ સંભાળ્યો છે. કાર્યભાર સંભાળતાં જ તેમણે પ્રોએક્ટિવ અભિગમ અપનાવી CEO કચેરીની તમામ શાખાઓના અધિકારીઓ સાથે રાજ્યવ્યાપી ચૂંટણી તંત્રની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી. ચૂંટણી સંચાલન, મતદાર યાદી, મીડિયા સેલ, ફરિયાદ નિવારણ, આઈટી સહિતની વિવિધ શાખાઓના જવાબદાર અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યું. રાજ્યથી જિલ્લા સ્તર સુધી તાલીમ સુવ્યવસ્થિત અને અસરકારક રીતે થાય તે અંગે ખાસ ભાર મૂકતાં તાલીમ મોડ્યુલમાં રચનાત્મકતા લાવવાની તાકીદ કરી. આગામી ચૂંટણીઓ અને મતદાર યાદીના સંક્ષિપ્ત સુધારણા સહિતના કાર્યક્રમોને ધ્યાનમાં રાખતાં મુખ્ય નિર્વાચન અધિકારીના નેતૃત્વ હેઠળ સમગ્ર ચૂંટણી તંત્ર સજ્જ અને સક્રિય બન્યું હોવાનું સ્પષ્ટ થાય છે.

## અમદાવાદમાં 'શી ટીમ'ની ગાડીનો ડ્રાઈવર પીધેલી હાલતમાં ઝડપાયો

### નશામાં ગાડી ડિવાઈડર પર ચઢાવી દીધી, લોકોના ટોળાએ ભેગા થઈ તપાસ કરતાં ગાડીમાંથી દારૂનું ક્વાર્ટર મળ્યું



(એજન્સી) અમદાવાદ | તા.05

અમદાવાદ શહેરમાં મહિલાઓની સુરક્ષા માટે કાર્યરત પોલીસની 'શી ટીમ' વિવાદમાં આવી છે. નિકોલ પોલીસ સ્ટેશનની શી ટીમની ગાડીના આઉટસોર્સ ડ્રાઈવરે નશાની હાલતમાં સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા ગાડી ડિવાઈડર પર ચઢાવી દીધી હતી. અકસ્માત બાદ ભેગા થયેલા લોકોએ જ્યારે તપાસ કરી તો ગાડીમાંથી દારૂનું ક્વાર્ટર મળી આવતા ચકચાર મચી ગઈ હતી. પોલીસે આ મામલે આઉટસોર્સ ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદ શહેરના નિકોલ વિસ્તારમાં આવેલા ભવાની ચોક પાસે રાત્રે 10:00 વાગ્યાની આસપાસ પોલીસની ગાડીના ડ્રાઈવર દ્વારા બેફામપણે ગાડી ચલાવીને ડિવાઈડર ઉપર ચડાવી દેવામાં આવી હતી. ગાડીનો અકસ્માત થતા ત્યાંથી પસાર થતા લોકોના ટોળેટોળા ભેગા થઈ ગયા હતા. ગાડીમાં ડ્રાઈવર બેઠો હતો અને તેમાં તપાસ કરતા એક લાલ કલરના દારૂનું ક્વાર્ટર પણ ગાડીમાંથી મળી આવ્યું હતું.

લોકોના ટોળા ભેગા થઈ જતા નિકોલ પોલીસને જાણ થઈ હતી. જેથી પોલીસની ટીમ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. પોલીસે અકસ્માત થયો અને દારૂ પીધેલી હાલતમાં ડ્રાઈવર હોવાનું જાણવા મળતા ત્યાંથી સ્થાનિક લોકોને ભગાડ્યા હતા અને દૂર કર્યા હતા. દારૂ પીધેલી હાલતમાં પોલીસની ગાડીનો ડ્રાઈવર ઝડપાતા લોકોએ વીડિયો ઉતાર્યો હતો. નિકોલ પોલીસ દ્વારા આ મામલે કાર્યવાહી કરવામાં આવી હતી.

નિકોલ પોલીસ સ્ટેશનની જ મહિલાઓની સુરક્ષા માટે રાખવામાં આવેલી શી ટીમની ગાડીનો આઉટસોર્સ ડ્રાઈવર રાકેશ પાટીલ (રહે. કઠવાડા રોડ) હોવાનું સામે આવ્યું હતું. પોલીસ દ્વારા દારૂ પીને ગાડી ચલાવવા બદલ રાકેશ પાટીલ વિરુદ્ધ ગુનો નોંધી અને તેની ધરપકડ કરવામાં આવી છે. શહેરમાં દારૂને લઈને છેલ્લા કેટલાય સમયથી લોકોમાં પણ રોષ છે, ત્યારે ખુદ પોલીસની ગાડીનો જ ડ્રાઈવર દારૂ પી અને ગાડી ચલાવતો હોવાનું સામે આવતા નિકોલ પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

## વઘઈ-આહવા રોડ પર મોટરસાયકલ સંરક્ષણ દીવાલ નીચે ખાબકતા ચાલકનું મોત



સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં વઘઈ-આહવા રોડ પર નડગખાદી ગામની સીમમાં એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક ૩૩ વર્ષીય યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.મોટરસાયકલ સવાર યુવાને સ્ટેયરિંગ પરનો કાબુ ગુમાવતા બાઈક રોડની સાઈડમાં આવેલા લોખંડના પાઈપો સાથે અથડાઈને દીવાલ નીચે ખાબકી હતી.મળતી માહિતી મુજબ, નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના વાટી ગામના રહેવાસી ગીરીશભાઈ સતુભાઈ પવાર (ઉં.વ. ૩૩) ગત તારીખ ૦૩/૦૩/૨૦૨૬ના રોજ પોતાની દીકરીને સાસરીમાં મૂકીને પરત ફરી રહ્યા હતા. રાત્રિના આશરે ૧૨:૩૦ થી સવારના ૦૭:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન, નડગખાદી ગામ પાસેના વળાંકમાં તેમની હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ (નંબર: GJ-21-DE-6972) પરથી કાબુ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો.અકસ્માતમાં મોટર સાયકલ ચાલકના શરીરે આંખ, કપાળ અને નાકના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે બાદ અકસ્માતમાં તેમનું મોત નિપજ્યું હતુ.હાલમાં વઘઈ પોલીસની ટીમે મૃતદેહને પીએમ માટે વઘઈ સી. એચ.સી. ખાતે ખસેડવામાં આવ્યો હતો.વઘઈ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## રાજ્ય સરકારે આવશ્યક દવાઓની યાદી (EDL)માં કર્યો વધારો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનસેરિયાએ રાજ્યના આરોગ્ય ક્ષેત્રે લેવાયેલા એક મહત્વપૂર્ણ નિર્ણયની વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટેની આવશ્યક દવાઓની યાદી (EDL)માં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિ. (GMSCL) દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ની ૧,૩૮૬ દવાઓની સમીક્ષા કર્યા બાદ, ૧૫૦ નવી દવાઓનો ઉમેરો કરવામાં આવ્યો છે અને બિનજરૂરી ૫૭ દવાઓ રદ કરવામાં આવી છે. જેના પરિણામે હવે આગામી વર્ષ માટે કુલ ૧,૪૭૯ જેટલી સર્જિકલ અને ડાયગ્નોસ્ટિક સહિતની જરૂરી દવાઓ દર્દીઓને સરળતાથી ઉપલબ્ધ બનશે. આરોગ્ય મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્યના છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠતમ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પહોંચાડવી એ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારની નૈતિક જવાબદારી છે. રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે દવાઓની ખરીદી માટે એસેન્સિયલ ડ્રગ લિસ્ટને રિવાઈઝ કરવામાં આવે છે. EDLમાં સમાવિષ્ટ આ પ્રત્યેક દવા અને સર્જિકલ આઈટમ રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોથી લઈને મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો સુધીના તમામ સ્તરે વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. તેમણે વિગતવાર માહિતી આપતા કહ્યું હતું કે, રાજ્ય સરકારના એસેન્સિયલ ડ્રગ લિસ્ટમાં પ્રાથમિક કક્ષાની ૩૭૮ દવાઓ, સેકન્ડરી કક્ષાની ૬૨૮ દવાઓ અને ટર્સરી કક્ષાની ૧,૪૭૫ દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુખ્ય રોગોની દવાઓમાં થયેલા વધારા અંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગત વર્ષની સરખામણીએ જીવનરક્ષક દવાઓના ગ્રુપમાં મોટો વધારો જોવા મળ્યો છે. એન્ટી-ઈન્ફેક્ટિવ મેડિસિન્સ ૨૦૨થી વધારીને ૨૧૬, શ્વસનતંત્રની દવાઓ ૨૯થી વધારીને ૪૦, આંખની દવાઓ ૫૧થી વધારીને ૫૮, ગેસ્ટ્રો ઈન્ટેસ્ટાઈનલની દવાઓ ૫૨ (બાવન)થી વધારીને ૫૬ તેમજ મેડિકલ ડિવાઈસીસની સંખ્યા ૨૮૭થી વધારીને ૩૪૯ કરવામાં આવી છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૫-૨૬ના EDLમાં હૃદયરોગની ૧૧૬, કેન્સરની ૫૬, ન્યૂરોલોજીકલ ડિસોર્ડર્સની ૭૫ અને માનસિક રોગોની ૪૩ દવાઓ સહિત અનેકવિધ દવાઓનો સમાવેશ કરીને આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવામાં આવી છે.

# રાજપીપલા નજીક ઓરી ગામે નર્મદા નદીમાં 3 ડૂબ્યા

## ગામની મસ્જિદના એસી રીપેર કરવા આવ્યા હતા નદીમાં ન્હાવા પડ્યા ને ડૂબી જતા મોત ને ભેટ્યા



રાજપીપલા. તા-05

પ્રાપ્ત માહીતી મુજબ નર્મદા જિલ્લા વહીવટી તંત્ર એ જિલ્લા ની નદીઓ , જળાશયો કે તળાવ માં નહાવા પર પ્રતિબંધ મુક્યો છે તેમ છતાં લોકો નદી માં નહાવા પડે છે અને ડૂબી જવાની ઘટના બને છે . આ પ્રકાર ની ઘટના રાજપીપલા થી 16 કિમિ દૂર આવેલ સિસોદરા ગામમાં નોંધાઈ છે જ્યાં ગામની મસ્જિદ ના એસી રીપેર કરવા આવેલ (1)મુજામિલ યાસીન ઘાંચી , ઉ. વ. 20, ઈબ્રાહિમ યાસીન મન્સૂરી ઉ.વ. 26 , તેમજ અકરમ નૂરમાંહમદ મન્સૂરી ઉ.વ. 19 તમામ વડોદરા જિલ્લા ના કાયાવરોહણ ના રહેવાસીઓ સિસોદરા નજીક ઓરી ગામની સીમમાં નર્મદા નદી માં નહાવા પડતા ત્રણેય નું ડૂબી જતા મોત નીપજ્યું હતું . ઘટના ની જાણ થતા ફાયરબ્રિગેડ અને NDRF ની ટિમ ઘટના સ્થળે પહોંચી જઈ નદી માં શોધખોળ કરતા મોડી રાત્રે ત્રણેયના મૃતદેહ નદીમાંથી મળી આવ્યા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાત યુનિવર્સિટી ખાતે વિકાસની ત્રિવેણી

(એજન્સી) અમદાવાદ । તા. 06

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે વિકાસ ત્રિવેણીનો પ્રારંભ કરાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિમેન-લેડ ડેવલપમેન્ટના અભિગમને સાકાર કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રીશ્રી ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટરનું વિદ્યાગૌરી નિલકંઠ સભાપુરમ નામકરણ, નવનિર્મિત રિસર્ચ પાર્કનું લોકાર્પણ તથા herSTARTના પાંચમાં સંસ્કરણના શુભારંભ અવસરે સંબોધન કરી રહ્યાં હતા. ગુજરાત યુનિવર્સિટી સ્ટાર્ટઅપ એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ કાઉન્સિલ-GUSEC દ્વારા વિમેન




સ્ટાર્ટઅપ્સને ઈન્ક્યુબેશન, મેન્ટરશીપ અને માર્કેટ એક્સેસ સપોર્ટ આપવાના આશયથી herSTART કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે તેનું પાંચમું સંસ્કરણ ગુજરાત યુનિવર્સિટીમાં શરૂ થયું છે.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની યુવાશક્તિના ઈનોવેશન્સને નવી દિશા આપવા શરૂ કરાવેલું સ્ટાર્ટઅપ ઈન્ડિયા હવે રિવોલ્યુશન બની ગયું છે. એક દાયકા પહેલા દેશમાં 500થી ઓછા સ્ટાર્ટઅપ હતા તે વધીને હવે અંદાજે 2 લાખ સુધી પહોંચી ગયા છે તેમાં પણ મહિલાશક્તિની અડધોઅડધ ભાગીદારી છે. એટલું જ નહિ, વિમેન-લેડ સ્ટાર્ટઅપ ફંડિંગમાં ભારત અગ્રિમ હરોળમાં આવી ગયુ છે. તેમણે પ્રથમ ગુજરાતી મહિલા સ્નાતક વિદ્યાગૌરી નિલકંઠના નામ સાથે યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરને જોડીને વિદ્યાગૌરી નિલકંઠ સભાપુરમ નામકરણ માટેની ગુજરાત યુનિવર્સિટીની પહેલની પણ સરાહના કરી હતી.

## ધીંગી ધરા, ધીંગા માડુ, ધીંગા પેરવેશ,કચ્છી પાગ ધીંગી મથે, ખભે ધીંગો ખેશ,જગમેં ન જોટો જેંજો, ઈ ડોલરીયો કચ્છ દેશ!! પરંપરાની શાન – મુળભૂત પહેરવેશ ને મસ્તકની પાગ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

ગુજરાતની સંસ્કૃતિમાં પાગ માન-સન્માન અને ગૌરવનું પ્રતિક માનવામાં આવે છે. તસવીરમાં દેખાતા દેશલપર (ગું) ગામના હાસમ લુહાર પરંપરાગત કચ્છી અજરખની પાગ જે લાલ ડિઝાઈનવાળી પાગ અને સફેદ પહેરવેશમાં ખૂબ જ ગૌરવપૂર્ણ અંદાજમાં નજરે પડે છે. તેમનો સરળ સ્વભાવ અને સંસ્કારી વ્યક્તિત્વ ચહેરા પર સ્પષ્ટ ઝલકે છે.રાત્રિના સમયે



ગામડાની પૃષ્ઠભૂમિમાં લેવાયેલ આ તસવીર ગ્રામ્ય જીવનની સાદગી અને પરંપરાનો સુંદર અહેસાસ કરાવે છે. હાસમ લુહાર જેવા વ્યક્તિઓ આપણા સમાજમાં સંસ્કૃતિને જીવંત રાખવાનો ઉત્તમ ઉદાહરણ છે. પરંપરાગત પહેરવેશ અને ગૌરવભર્યો અંદાજ નવી પેઢી માટે પ્રેરણારૂપ છે કે આપણે પોતાના મૂળ અને પરંપરાઓને સન્માન સાથે જાળવી રાખીએ.

# કચ્છ જિલ્લા સામાજિક ન્યાય સમિતિની બેઠકમાં વિવિધ યોજના વિશે સમીક્ષા કરાઈ



મહેશ એલ. સોની નખત્રાણા

જિલ્લા પંચાયત કચ્છ ભુજ કચેરી ખાતે જિલ્લા સામાજિક ન્યાય સમિતિ બેઠકનું આયોજન કરવામાં આવ્યું જેમાં અનુસુચિત જાતિની વિવિધ યોજનાઓનો અંગે સમીક્ષા કરવામાં આવી તથા છાત્રાલયમાં ચાલતા વિકાસ કાર્યો તેમજ શૈક્ષણિક સંસ્થાઓ અને છાત્રાલયોમાં આપેલ શૈક્ષણિક સાધનોની ખરીદી વગેરે અંગે ચર્ચા કરવામાં આવી કચ્છ જિલ્લામા ધોરણ ૧૦/૧૨બોર્ડની પરીક્ષામાં પ્રથમ ત્રણ આવેલા વિદ્યાર્થીઓનુ વિશિષ્ટ સન્માન સાથે યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ આગામી સમયમાં આયોજન કરવું આ બેઠકમાં સામાજિક ન્યાય સમિતિ ના ચેરમેન પ્રષોત્તમ મારવાડા, પુર્વ ચેરમેનશ્રી કેશવજીભાઇ રોશીયા, પુર્વ ચેરમેન શ્રીમતી કુંવરબેન મહેશ્વરી, શ્રી દેવશીભાઇ પાતાળીયા, સમાજકલ્યાણ અધિકારી શ્રી પ્રજાપતિ સાહેબ, શ્રી ગોવિંદભાઈ માળી તેમજ કચ્છ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સમાજ કલ્યાણ નિરીક્ષકો હાજર રહ્યા હતા.

# ઘડાણી પ્રાથમિક શાળામાં "વિશ્વ વન્યજીવ દિવસ" ની ઉજવણી



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના ઘડાણી ગામ ખાતે આવેલ પ્રાથમિક શાળામાં "વિશ્વ વન્યજીવ દિવસ" ની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વનપાલ ગણેશભાઈ સોલંકી, વન રક્ષક જગદીશભાઈ સોલંકી, વન રક્ષક રશ્મિબેન રાઠોડ તેમજ જુમાભાઈ નોતિયાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનો દ્વારા વિદ્યાર્થીઓને વન્ય પ્રાણીઓ અને પક્ષીઓના સંરક્ષણનું મહત્વ સમજાવવામાં આવ્યું. વન્યજીવોના ગેરકાયદેસર શિકારથી થતા નુકસાન અને પર્યાવરણ પર પડતા પ્રભાવ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું કે વન્યજીવો કુદરતી સંતુલન જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કાર્યક્રમ દરમિયાન પોષણ કડી (Food Chain) વિશે સરળ અને સમજણસભર માર્ગદર્શન અપાયું. પર્યાવરણ સંરક્ષણ અંગે વિદ્યાર્થીઓએ પોતાના વિચારો રજૂ કર્યા અને જાગૃતિના સંદેશ આપ્યા.કાર્યક્રમનું સંચાલન આચાર્યા દિપાલીબેન રામાવત દ્વારા કરવામાં આવ્યું હતું જ્યારે આભાર વિધિ શીતલબેન દ્વારા કરાઈ હતી. અલકાબેન, દર્શનભાઈ તથા સમગ્ર શાળા સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે વન્યજીવો પ્રત્યે નાગરિક તરીકે જાગૃતિ રાખવી અને તેમના સંરક્ષણ માટે જવાબદાર બનવું સમયની માંગ છે. વન્યજીવોની પોતાની એક અનોખી દુનિયા છે અને કુદરતી સૌંદર્યમાં તેમનો મહત્વનો ફાળો રહેલો છે. લીલી વનરાઈ, ડુંગર, જંગલ અને નદીઓ પ્રકૃતિના આભૂષણો છે, જેના થકી જ જીવન શક્ય બને છે. પર્યાવરણ સંરક્ષણ માટે ફોરેસ્ટ વિભાગ સાથે જોડાઈ સક્રિય ભાગીદારી કરવી જરૂરી છે.ઘડાણી પ્રાથમિક શાળાનો આ પ્રયાસ જિલ્લા વિસ્તારમાં પર્યાવરણ જાગૃતિ માટે પ્રેરણાદાયી સાબિત થયો છે.

# અમરેલી આસ્થાનું પ્રતિક કામનાથ સરોવર (ગાંડી વેલ) થી ઢંકાઈ ગયું



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી શહેરનું આસ્થાસ્થાન અને પ્રાચીન ઓળખ ધરાવતું કામનાથ સરોવર આજકાલ પોતાની દુર્દશા માટે ચર્ચામાં છે. સરોવરનો મોટો હિસ્સો જળકુંભી (ગાંડી વેલ)થી ઢંકાઈ ગયો હોવાથી પાણીનો અસ્તિત્વ જ જોખમમાં મુકાયો છે. એક સમયે શહેરવાસીઓ માટે ગૌરવ સમાન ગણાતું આ સરોવર હવે બેદરકારીનું પ્રતિક બની ગયું છે.રહેવાસીઓના જણાવ્યા મુજબ, વર્ષોથી જળકુંભી દૂર કરવાની વાતો થાય છે, પરંતુ જમીન પર કોઈ કાયમી કામગીરી જોવા મળતી નથી. મચ્છરોના વધતા ઉપદ્રવને કારણે આસપાસના વિસ્તારોમાં સાંજ બાદ બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે. ગંદકીના કારણે આરોગ્ય સંબંધિત જોખમ પણ વધી રહ્યા છે. જળકુંભી એટલી ઘનતા સાથે ફેલાઈ ગઈ છે કે પાણી ક્યાં છે અને જમીન ક્યાં છે તે ઓળખવું મુશ્કેલ બન્યું છે. પશુઓ અથવા લોકો માટે અકસ્માતની શક્યતા નકારી શકાય તેમ નથી. કેટલાક સામાજિક કાર્યકરોએ ભૂતકાળમાં અહીંથી શંકાસ્પદ પરિસ્થિતિમાં મૃતદેહો મળ્યાના આક્ષેપો પણ કર્યા છે. વિપક્ષી નેતા સંદીપ ધાનાણીએ તંત્ર પર આક્ષેપ કરતાં જણાવ્યું કે,'સરોવર વિકાસ માટે ફાળવાતી ગ્રાન્ટ અને યોજના ઓનો વાસ્તવિક લાભ શહેરને મળતો નથી. જાહેર કરાયેલી યોજનાઓ અને હકીકત વચ્ચે મોટો અંતર હોવાનું તેમણે જણાવ્યું.' શહેરવાસીઓની માંગ છે કે, તાત્કાલિક ધોરણે જળકુંભી દૂર કરી સરોવરની સફાઈ કરવામાં આવે અને કાયમી જાળવણી માટે સ્પષ્ટ કાર્યયોજના જાહેર થાય. માત્ર જાહેરાતો નહીં, પરંતુ સમયબદ્ધ કામગીરી થાય તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે. જો તંત્ર ઝડપથી પગલા નહીં ભરે તો આગામી સમયમાં આ મુદ્દે ઉગ્ર વિરોધ પ્રદર્શન થવાની શક્યતા પણ વ્યક્ત થઈ રહી છે.

# રવાપર બસ સ્ટેશન રોડ વિસ્તારમાં આરોગ્ય વિભાગની ચકાસણી – વેપારીઓને સ્વચ્છતા બાબતે માર્ગદર્શન



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના રવાપર ગામે રવાપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, દ્વારા બસ સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલી ચા-પાણીની હોટેલો, નાસ્તાની દુકાનો, શાકભાજી દુકાનો, શેરડીના સંચા તથા આર.ઓ. પ્લાન્ટની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની સૂચના તથા જિલ્લા એપીડેમિક શાખાના માર્ગદર્શન હેઠળ તાલુકા આરોગ્ય અધિકારીશ્રી અને મેડિકલ ઓફિસરશ્રીના માર્ગદર્શન પ્રમાણે આ કામગીરી કરવામાં આવી.મુલાકાત દરમિયાન સ્વચ્છતા જાળવવા, પીવાના પાણીનું ક્લોરીનેશન કરવા, ડસ્ટબિનનો ઉપયોગ કરવા, ડિસ્પોઝેબલ ગ્લાસ અને ડિશનો સ્વચ્છ ઉપયોગ કરવા, સડેલા ફળો-શાકભાજીનો નાશ કરવા તેમજ હલકી ગુણવત્તાવાળી ખાદ્ય વસ્તુઓનો ઉપયોગ ન કરવા અંગે સમજ આપવામાં આવી. પાણીજન્ય અને દૂષિત ખોરાકથી ફેલાતા રોગોને અટકાવવા માટે આગોતરા પગલાંરૂપે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કામગીરીમાં MPH W શ્રી, MPHS શ્રી તેમજ તમામ વેપારીઓ, હોટેલ અને આર.ઓ. પ્લાન્ટના માલિકોએ સહકાર આપ્યો હતો. તેવુ આરોગ્ય કર્મચા રી શ્રી સુલેમાન પિંજારા જેવોની યાદી માં જણાવેલ હતુ.



નિતીન ઠાકર : ચાણસ્મા તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી શ્રી ગોવિંદભાઈ ચૌધરી સાહેબની શુભેચ્છા મુલાકાત કરી સાલ ઓઢાડી સ્વાગત જિલ્લા સંગઠન ઉપ પ્રમુખ વિષ્ણુભાઈ પટેલ તથા જિલ્લા બક્ષીપંચ મોરચાના મહામંત્રી નાનજીભાઈ ચૌધરી તથા પૂર્વ ચાણસ્મા તાલુકા મહામંત્રી મહેશભાઈ દ્વારા કરવામાં આવ્યું.

# નખત્રાણા ખાતે ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવા મિટિંગનું થયું આયોજન


મહેશ એલ. સોની નખત્રાણા

આગામી તા.૧૯/૪/૨૦૨૬ અખાત્રીજ ના રોજ પરશુરામ જયંતિ નિમિતે વિવિધ કાર્યક્રમો ઘડવા માટે નખત્રાણા સમસ્ત બ્રહ્મ સમાજ વાડી ખાતે એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં શ્રી નખત્રાણા તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ શ્રી નખત્રાણા શહેર સમસ્ત બ્રહ્મ સમાજ શ્રી પરશુરામ સેના નખત્રાણા તથા શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા મંડળ નખત્રાણાના મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને દર વર્ષની જેમ આ વર્ષે પણ ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવનું ભવ્યાતિ ભવ્ય આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ અંગેની રૂપરેખા આપતા નખત્રાણા બ્રહ્મ સમાજના ઉપપ્રમુખ શ્રી દિનેશભાઈ જોશી એ એક અખબારી યાદી જોગ જણાવ્યું હતું કે ભવ્યાતિ ભવ્ય કાર્યક્રમ અંતર્ગત સવારે વિશાળ બાઈક રેલી, સાંજે શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિરેથી ભગવાન શ્રી પરશુરામની ભવ્ય શોભાયાત્રા, બપોરે મહાઆરતી, સાંજે દાતાશ્રીઓના સન્માન તથા રાત્રે મહાપ્રસાદનું આયોજન નખત્રાણા સમસ્ત બ્રહ્મ સમાજ વાડી મધ્યે કરવામાં આવેલ છે દર વર્ષની જેમ આ વખતે પણ પ્રથમ મીટીંગ ની અંદર જ અંદાજિત 25 થી 30 જેટલા દાતાશ્રીઓ



એ પોતાનું નામ નોંધાવી ચૂક્યા છે અને હજુ પણ જે કોઈ બ્રહ્મસમાજના ભાઈઓ બહેનોને ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવમાં દાન આપવાની ઈચ્છા હોય તેઓ આયોજન સમિતિ નો સંપર્ક કરી શકે છે આજની મિટિંગમાં નખત્રાણા તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ જોશી નખત્રાણા શહેર સમસ્ત બ્રહ્મ સમાજના ઉપપ્રમુખ શ્રી દિનેશભાઈ જોશી તાલુકાના ઉપપ્રમુખ શ્રી જીતેશભાઈ જોશી મંત્રી શ્રી કમલેશભાઈ રાવલ મંત્રી શ્રી હિરેનભાઈ ભટ્ટ શાસ્ત્રી દિલીપભાઈ જોશી રાજેશભાઈ નારાયણભાઈ જોશી અશોકભાઈ ઓઝા પરશુરામ સેના નખત્રાણા ના પ્રમુખ રાજ રાજગોર મહામંત્રી જૈમીન અબોટી ખજાનચી મયુર જોશી ધૈર્ય રાજગોર મયુર અબોટી આશિષ ગોર અશોક જોષી ધ્રુવ જોશી જયદીપ જોશી નિમેષ જોષી પારસ રાજગોર ભૂષણ પંડ્યા હિમાંશુ જોશી તથા મહિલા મંડળના હોદ્દેદારોમાં જયશ્રીબેન વિનોદભાઈ જોશી ભક્તિબેન આર સોનપાર રીટાબેન પી જોશી મયુરીબેન ડી જોશી વર્ષાબેન આર જોશી ધર્મિષ્ઠાબેન એચ ભટ્ટ ભાવનાબેન એમ જોશી ત્રિવેણીબેન સી જોશી જયશ્રીબેન આર જોશી કૌશલ્યાબેન એસ ગોર વગેરે ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર દર્શન મહામંત્રી અનિલભાઈ રાજગોરે કર્યું હતું.

# પગદડી માર્ગ (ઘસ) – ગામડાની સરળતા અને સંસ્કૃતિનું પ્રતિક



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

ગામડાના જીવનમાં "પગદડી માર્ગ" માત્ર એક રસ્તો નથી, પરંતુ એ લોકોના રોજિંદા જીવનનો જીવંત સાક્ષી છે. ખેતરો વચ્ચે, નદીકાંઠે કે બગીચામાં લોકો વારંવાર ચાલતા રહે ત્યારે જમીન પર સ્વાભાવિક રીતે બનેલો સાંકડો રસ્તો "પગદડી માર્ગ" તરીકે ઓળખાય છે.કચ્છ વિસ્તાર માંઆ માર્ગ ને ' ઘસ ' તરીકે પણ ઓળખ છે. પહેલાના સમયમાં જ્યારે પક્કા રસ્તાઓ અને વાહનોની સુવિધા ઓછી હતી, ત્યારે લોકો એક ગામથી બીજા ગામ સુધી જવા માટે પગદડી માર્ગનો જ ઉપયોગ કરતા. ખેડૂત ખેતરમાં જવા, બાળકો શાળાએ જવા અને મહિલાઓ પાણી ભરવા જવા આ જ માર્ગ પરથી પસાર થતા. આ રીતે પગદડી માર્ગ ગામડાની જીવનશૈલીનો અભિન્ન ભાગ બન્યો. પગદડી માર્ગની ખાસિયત એ છે કે તે કુદરતી રીતે બને છે. કોઈ મશીન કે મજૂરી વગર, માત્ર લોકોના પગલાંઓથી જ આ માર્ગ તૈયાર થાય છે. ઘણી વખત આ રસ્તો વૃક્ષોની છાંયમાં પસાર થતો હોવાથી ચાલનારને શાંતિ અને તાજગીનો અનુભવ કરાવે છે. આધુનિક યુગમાં ભલે સિમેન્ટના રસ્તાઓ વધ્યા હોય, છતાં ગામડાઓમાં આજે પણ પગદડી માર્ગો જોવા મળે છે. તેઓ આપણને સરળ જીવન, કુદરત સાથેનો સંબંધ અને જૂના સમયની યાદ અપાવે છે. અંતમાં કહી શકાય કે પગદડી માર્ગ માત્ર એક રસ્તો નહીં, પરંતુ ગામડાની સંસ્કૃતિ, પરંપરા અને એકતાનું સુંદર પ્રતિક છે.

# હિંગળાજ માતાજીના મંદિરે પદયાત્રા સાથે નલિયામાં હોળી પર્વની ઉજવણી



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

અબડાસા તાલુકાના નલિયા ગામના દરજી ફળિયા વિસ્તારમાં રહેનારા યુવા ભાઈઓ દ્વારા હોળી અને ધુળેટી પર્વની આનંદભેર ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષે જેમ પરંપરા મુજબ ઉજવણી કરવામાં આવે છે તેમ આ વર્ષે પણ સૌ યુવાનો એકત્ર થઈ તહેવારની ઉજવણી કરી હતી. આ પરંપરા તેમના વડીલોના સમયથી ચાલુ રહી છે અને નવી પેઢી દ્વારા પણ તેને જાળવી રાખવામાં આવી રહી છે. હોળીના દિવસે દરજી સમાજ નલિયા દ્વારા હિંગળાજ માતાજીના મંદિરે પદયાત્રા કરીને દર્શન કરવામાં આવે છે. ત્યારબાદ માતાજીના મંદિરે હવન પૂજન કરવામાં આવે છે અને માતાજીની પ્રસાદી પણ વહેંચવામાં આવે છે. હવન પૂર્ણ થયા બાદ યુવાનો અને સમાજના સભ્યો દ્વારા રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી તેમજ સૌએ સાથે મળી મહાપ્રસાદનો લાભ લીધો હતો. ખાસ વાત એ છે કે એ જ દિવસે પાકિસ્તાનમાં આવેલા હિંગળાજ માતાજીના મૂળ સ્થાને પણ માતાજીની ભેળી અને પાટોત્સવની ઉજવણી કરવામાં આવે છે, જેના કારણે આ દિવસ દરજી સમાજ માટે વિશેષ મહત્વ ધરાવે છે. હોળી-ધુળેટીના તહેવારે યુવાનો દ્વારા એકતા, પરંપરા અને ભાઈચારોનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# સમય બળવાન

સમય સમય બળવાન હૈ,
નહી પુરુષ બળવાન,
કાબે અર્જુન લૂંટ્યો વહી ધનુષ્ય,
વહી બાણ..

આ દુનિયા માં "સમય" જેવું બળવાન અન્ય કશુંય નથી એટલે સમય ને મનુષ્ય એ ગુરુ માનવો જોઈએ.ખુદને તમે "સામર્થ્યવાન" માનતા હો તો તમારે "સમય ના ચાબુક" થી ડરવું જોઈએ.દિવાળી ની આતશ બાજી ને આકાશ માં નિહાળી ત્યારે થયું કે ક્ષણિક આનંદ પાછળ જેમ પતંગિયું આગ માં સ્વાહા થઈ જાય છે એમજ માણસ પણ "જન્મ મૃત્યુ" ના ચક્કર માં ચિંતા ની આગમાં ખાખ થતો રહે છે. દિવાળી ની આતશબાજી ક્યારે મકર સંક્રાંતિ ના ફટાકડા માં રાખ થઈ ગઈ સમજુ ત્યાં ૨૦૨૬ નું રાશિ ભવિષ્ય વાંચ્યું. રાશિ ભવિષ્ય "વર્ષ આનંદ મંગલ રહેશે" વાંચતા વિચાર્યું કે માનસિક આનંદ જ જીવન નું સાચું સુખ છે.આમ છતાંય ભવિષ્ય કથન પૂર્તિ માં ધન સંપતિ અંતર્ગત ભાગ ખાસ વાંચતા હોઈએ છીએ.ધન દોલત અને સંપતિ એ "માનસિક આનંદ" ની વ્યાખ્યામાં સહેજ પણ બંધ બેસતા નથી. જેની પાસે અઢળક સંપતિ હોય છે એ મોટાભાગે અનિંદ્રા નો શિકાર હશે, દેશી દારૂ ની પીધા વગર નિર્ધન ઊંઘી શકતો નથી.મધ્યમ વર્ગીય લોકો "જવાબદારી" નામની પળોજણ ને લીધે માન અપમાન ની ચિંતામાં માનસિક આનંદ અનુભવી શકતો નથી. જે કશુંય ન મેળવવાની કામના મતલબ જે ગીતાજી ના શ્લોક " ।" ને અનુસરતો હોય એ માણસ જ જિંદગી નો સાચો માનસિક આનંદ પ્રાપ્ત કરી શકે છે.

અચાનક એક રાતે મારા જીવનની નોટબુક ખોલીને મેં જોયું તો પ્રથમ પેજ પર અજાણ્યા ચહેરાઓ જોયા. અજાણ્યા ચહેરા જોતા મન એ ઉદાસ થતા પૂછ્યું કે ક્યાં ખોવાયા પ્રિયજનો ના પ્રેમાળ ચહેરાઓ? સમયે મારા ખંભે હાથ મૂકીને સમજાવ્યું કે યાર!!પરિવર્તન એ પૃથ્વી નો સ્વભાવ છે એટલે સમય ની રફતાર માં સાક્ષાત કશુંય નથી કદાચ અમુક વર્ષો બાદ તારા સંતાન પણ "તું ક્યાં ચાલી ગઈ? આવો પ્રશ્ન મને પૂછશે. "મોહ" શબ્દ ની ઝાળ ના તાણાવાણા માં ફસાયેલ માણસને વેરભાવ ભૂલી ને દુશ્મન સાથે પણ સ્વાર્થ ના સબંધ નિભાવવા પડતા હોય છે. દુર્યોધન ના મસ્તક પર નિત્ય વિજયી હો ના આશીર્વાદ આપનાર ધૃતરાષ્ટ્ર અને ગાંધારી ના હસ્ત એ પાંડુ પુત્રો સાથે કાયમ શત્રુતા જ નિભાવી હતી.પરંતુ સમયના ચક્ર માં શત્રુતા ભૂલીને સ્વાર્થ માં ધૃતરાષ્ટ્ર અને ગાંધારી ના મુખ ને "સદા આરોગ્ય ભવ.. વિજયી ભવ" વગેરે વગેરે આશીર્વાદ પાંડુ પુત્રો ને આપવા પડતા હતા. શત્રુતા મિત્રતા વગેરે દુષ્ટભાવ ત્યજી ને માણસ એ માત્ર માણસાઈ શીખવાની જરૂર છે.

કથા: સંયુક્ત પરિવાર માં રહેતા એક માણસ ને જમીન માંથી અચાનક સોના મહોર ભરેલો ચરુ મળતા એ ખૂબ ખુશ ખુશાલ થઈ ગયો. સોના ના ચરુ ને ગુપચુપ ઘર ની અંદર લાવી ને પોતાના રૂમ માં છુપાવી દીધો. પ્રથમ એણે વિચાર્યું કે ચરુ મળ્યા ની વાત માબાપ અને મોટાભાઈ ને કહીશ તો એ લોકો ખૂબ ખુશ થઈ જશે.સોના ના ચરુ નું ધન ધંધા માં વપરાશે તો આવક વધશે ને સમાજ માં ધંધા ની પ્રગતિ ના લીધે બા બાપુજી નું સ્ટેટ વધશે. જ્યારે ત્યારે સમગ્ર પરિવાર ને ફરવા જવાનું થાય છે ત્યારે ટેમ્પો કરવો પડે છે ચરુ ના ધન થી ચાર પાંચ ગાડા અને બળદો લઈશ તો પરિવારને સગવડતા મળશે ને પૂરા પરિવાર સાથે યાત્રા એ જઈશું.

ધન આવતા ભલભલા માણસની દાનત ખોરા ટોપરા જેવી થઈ જતી છે. માણસ ની દાનત જ એનું ગળું કાપવા માટે પૂરતી છે માણસ ના મુખ પરની આંકૃતિઓ નિહાળતા એની પત્ની ને વહેમ થતા પૂછ્યું કે પતિદેવ, કેટલા નાણાં જુગાર માં હર્યા છો? આ વાત અત્યાર થી જ મને બોલી દેજો જેથી બા બાપુજી સામે મારું નીચા જોણું ન થાય.આ સમયમાં રસોડું પકડવું મને વધારે ગમશે. પત્ની ના મેણાં ટોણા સાંભળતા જ ગુપ્ત વાત "સોનાના ચરુની"પત્ની આગળ વ્યક્ત કરી દીધી. સોના ના ચરુ ની વાત સાંભળતા જ પત્ની તો હરખ ઘેલી થઇ ને નાચવા લાગી.પત્ની મનોમન ખુશ થઇ ને પતિ ના ઓવારણા લેતા બોલી કે ભૂલ થી પણ સોના ના ચરુ ની વાત ઓરડા ની બહાર જવી જોઈએ નહી. આ ધન પર માત્ર ને માત્ર મારો અને મારી દીકરી નો અધિકાર છે. માણસ એ




- રુપાલી દવે

પત્નીની સ્વાર્થી વાત સાંભળતા જ પત્નીને પૂછ્યું કે મોટાભાઈના બન્ને દીકરાઓ આપણા નથી? ભૂલી ગયા તમે મારી અડધો અડધ કમાણી હું જુગાર રમવા ના શોખ પાછળ ખર્ચી નાખું છું.છતાંય મોટા ભાઈ અને ભાભી પંદર વર્ષ થી ખુશી ખુશી તમારી અને દીકરી નો બધો ખર્ચ ઉઠાવે છે.આજે ઈશ્વર એ મારા પાસે એ લોકોને ખુશ કરવાનો મોકો આપ્યો છે છતાંય એ લોકોથી છૂપાવીશ..

માણસની પત્ની ચતુર અને ચાલક હતી એટલે એણે સામ દામ વાપરી ને પતિ ને સોના ના ચરુ વાળી વાત ગુપ્ત રાખવા માટે મનાવી લીધો. પત્ની એ થોડું ધન પોતાની પાસે રાખી ને બાકી નું ધન સંતાડી દીધું. જો ચરુ નું ધન વેપાર ધંધા માં વપરાયું હોત તો એ ચાર પાંચ ગણું થઈ ને મળત પણ પત્ની નું માની ને માણસ એ પરિવાર થી વાત છુપાવી જેના કારણે એને સહન કરવું પડ્યું. સમય ના ચક્ર ની ગતિ દોડતા ભાગતા અચાનક એક દિવસે માણસ ના ઘર ના આંગણે પાપ પુણ્ય નો હિસાબ લેવા ઊભું રહ્યું. હકીકત માં માણસ ને મળેલ સોનાની મોહોરો નો ચરુ એ ગામ માં રહેતા વણિક વેપારીનો હતો. વણિક વેપારી એ એના ખેતર થી થોડે દૂર ગુપ્ત જગ્યા એ ચરુ દાટ્યો હતો.ધન ની જરૂર પડતા એણે એ જગ્યા ખોદાવી તો સોના નો ચરુ ગાયબ હતો. તાત્કાલિક રાજા ના દરબાર માં આવીને વણિકે ચોરી ની ફરિયાદ કરી.રાજા એ નગર ના સોનીઓને બોલાવીને વણિક વેપારી એ નિર્દેશિત કરેલ સોના ની મુદ્રાની તપાસ કરાવી. જોગા નું જોગ થયું એવું કે આખા નગર માં માણસ ના પરિચિત સોની પાસેથી વણિક વેપારી ની મુદ્રા મળી આવી.સામન્ય સંજોગો માં સોનીઓ સોનાની મુદ્રા ને ગાળી ને ઘરેણાં બનાવી નાખતા હોય છે પણ સોની પાસેથી મળેલ મુદ્રા ને કલાક પહેલા માણસ ની પત્ની એ વેંચી હતી. સોનાની મુદ્રા મળતા વેંત રાજાના સિપાઈઓ એ માણસના ઘરની તપાસ કરતા ખાલી સોના નો ચરુ મળતા જ એને પકડી ને તુરંત કેદ કર્યો.

માણસ ને એના પર લાગેલ ચોરી ના આરોપ થી આશ્ચર્ય થતા એણે સમય ને પૂછ્યું કે વણિક વેપારી ના ખેતર થી થોડે દૂર ચરુ દટાયેલ હતો અને સોના ના ચરુ પર વેપારી ના નામ ની મોહર પણ નહતી લાગી.કાયદેસર રીતે જોઈએ તો ચરુ જેને મળે એ એનો માલિક ગણાય છતાંય મને ચોર સાબિત કરી ને સજા કેમ થઈ? સમય એ માણસની સામુ જોઈને કહ્યું કે તારી વાત એકદમ સાચી છે ધન ના ચરુ નો દેખીતો માલિક તું જ ગણાય પણ તારી નિયત માં ખોટી હતી એટલે ગુનેગાર નો દાંડો તારા પર પડ્યો. જે માણસ એની ધન સંપતિ ને વેચ્યા વગર એકલા ખાવાની નિયત રાખે એની દશા"લોભિયા નું ધન ધુતારા લુટે" જેવી થાય છે. લાખો કરોડો માણસો ની દર્દનાક કઠણ કર્મ ની કથની સમય ના ચક્ર માં દોડ્યા બાદ થાકી ને મૃતપાય થયા બાદ પણ મૃત્યુ પામતી નથી.

આ વિશ્વમાં માણસ નો મોટામાં મોટો ગુરુ સમય છે છતાંય માણસ એના સારા ખરાબ દિવસોમાં સમય નું મૂલ્ય સમજતો નથી એટલે જ ઈશ્વર ના સર્જન માં મોહ પાછળ અંધ માણસ વધારે દુઃખી થયા કરતો હોય છે.




# રણવીર સિંહની ફિલ્મ માટે મેદાન સાફ...!

## 'ટોક્સિક'ની રિલીઝ ડેટ પાછી ઠેલાઈ, હવે 19 માર્ચે 'ધુરંધર 2'નું બોક્સ ઓફિસ પર એકહથ્થુ શાસન

(એજન્સી) મુંબઈ તા.05

કન્નડ સુપરસ્ટાર અને 'રોકિંગ સ્ટાર' તરીકે જાણીતા યશની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ટોક્સિક: એ ફેરીટેલ ફોર ગ્રોન અપ્સ'ને લઈને એક મોટું અપડેટ સામે આવ્યું છે. હોળીના પર્વે જ્યારે ફેન્સ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, ત્યારે મેકર્સે રિલીઝ ડેટ લંબાવીને ચાહકોને નિરાશ કર્યા છે. મિડલ ઈસ્ટમાં ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અગાઉ આ ફિલ્મ 19 માર્ચના રોજ સિનેમાઘરોમાં દસ્તક દેવાની હતી. પરંતુ હવે નવી જાહેરાત મુજબ, 'ટોક્સિક' હવે 4 જૂન, 2026ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે. મેકર્સે વૈશ્વિક પરિસ્થિતિઓને જોતા ફિલ્મને જૂન મહિના સુધી ટાળવાનો નિર્ણય લીધો છે.

એક્ટર અને નિર્માતા યશએ સોશિયલ મીડિયા પર આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, 'અમે આ ફિલ્મને વૈશ્વિક સ્તરે દર્શકો સુધી પહોંચાડવા માટે સખત મહેનત કરી છે. અમે 19 માર્ચે ફિલ્મ રિલીઝ કરવા માટે ઉત્સાહિત હતા, પરંતુ મિડલ ઈસ્ટમાં સર્જાયેલી અનિશ્ચિતતાને કારણે વિશ્વભરના દર્શકો સુધી પહોંચવાના અમારા લક્ષ્ય પર અસર પડી રહી છે. તેથી, હવે આ ફિલ્મ 4 જૂને અંગ્રેજી અને અન્ય ભારતીય ભાષાઓમાં રિલીઝ થશે.'

'ટોક્સિક' ની રિલીઝ ડેટ બદલાતા હવે બોક્સ ઓફિસ પર રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર 2' સાથે થનારી મોટી ટક્કર ટળી ગઈ છે. રણવીર સિંહની ફિલ્મ હવે સોલો રિલીઝનો આનંદ માણી શકશે, જે પહેલા 19 માર્ચે યશની ફિલ્મ સામે ટકરાવવાની હતી.

સોશિયલ મીડિયા પર ફેન્સ આ મોટા ક્લેશની રાહ જોઈ રહ્યા હતા, પરંતુ હવે તેમણે યશને મોટા પડદા પર જોવા માટે વધુ ત્રણ મહિનાની રાહ જોવી પડશે.

'ટોક્સિક' માં યશની સાથે બોલિવૂડ અને સાઉથની દિગ્ગજ એક્ટ્રેસ જોવા મળશે. કિયારા અડવાણી, નયનતારા, હુમા કુરેશી, રુક્મિણી વસંત અને તારા સુતારિયા. ફિલ્મની સ્ટોરી ખુદ યશ એ લખી છે, જ્યારે તેનું નિર્દેશન ગીતુ મોહનદાસ કરી રહ્યા છે.

# સોનુ સૂદ હવે યુદ્ધમાં ફસાયેલા મુસાફરોની વહારે...!

## દુબઈમાં મફત રહેવાની સુવિધા કરી આપશે, કહ્યું- 'દુનિયાના ગમે તે ખૂણાનો હોય એક મેસેજ કરશે કામ થઈ જશે'

(એજન્સી) મુંબઈ તા.05

કોરોના મહામારી હોય કે પંજાબનું પૂર, હંમેશા લોકોની મદદ માટે તત્પર રહેતા બોલિવૂડ એક્ટર સોનુ સૂદે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે તે શા માટે કરોડો લોકોનો 'હીરો' કહેવાય છે. હાલમાં મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષ અને અમેરિકા-ઈરાન તણાવ વચ્ચે દુબઈમાં ફસાયેલા પ્રવાસીઓ માટે સોનુ સૂદ દેવદૂત બનીને સામે આવ્યો છે.

સોનુ સૂદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક ભાવુક વીડિયો શેર કરીને જાહેરાત કરી છે કે, જે મુસાફરો યુદ્ધની સ્થિતિને કારણે દુબઈમાં ફસાયા છે અને જેની પાસે રહેવાની કોઈ વ્યવસ્થા નથી, તેને તે મફત આવાસ પૂરું પાડશે. સોનુએ સ્પષ્ટ કર્યું છે કે આ મદદ માટે કોઈ રાષ્ટ્રીયતા કે અન્ય કોઈ શરતો રાખવામાં આવી નથી.

વીડિયોમાં સોનુએ જણાવ્યું હતું કે, 'નમસ્તે મિત્રો, દુબઈમાં ચાલી રહેલી ઈમરજન્સીને કારણે જે પણ લોકો ત્યાં ફસાઈ ગયા છે, તેમને હું કહેવા માંગુ છું કે તમારી પાસે રહેવા માટે જગ્યા ન હોય, તો અમે સુનિશ્ચિત કરીશું કે તમને રહેવા માટે મફત વ્યવસ્થા મળે. જે લોકો હિન્દુસ્તાની છે અથવા અન્ય કોઈ પણ દેશના છે, જો તમે દુબઈમાં ફસાયા હોવ તો પ્લીઝ મને ઈન્સ્ટાગ્રામ પર DM કરો. જ્યાં સુધી તમે તમારા દેશ ન પહોંચો ત્યાં સુધી અમે તમારા રહેવાની વ્યવસ્થા કરીશું.' સોનુ સૂદની આ નિઃસ્વાર્થ સેવા જોઈને સોશિયલ મીડિયા પર તેની પ્રશંસા થઈ રહી છે. લોકો તેને 'સાચો સુપરસ્ટાર' કહી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ સોનુએ હજારો પરપ્રાંતિયોને તેમના ઘરે પહોંચાડવામાં અને કુદરતી આફતો વખતે લોકોની મદદ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. દુબઈમાં @ dugastapropertiesના સહયોગથી તે આ સેવા પૂરી પાડી રહ્યો છે.



# દીકરી સાથે દુબઈમાં ફસાયેલી લારા દત્તા ભાવુક થઈ : શૂટિંગ દરમિયાન ધડાકા સાંભળ્યા

(એજન્સી) મુંબઈ તા.05

અમેરિકા-ઈરાન વચ્ચે વધતા તણાવમાં એક્ટ્રેસ લારા દત્તા દુબઈથી પોતાનો અનુભવ શેર કરતા ભાવુક થઈ ગઈ. તેણે જણાવ્યું કે તાજેતરના દિવસોમાં ત્યાંનું વાતાવરણ થોડું તણાવપૂર્ણ રહ્યું છે. એક્ટ્રેસ હાલ પોતાની દીકરી સાયરા સાથે દુબઈમાં છે. લારાએ કહ્યું કે તે દુબઈ એક બ્રાન્ડ સંબંધિત કામ માટે ગઈ હતી. આ એક સામાન્ય વર્ક ટ્રિપ હતી, પરંતુ પરિસ્થિતિ અચાનક બદલાઈ ગઈ. સંઘર્ષ વધ્યા પછી ત્યાંનું વાતાવરણ અલગ થઈ ગયું.



તેણે એક વીડિયોમાં જણાવ્યું કે તે 28 તારીખે દુબઈના એક સ્ટુડિયોમાં શૂટ કરી રહી હતી. તે જ સમયે તેમને ઉપરથી જોરદાર ધડાકાનો અવાજ સંભળાયો.

લારાએ કહ્યું, અમે આ ઈઝરાયેલ-ઈરાન યુદ્ધની શરૂઆતથી જ દુબઈમાં છીએ. યુએઈનું દુબઈ છેલ્લા ત્રણ વર્ષથી મારા ઘર જેવું છે. હું અહીં ઘણો સમય વિતાવું છું. 28 તારીખે હું દુબઈના એક સ્ટુડિયોમાં શૂટ કરી રહી હતી. અચાનક ઉપરથી ધડાકાનો અવાજ આવવા લાગ્યો. આ પછી ટીમના લોકો સ્ટુડિયોમાંથી બહાર નીકળી ગયા.

એક્ટ્રેસે કહ્યું, "અમે ઉપરથી ધડાકા સાંભળ્યા. અમે સ્ટુડિયોમાંથી બહાર ભાગ્યા. ત્યાં અમે જોયું કે આકાશમાં મિસાઈલોને વચ્ચે જ રોકવામાં આવી રહી હતી. છેલ્લા કેટલાક દિવસો ખૂબ તણાવભર્યા રહ્યા છે. મારી દીકરી મારી સાથે છે. મહેશ કામના સિલસિલામાં બહાર હતા, તે દુબઈમાં નહોતા."

લારાએ એ પણ જણાવ્યું કે તેણે આકાશમાં ઘણા ફાઈટર જેટ ઉડતા જોયા. સાથે જ જોરદાર અવાજવાળા ધડાકા પણ સંભળાયા.

તેણે કહ્યું, "અમે થોડા નર્વસ છીએ અને આ બધું થોડું ડરાવનારું છે. ઉપર ઘણા ફાઈટર જેટ ઉડતા દેખાયા. ઘણા જોરદાર ધડાકાનો અવાજ પણ આવ્યો. અમે એક સુરક્ષિત વિસ્તારમાં વિલામાં રહીએ છીએ, પરંતુ ધડાકાના સમયે બારીઓ હલવા લાગે છે અને દરવાજા પણ હલે છે. આ સ્થિતિ પરેશાન કરનારી હોય છે. જોકે મને એકવાર પણ અસુરક્ષિત મહેસૂસ થયું નથી."

લારાએ UAE સરકારની પ્રશંસા પણ કરી. તેમણે કહ્યું કે ત્યાંની સરકાર લોકોની સુરક્ષા માટે પૂરી કોશિશ કરી રહી છે. તેમણે કહ્યું, "UAE સરકારે ખૂબ સારું કામ કર્યું છે. દરેક વ્યક્તિને અહીં સુરક્ષિત અનુભવ કરાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ભલે કોઈ પણ દેશમાંથી હોય, બધાનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે."

એક્ટ્રેસે આગળ કહ્યું કે ત્યાં રહેતા લોકોને એવું અનુભવાય છે કે તેમનું મહત્વ છે. તેણે કહ્યું, "અહીં રહેતા લોકોને લાગે છે કે તેમની કાળજી લેવામાં આવે છે. સરકાર પૂરી કોશિશ કરી રહી છે કે બધા સુરક્ષિત રહે. હું એ જોઈને આશ્ચર્યચકિત છું કે અહીં સામાન્ય લોકો પણ રોજ પોતાનું કામ કરી રહ્યા છે." વીડિયોના અંતમાં લારા ભાવુક થઈ ગઈ. તેણે કહ્યું કે તે જલદી મુંબઈ પાછી ફરવા માંગે છે. તેમણે જણાવ્યું, અમે ફ્લાઈટ જોઈ રહ્યા છીએ. વધુ ફ્લાઈટ્સ નથી, પરંતુ કેટલીક ફ્લાઈટ્સ મળી રહી છે. ઈતિહાદ અને એમિરેટ્સની ફ્લાઈટ્સ જોઈ રહ્યા છીએ. અમે કોશિશ કરી રહ્યા છીએ કે કોઈક રીતે મુંબઈ પાછા ફરીએ. બાળકોને આ પરિસ્થિતિઓથી વધુ ડર લાગી રહ્યો છે.

# પોલીસની વિનંતી બાદ રશ્મિકાએ રિસેપ્શનમાં ગેસ્ટની યાદી ટૂંકાવી



મુંબઈ : રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડાનું રિસેપ્શન ચોથી માર્ચે હૈદરાબાદમાં યોજાઇ રહ્યું છે. તેવામાં યુગલે પોતાના વેડિંગ રિસેપ્શન માટે એક પોસ્ટ શેર કરીને ફક્ત આમંત્રિતો જ આવે અને ચાહકો તેમજ અન્ય લોકો ઉમટી ન પડે તેવી અપીલ કરી છે.

રશ્મિકા અને વિજય પહેલાં તો તેલુગુ, હિંદી, તમિલ,મલયાલમ અને કન્નડ ફિલ્મ જગતની હસ્તીઓ, રાજકારણીઓ અને ઊચ્ચ ઓફિસરોને મોટાપાયે આમંત્રણ આપવાનું નક્કી કર્યું હતું. પરંતુ, ભીડ તથા ટ્રાફિક મેનેજમેન્ટની મુશ્કેલીઓ રજૂ કરી પોલીસે તેમને ગેસ્ટ લિસ્ટ ટૂંકાવવા જણાવ્યું હતું. તે પછી તેમણે નિમંત્રિતોની યાદી ટૂંકી કરી નાખી હતી. રિસેપ્શન સ્થળ આસપાસ પોલીસ બંદોબસ્ત ગોઠવાશે. વીવીઆઈપી મુવમેન્ટ માટે વાહનોની અવરજવર પણ નિયંત્રિત કરાશે.

હૈદરાબાદમાં તાજેતરના સમયમાં સેલિબ્રિટીઝને નિહાળવા માટે ચાહકોની ભીડને લીધે ધક્કામુક્કીના અનેક બનાવ બન્યા હોવાથી પોલીસ કોઈ અનિચ્છનિય દુર્ઘટના ટાળવા માટે પૂરતાં પગલાં લઈ રહી છે.

# ખુશી કપૂરની મોમ-ટુનું શૂટિંગ નોઈડા ફિલ્મ સિટીમાં શરૂ



મુંબઈ : ખુશી કપૂર બોલિવુડમાં અત્યાર સુધી ખાસ કોઈ નોંધપાત્ર ભૂમિકા મેળવી શકી નથી. તેની કારકિર્દી શરુઆતમાં જ ખત્મ ન થઈ જાય તે માટે પિતા બોની કપૂર તેને મુખ્ય ભૂમિકામાં લઈ 'મોમ ટુ' બનાવી રહ્યા છે. આ ફિલ્મનું શૂટિંગ નોઈડા ઈન્ટરનેશનલ ફિલ્મ સિટીમાં શરુ કરાયું છે.

શ્રીદેવીની સફળ ફિલ્મ 'મોમ' ૨૦૧૭માં રિલીઝ થઇ હતી. હવે તેના ૯ વરસ પછી બની રહેલી ફિલ્મમાં જિષ્ણુ સેનગુપ્તા અને કરિશ્મા તન્ના સહિતના કલાકારો કામ કરી રહ્યા છે. આ ફિલ્મના દિગ્દર્શક ગિરીશ કોહલી છે. જેણે 'મોમ' ફિલ્મની વાર્તા લખી હતી. નોઈડા ઈન્ટરનેશનલ ફિલ્મ સિટીમાં આ પહેલીવાર કોઈ બોલિવુડ ફિલ્મનું શૂટિંગ થઈ રહ્યું છે.

# 'શરારત' ગર્લે કહ્યું- દરરોજ રેપની ધમકીઓ મળે છે! : 'ધુરંધર'ની આયેશા ખાને કહ્યું- મારા પીરિયડ્સ પર સોન્ગ શૂટ થવું એક નેશનલ મજાક બની ગયો

(એજન્સી) મુંબઈ તા.05

એક્ટ્રેસ આયેશા ખાને તાજેતરમાં જાહેર જીવનમાં મહિલાઓને મળતી ઓનલાઈન ટ્રોલિંગ અને ધમકીઓ વિશે ખુલીને વાત કરી. આ દરમિયાન તેણે જણાવ્યું કે સોશિયલ મીડિયા પર તેને રોજ શરીરને લઈને જાતીય ટિપ્પણીઓ મળે છે અને ઘણીવાર રેપની ધમકીઓ પણ મળે છે.

મોજો સ્ટોરીની સમિટમાં આયેશાએ કહ્યું કે- તાજેતરમાં તેણે ફિલ્મ 'ધુરંધર'ના ગીત 'શરારત'ના શૂટિંગ સાથે જોડાયેલો એક અનુભવ શેર કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે તે ગીતનું શૂટિંગ તેણે પીરિયડ્સ દરમિયાન કર્યું હતું. આ પછી સોશિયલ મીડિયા પર તેને ખૂબ ટ્રોલ કરવામાં આવી. આયેશાએ કહ્યું કે મને લાગ્યું કે મારા પીરિયડ્સ પર હોવું અચાનક એક નેશનલ જોક બની ગયું.

એક્ટ્રેસે કહ્યું- સોશિયલ મીડિયા પર લોકો તેના કપડાંને લઈને પણ કમેન્ટ્સ કરે છે. તેણે કહ્યું- "હું ઈન્સ્ટાગ્રામ પર લગભગ દરરોજ મારા શરીરને લઈને જાતીય ટિપ્પણીઓનો સામનો કરું છું. જો હું નોર્મલ ટોપ પહેરું છું તો લોકોને સમસ્યા થાય છે. જો હું સ્કર્ટ પહેરું છું તો પણ લોકોને તકલીફ થાય છે. મારે કંઈપણ પોસ્ટ કરતા પહેલા પણ વિચારવું પડે છે. ઘણી વાર આવી વાતો તેને ભાવનાત્મક રીતે પરેશાન કરે છે. તેના મતે, જો કોઈને કપડાં પહેરતા પહેલા કે ફોટો પોસ્ટ કરતા પહેલા વિચારવું પડે, માત્ર એટલા માટે કે લોકો તેને જાતીય રીતે જોશે, તો આ એક દુઃખદ સ્થિતિ છે.'

આયેશાએ કહ્યું કે- કેટલાક દિવસોમાં તે આ વાતોને અવગણી દે છે, પરંતુ ઘણી વાર આવી ટિપ્પણીઓ વધુ પરેશાન કરે છે, ખાસ કરીને જ્યારે લોકો હિંસાની વાત કરે છે. જ્યારે લોકો લખે છે કે જો તેની પાસે તાકાત હોત તો તે કંઈ પણ કરી શકત, તો આ ડરાવનારું હોય છે. કારણ કે આ વાસ્તવિક લોકો છે જે આપણી આસપાસ જ રહે છે.

સમિટ દરમિયાન તેમને પૂછવામાં આવ્યું કે શું તેને ઓનલાઈન રેપની ધમકીઓ મળે છે. આના પર આયેશાએ કહ્યું- "હા, લગભગ દરરોજ. હું અત્યારે મારો ફોન ખોલીને બતાવી શકું છું. આ હવે ખૂબ જ સામાન્ય થઈ ગયું છે." તેણે કહ્યું કે ઈન્ટરવ્યૂ અને સોશિયલ મીડિયા પર ટ્રોલિંગના સવાલો અવારનવાર ઉઠે છે, પરંતુ તેના પર વધુ કાર્યવાહી થતી નથી. તેના મતે આ કોઈ નવી સમસ્યા નથી. આ ઘણા સમયથી ચાલી રહી છે. આયેશાએ એમ પણ કહ્યું કે આ સમસ્યા ફક્ત તેની સાથે જ નથી. પબ્લિક લાઈફમાં રહેતી લગભગ દરેક મહિલાને આ પ્રકારની ટ્રોલિંગ અને ધમકીઓનો સામનો કરવો પડે છે.

આયેશાએ પોતાના જીવનની એક અંગત ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો. તેણે જણાવ્યું કે તેની સાથે એકવાર રેપનો પ્રયાસ પણ થઈ ચૂક્યો છે. તેણે કહ્યું, "મેં પહેલા પણ એક ઈન્ટરવ્યૂમાં આ વિશે વાત કરી છે. હું આ વિષય પર વધુ ઊંડાણપૂર્વક જવા માંગતી નથી. કેટલાક દિવસો એવા હોય છે જ્યારે આ ઘટના ફરી યાદ આવી જાય છે અને મનને પરેશાન કરે છે."

આયેશાએ કહ્યું કે ઓનલાઈન ધમકીઓ વાસ્તવિક જીવનમાં સાચી પડી જવાનો ડર પણ તેને રહે છે. તેણે કહ્યું કે જ્યારે કોઈ મહિલા મુસાફરી કરી રહી હોય અથવા કોઈ ફિલ્મના સેટ પર કામ કરી રહી હોય, ત્યારે પણ તેને યાદ રહે છે કે આવી ટિપ્પણી કરનારા લોકો ખરેખર આસપાસ જ હાજર હોઈ શકે છે.

આયેશાએ એક ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો જે શૂટિંગ દરમિયાન બની હતી. તેણે જણાવ્યું કે તેઓ એક ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા હતા અને તે દિવસે તેમના પિતા પણ સેટ પર હાજર હતા. તે જ સમયે તેમણે ઈન્સ્ટાગ્રામ ખોલ્યું. ત્યાં એક એવો મેસેજ દેખાયો જે તેને લાંબા સમયથી મળી રહ્યો હતો. તેમાં વોઈસ નોટ પણ હતી. પછીથી તેને ખબર પડી કે તે મેસેજ સેટ પર કામ કરતા એક સ્પોટ બોયની હતી.

તેણે તરત જ પોતાના પિતા અને પ્રોડક્શન ટીમને તેની જાણકારી આપી. આ પછી તે વ્યક્તિ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી.

આયેશાએ કહ્યું કે આ ઘટનાથી તેને એ અહેસાસ થયો કે ઓનલાઈન ટ્રોલિંગ અને ધમકીઓ ક્યારેક વાસ્તવિક જીવનની ખૂબ નજીક પણ હોઈ શકે છે. તેણે કહ્યું કે જો કોઈ વ્યક્તિ પબ્લિક લાઈફમાં હોય અને સોશિયલ મીડિયા એકાઉન્ટ પબ્લિક હોય, તો તે હંમેશા લોકોની નજરમાં રહે છે. આવી સ્થિતિમાં ટ્રોલિંગ અને ખોટી કોમેન્ટ્સનો ખતરો પણ વધી જાય છે.



એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## ડેરેન સેમી વેસ્ટ ઈન્ડિઝ ટીમ ભારત મારે બસ ઘરે જવું છે સેમીની વ્યથા



(એજન્સી) નવી દિલ્હી । તા. 06

મધ્ય પૂર્વમાં ભભૂકી રહેલા ઈઝરાયેલ-ઈરાન યુદ્ધની સીધી અસર હવે રમતજગત પર પણ જોવા મળી રહી છે. ટી૨૦ વિશ્વકપ ૨૦૨૬ માંથી બહાર ફેંકાયા બાદ વેસ્ટ ઈન્ડિઝની ટીમ અત્યારે ભારતમાં જ ફસાઈ ગઈ છે. ગલ્ફ ક્ષેત્રમાં વધતા સૈન્ય તણાવ અને હવાઈ ક્ષેત્ર પર લાદવામાં આવેલા પ્રતિબંધોને કારણે કેરેબિયન ટીમની ઘરવાપસીમાં વિલંબ થઈ રહ્યો છે. આ પરિસ્થિતિથી કંટાળીને વેસ્ટ ઈન્ડિઝના મુખ્ય કોચ અને બે વખતના વિશ્વવિજેતા કેપ્ટન ડેરેન સેમીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોતાની વ્યથા ઠાલવતા માત્ર ચાર શબ્દોમાં લખ્યું છે કે, "મારે બસ હવે ઘરે જવું છે."

ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝ (CWI) એ સત્તાવાર નિવેદન જારી કરીને પુષ્ટિ કરી છે કે ગલ્ફ વિસ્તારમાં સૈન્ય કાર્યવાહી અને સુરક્ષાના જોખમોને કારણે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ રૂટ્સમાં ફેરફાર કરવામાં આવ્યા છે. સુરક્ષાના કારણોસર ઘણી એરલાઈન્સ દ્વારા સેવાઓ સ્થગિત કે ડાયવર્ટ કરવામાં આવી છે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે ખેલાડીઓ, કોચિંગ સ્ટાફ અને અધિકારીઓની સલામતી તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. અત્યારે વેસ્ટ ઈન્ડિઝ બોર્ડ આઈસીસી (ICC) અને સંબંધિત સરકારી સત્તાવાળાઓ સાથે મળીને ટીમને વહેલી તકે સુરક્ષિત રીતે કેરેબિયન દેશોમાં પહોંચાડવા માટે કામ કરી રહ્યું છે.

## પ્રીમિયર લીગ આર્સેનલ બ્રાઈટન જીત સાકાના ગોલથી ગનર્સની ટાઈટલ તરફ કૂચ

લંડન/માન્ચેસ્ટર | ઈંગ્લિશ પ્રીમિયર લીગના ટાઈટલ જંગમાં આર્સેનલે પોતાની પકડ વધુ મજબૂત બનાવી છે. ગુરુવારે રમાયેલા મુકાબલામાં આર્સેનલે બ્રાઈટન એન્ડ હોવ એલ્બિયનને ૧-૦ થી હરાવીને મહત્વના ૩ પોઈન્ટ મેળવ્યા છે. બીજી તરફ, ડિફેન્ડિંગ ચેમ્પિયન માન્ચેસ્ટર સિટીને નોટિંગહામ ફોરેસ્ટ સામે ૨-૨ થી ડ્રો રમવી પડી હતી. આ પરિણામોને કારણે હવે પોઈન્ટ ટેબલમાં આર્સેનલ બીજા ક્રમે રહેલી સિટી કરતા ૭ પોઈન્ટ આગળ નીકળી ગયું છે, જે ટાઈટલ રેસમાં મોટો વળાંક સાબિત થઈ શકે છે. આ ર્સેનલના સ્ટાર ખેલાડી બુકાયો સાકા માટે આ મેચ યાદગાર રહી હતી. પોતાની ૩૦૦મી મેચ રમી રહેલા સાકાએ ૯મી મિનિટે જ શાનદાર ગોલ ફટકારીને ટીમને લીડ અપાવી હતી. જોકે આ ગોલમાં બોલ ડિફ્લેક્ટ થયો હતો, પરંતુ સાકાના આક્રમક અભિગમે આર્સેનલને જીત અપાવી હતી. બ્રાઈટને વળતો પ્રહાર કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આર્સેનલના ગોલકીપર ડેવિડ રાયા અને ડિફેન્ડર ગેબ્રિયલ મેગાલ્હેસે મજબૂત રક્ષણ પૂરું પાડ્યું હતું. આ જીત સાથે આર્સેનલ ૬૭ પોઈન્ટ સાથે ટોચ પર છે, જ્યારે બ્રાઈટન ૩૭ પોઈન્ટ સાથે ૧૩મા ક્રમે છે.

## પિંકાથોન દિલ્હી રન મહિલા દિવસ નિમિત્તે પાટનગરમાં દોડશે નારીશક્તિ



નવી દિલ્હી | આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીને યાદગાર બનાવવા માટે દેશની સૌથી મોટી મહિલા દોડ ઈવેન્ટ 'પિંકાથોન' તેની ૮મી આવૃત્તિ સાથે દિલ્હીના આંગણે પરત ફરી રહી છે. આગામી ૮ માર્ચ ૨૦૨૬ના રોજ યોજાનારી આ દોડમાં હજારો મહિલાઓ ભાગ લઈને સ્વાસ્થ્ય અને સશક્તિકરણનો સંદેશ ફેલાવશે. આ વર્ષે પણ 'એસ્પેક્ટ સ્પોર્ટ્સ' સત્તાવાર સ્પોર્ટ્સ પાર્ટનર તરીકે પિંકાથોન સાથે જોડાયેલું રહેશે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓને માત્ર એક દિવસ પૂરતી દોડાવવાનો નહીં, પરંતુ તેમને ફિટનેસ પ્રત્યે કાયમી જાગૃત કરવાનો છે. મુંબઈમાં મળેલી ભવ્ય સફળતા બાદ, હવે દિલ્હીમાં પણ મહિલા દોડવીરોને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવશે. એસ્પેક્ટ ગ્લો બલ વેન્ચર્સના એક્ઝિક્યુટિવ ચેરપર્સન અક્ષા કંબોજે જણાવ્યું હતું કે, "મહિલા

ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા મેચ હોબાળો સોશિયલ મીડિયા પર, ટી20 વર્લ્ડ કપ સેમિફાઈનલ વિવાદ

# એડન માર્કરમ આઉટ કે નોટ આઉટ ?

(એજન્સી) કોલકાતા । તા. 06

ક્રિકેટના મક્કા ગણાતા ઈડન ગાર્ડન્સ મેદાન પર રમાયેલી આઈસીસી મેન્સ ટી20 વર્લ્ડ કપ 2026ની પ્રથમ સેમિફાઈનલ મેચ વિવાદોના વંટોળમાં ફસાઈ છે. ન્યૂઝીલેન્ડે દક્ષિણ આફ્રિકાને 9 વિકેટે હરાવીને ફાઈનલમાં પ્રવેશ તો કરી લીધો છે, પરંતુ આ જીત પર હવે પ્રશ્નાર્થ ચિહ્નો મુકાઈ રહ્યા છે. મેચ દરમિયાન દક્ષિણ આફ્રિકાના કેપ્ટન એડન માર્કરમના આઉટ થવા અંગે જે નિર્ણય લેવામાં આવ્યો, તેણે રમત જગતમાં મોટો હોબાળો મચાવ્યો છે. દક્ષિણ આફ્રિકાના ચાહકો અને પૂર્વ ક્રિકેટરોએ સોશિયલ મીડિયા પર અમ્પાયરિંગની ગુણવત્તા સામે આકરા પ્રહારો કર્યા છે, જેના કારણે કિવી ટીમની શાનદાર જીત પર વિવાદના વાદળો છવાયા છે.

દક્ષિણ આફ્રિકાની ઈનિંગ્સ જ્યારે મુશ્કેલીમાં હતી ત્યારે 8મી ઓવરમાં રચિન રવીન્દ્ર બોલિંગ કરી રહ્યો હતો. ઓવરના ચોથા બોલ પર કેપ્ટન એડન માર્કરમે મિડ-ઓફ પર મોટો શોટ ફટકારવાનો પ્રયાસ કર્યો હતો. હવામાં ઉછળેલા બોલને ડેરીલ મિશેલે દોડીને પકડી લીધો હતો, પરંતુ ફિલ્ડર પોતે પણ આ કેચ ક્લીન હોવા બાબતે આત્મવિશ્વાસમાં જણાતો નહોતો. મેદાન પરના અમ્પાયરોએ મામલો થર્ડ અમ્પાયર નીતિન મેનનને સોંપ્યો હતો. વીડિયો રિપ્લેમાં બોલ જમીનને અડકી રહ્યો હોય તેવું સ્પષ્ટ દેખાતું હોવા છતાં, નીતિન મેનન દ્વારા માર્કરમને આઉટ જાહેર કરવામાં આવતા મેદાન પર સ્તબ્ધતા છવાઈ ગઈ હતી. આ નિર્ણય દક્ષિણ આફ્રિકા માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો અને ટીમ દબાણમાં આવી ગઈ.

આ ટી20 વર્લ્ડ કપ સેમિફાઈનલ વિવાદ બાદ સોશિયલ મીડિયા પર અમ્પાયર નીતિન મેનનનો ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, અનેક ક્રિકેટ વિશ્લેષકોએ આ નિર્ણયને 'બ્લન્ડર' ગણાવ્યો છે. જ્યારે ટેકનોલોજી આટલી વિકસિત છે, ત્યારે આવા શંકાસ્પદ કેચમાં બેટ્સમેનને ફાયદો આપવાને બદલે આઉટ આપવાના નિર્ણયથી દક્ષિણ આફ્રિકાના ડ્રેસિંગ રૂમમાં પણ નારાજગી જોવા મળી હતી. માર્કરમ પોતે આ નિર્ણયથી આશ્ચર્યચકિત હતો અને લાંબા સમય સુધી ક્રીઝ પર ઉભો રહ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, દક્ષિણ આફ્રિકા ક્રિકેટ બોર્ડ આ મામલે આઈસીસી સમક્ષ સત્તાવાર ફરિયાદ નોંધાવવાની પણ વિચારી રહ્યું છે.



વિવાદોની વચ્ચે ન્યૂઝીલેન્ડના ઓપનર ફિન એલને બેટિંગમાં આતશબાજી કરીને ઈતિહાસ રચી દીધો છે. 170 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી કિવી ટીમના આ બેટ્સમેને માત્ર 33 બોલમાં અણનમ 100 રન ફટકારીને ટી20 વર્લ્ડ કપની સૌથી ઝડપી સદી પોતાના નામે કરી લીધી હતી.

ફિન એલનની ઈનિંગમાં ચોગ્ગા અને છગ્ગાની હેલી જોવા મળી હતી, જેના કારણે દક્ષિણ આફ્રિકાના બોલરો લાચાર દેખાતા હતા. ન્યૂઝીલેન્ડે માત્ર 12.5 ઓવરમાં 173 રન બનાવીને મેચ જીતી લીધી હતી. રમતની દૃષ્ટિએ ન્યૂઝીલેન્ડનું પ્રદર્શન સર્વોપરી રહ્યું હતું, પરંતુ માર્કરમની વિકેટ જો ન પડી હોત તો સ્કોર બોર્ડ કદાચ અલગ હોત.

# પાકિસ્તાની ખેલાડી મહિલા સ્ટાફ દુર્વ્યવહાર શ્રીલંકાની હોટલમાં મચાવ્યો હોબાળો

(એજન્સી) કેન્ડી [શ્રીલંકા] । તા. 06

ટી૨૦ વર્લ્ડ કપમાં કંગાળ પ્રદર્શન કરીને બહાર ફેંકાયેલી પાકિસ્તાન ક્રિકેટ ટીમની બદનામીમાં વધુ એક પ્રકરણ ઉમેરાયું છે. શ્રીલંકાના કેન્ડીમાં રમાયેલી સુપર-૮ મેચ દરમિયાન પાકિસ્તાની ટીમના એક ખેલાડીએ હોટલના મહિલા હાઉસકીપીંગ સ્ટાફ સાથે શરમજનક ગેરવર્તન કર્યું હોવાનો અહેવાલ સામે આવ્યો છે. આ ઘટનાને પગલે પાકિસ્તાની ટીમની વિશ્વ સ્તરે ભારે ફજેતી થઈ છે. સ્થિતિ એટલી ગંભીર બની ગઈ હતી કે હોટલ મેનેજમેન્ટ પોલીસ ફરિયાદ કરવાની તૈયારીમાં હતું, પરંતુ પાકિસ્તાની ટીમના મેનેજરે માફી માંગી મામલો થાળે પાડ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ ઘટના કેન્ડીની પ્રખ્યાત 'ગોલ્ડન ક્રાઉન હોટલ'માં બની હતી. પાકિસ્તાન અને યજમાન શ્રીલંકા વચ્ચેની મહત્વની મેચ પહેલા એક ખેલાડીએ મહિલા સ્ટાફ સાથે અભદ્ર વ્યવહાર કર્યો હતો. જ્યારે મહિલાએ બચાવ માટે બૂમો પાડી ત્યારે હોટલના અન્ય કર્મચારીઓ દોડી આવ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, હોટલ મેનેજમેન્ટ આ મામલે કડક કાયદાકીય



કાર્યવાહી કરવા માંગતું હતું, પરંતુ પાકિસ્તાની ટીમના મેનેજર નવેદ ચીમાએ ખેલાડી વતી માફી માંગી હતી અને ખેલાડીને આંતરિક દંડ ફટકારી મામલો દબાવવાનો પ્રયાસ કર્યો હતો.

### ખેલાડીનો વિવાદાસ્પદ ઈતિહાસ

પાકિસ્તાની ખેલાડીઓ માટે વિદેશી પ્રવાસ દરમિયાન વિવાદોમાં ફસાવું એ કોઈ નવી વાત નથી. ગયા વર્ષે ઈંગ્લેન્ડ પ્રવાસ વખતે પણ એક ખેલાડીની ધરપકડ થઈ હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હાલમાં જે ખેલાડીનું નામ આ વિવાદમાં સંડોવાયું છે તેને પાકિસ્તાન પરત ફરતા જ પીસીબીની ડિસિપ્લિનરી કમિટી સમક્ષ રજૂ કરવામાં આવશે. જો આરોપો સાબિત થશે તો તેના પર લાંબા ગાળાનો પ્રતિબંધ પણ મૂકવામાં આવી શકે છે.

### પીસીબીની પ્રતિષ્ઠા દાવ પર

એક તરફ પાકિસ્તાની ટીમ મેદાન પર સતત હારી રહી છે અને ફેન્સના રોષનો સામનો કરી રહી છે, ત્યારે બીજી તરફ ખેલાડીઓની આવી શિસ્તહીન હરકતોએ બોર્ડની મુશ્કેલીઓ વધારી દીધી છે. અમદાવાદના શાહઆલમમાં પણ તાજેતરમાં છરીથી હુમલા જેવી ગુનાહિત ઘટનાઓ પ્રકાશમાં આવી છે, જે સમાજમાં વધતા આક્રોશને દર્શાવે છે. ત્યારે રમતવીરો જ્યારે આવી અશોભનીય પ્રવૃત્તિમાં સંડોવાય ત્યારે તે દેશની પ્રતિષ્ઠા પર મોટો ઝટકો સાબિત થાય છે. હવે જોવાનું એ રહેશે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ આ ખેલાડી સામે ખરેખર કડક પગલાં ભરે છે કે પછી

## એશિયન ગેમ્સ મનસુખ માંડવિયા સમીક્ષા સુવિધા પ્રથમ અગ્રતા

**106 મેડલનો ઐતિહાસિક રેકોર્ડ તોડવાનો લક્ષ્યાંક 700 ખેલાડીઓ મેદાને**



(એજન્સી) નવી દિલ્હી । તા. 06

જાપાનના આઈચી-નાગોયામાં આગામી ૧૯ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર દરમિયાન યોજાનારી એશિયન ગેમ્સ ૨૦૨૬ માટે ભારતે કમર કસી લીધી છે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાએ ગુરુવારે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) ના મુખ્ય મથકે એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે ખેલાડીઓનું કલ્યાણ અને તેમનું ઉત્કૃષ્ટ પ્રદર્શન સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ભારતનો લક્ષ્યાંક હાંગઝોઉ એશિયન ગેમ્સમાં મેળવેલા ૧૦૬ મેડલના ઐતિહાસિક આંકડાને વટાવી જવાનો છે.

જાપાનમાં એશિયન ગેમ્સ દરમિયાન ખેલાડીઓએ સિંગલ ઓલિમ્પિક વિલેજને બદલે પાંચ અલગ-અલગ ક્લસ્ટરોમાં રહેવું પડશે, જ્યાં રહેવાની વ્યવસ્થા 'કન્ટેનર સ્ટાઈલ'માં હશે. ભારતીય ખેલાડીઓ આ પરિસ્થિતિથી ટેવાય તે માટે પટિયાલા અને બેંગલુરુના સાઈ (SAI) કેન્દ્રોમાં ખાસ કામચલાઉ કન્ટેનર યુનિટ્સ સ્થાપિત કરવામાં આવશે. મંત્રી માંડવિયાએ જણાવ્યું હતું કે, "અમારો હેતુ ખેલાડીઓને કોઈપણ કિંમતે તકલીફ પડવા દેવાનો નથી. તાલીમ, ડાયેટ, મેડિકલ કેર અને લોજિસ્ટિક્સ જેવી તમામ સુવિધાઓ સમયસર પૂરી પાડવામાં આવશે જેથી તેઓ માત્ર મેડલ પર જ ધ્યાન કેન્દ્રિત કરી શકે." એશિયન ગેમ્સની તૈયારીઓ માટે ૧૫ સભ્યોની વિશેષ સમિતિની રચના કરવામાં આવી છે, જેમાં પી.ટી. ઉષા અને શરથ કમલ જેવા દિગ્ગજોનો સમાવેશ થાય છે. ડિસેમ્બર ૨૦૨૫ થી અત્યાર સુધી આ સમિતિએ ચાર બેઠકો યોજીને તાલીમ અને લોજિસ્ટિક્સના આયોજનને વેગ આપ્યો છે. દરેક રમત ફેડરેશનને (NSF) એક્સપોઝર ટૂર્સ અને તાલીમ શિબિરોનું અગાઉથી આયોજન કરવાની સ્વતંત્રતા આપવામાં આવી છે. ભારત આ વખતે ૪૦ થી વધુ રમત શાખાઓમાં ૭૦૦ થી વધુ ખેલાડીઓને મેદાનમાં ઉતારવાની તૈયારી કરી રહ્યું છે.

ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ દક્ષિણ આફ્રિકા સેમીફાઈનલમાં કિવીઝનો વિજય | ક્રિસ ગેલનો વર્લ્ડ રેકોર્ડ ધરાશાયી ફિન એલન છવાયો

## ફિન એલન T20 વિશ્વકપ સૌથી ઝડપી સદી 33 બોલમાં મચાવ્યો તાંડવ



(એજન્સી) કોલકાતા । તા. 06

ક્રિકેટના મક્કા ગણાતા ઈડન ગાર્ડન્સના મેદાન પર આજે એક નવો ઈતિહાસ રચાયો છે. ટી૨૦ વિશ્વકપ ૨૦૨૬ના પ્રથમ હાઈ-વોલ્ટેજ સેમીફાઈનલ મુકાબલામાં ન્યૂઝીલેન્ડના વિસ્ફોટક ઓપનર ફિન એલને દક્ષિણ આફ્રિકાના બોલરોની પીંખેપીંખ કરી નાખી હતી. એલને માત્ર ૩૩ બોલમાં સદી ફટકારીને ટી૨૦ વિશ્વકપના ઈતિહાસની સૌથી ઝડપી સદીનો વિશ્વવિક્રમ પોતાના નામે કર્યો છે. આ તોફાની ઈનિંગના દમ પર ન્યૂઝીલેન્ડે દક્ષિણ આફ્રિકાને ૯ વિકેટે હરાવીને ગૌરવભેર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે.

### ક્રિસ ગેલનો વર્ષો જૂનો રેકોર્ડ તૂટ્યો

ફિન એલને આ ઈનિંગ દરમિયાન વેસ્ટ ઈન્ડિઝના 'યુનિવર્સ બોસ' ક્રિસ ગેલનો ૪૭ બોલનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ગેલના નામે ૨૦૧૬ના વિશ્વકપમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ હતો, જે હવે એલને ૩૩ બોલમાં ૧૦૦ રન બનાવીને ભૂતકાળ બનાવી દીધો છે. આ સાથે જ તે આંતરરાષ્ટ્રીય ટી૨૦માં સંયુક્ત રીતે ત્રીજી સૌથી ઝડપી સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો છે. નોકઆઉટ મેચમાં ૧૦૦ રનનો અણનમ સ્કોર બનાવીને તેણે શ્રીલંકાના તિલકરત્ને દિલશાનના ૯૬ રનના રેકોર્ડને પણ પાછળ છોડી દીધો છે.

### આફ્રિકન બોલરો લાચાર, કિવીઝનો વટથી વિજય

દક્ષિણ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરતા માર્કો યાન્સેનના લડાયક પ્રદર્શનની મદદથી ૨૦ ઓવરમાં ૧૬૯ રન બનાવ્યા હતા. ૧૭૦ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની ટીમે શરૂઆતથી જ આક્રમક વલણ અપનાવ્યું હતું. ફિન એલન અને ટિમ સીફર્ટ વચ્ચેની તોફાની ભાગીદારીએ આફ્રિકન બોલિંગ આક્રમણને વેરવિખેર કરી નાખ્યું હતું. સીફર્ટે પણ શાનદાર અર્ધસદી ફટકારીને એલનને સાથ આપ્યો હતો. ન્યૂઝીલેન્ડે માત્ર ૧૨.૫ ઓવરમાં ૧૭૩ રન બનાવીને મેચ જીતી લીધી હતી.

હૈદરાબાદમાં ભારતીય મહિલા હોકી ટીમ પાસે હોમ એડવાન્ટેજ

## FIH હોકી વિશ્વકપ ક્વોલિફાયર્સ હૈદરાબાદમાં જામશે મહિલા હોકીનો જંગ



(એજન્સી) નવી દિલ્હી/હૈદરાબાદ । તા. 06

હોકીના ચાહકો માટે વર્ષ ૨૦૨૬ અત્યંત રોમાંચક સાબિત થવાનું છે. ૧૫ થી ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન બેલ્જિયમ અને નેધરલેન્ડ્સ દ્વારા સંયુક્ત રીતે યોજાનારા હોકી વિશ્વકપ માટે હવે અંતિમ જંગની તૈયારીઓ થઈ ગઈ છે. આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં સ્થાન મેળવવા માટે 'FIH ક્વોલિફાયર્સ' એ છેલ્લો પડાવ છે. ખાસ વાત એ છે કે ભારતીય મહિલા હોકી ટીમ માટે આ વખતે ગોલ્ડન તક છે, કારણ કે ભારત ૮ થી ૧૪ માર્ચ દરમિયાન હૈદરાબાદમાં મહિલા વિભાગની ક્વોલિફાઈંગ ઈવેન્ટની યજમાની કરવાનું છે.

વિશ્વકપ માટે અત્યાર સુધીમાં પ્રો લીગ અને ખંડીય ચેમ્પિયનશીપ દ્વારા ૯ પુરુષ અને મહિલા ટીમો પહેલાથી જ ક્વોલિફાય થઈ ચૂકી છે. હવે બાકીની ૭ ખાલી બેઠકો ભરવા માટે વિશ્વભરની ટીમો વચ્ચે જોરદાર ટક્કર થશે. પુરુષોની ક્વોલિફાઈંગ મેચો સેન્ટિયાગો અને ઈસ્માઈલિયામાં યોજાશે, જ્યારે મહિલાઓની સ્પર્ધા માટે હૈદરાબાદને પસંદ કરવામાં આવ્યું છે. દરેક વિભાગમાં ૮ દેશો ભાગ લેશે, જેમને વૈશ્વિક રેન્કિંગના આધારે ચાર-ચારના જૂથમાં વહેંચવામાં આવ્યા છે.

લગ્ન // મંત્રી નારા લોકેશ અને બ્રાહ્મણીની હાજરીથી શોભા વધી

# અર્જુન તેંડુલકર અને સાનિયા ચાંદોકના લગ્ન મુંબઈમાં સંપન્ન

(એજન્સી) ન્યૂકેસલ/બર્મિંગહામ । તા. 06

ક્રિકેટ જગતના મહાનાયક સચિન તેંડુલકરના પુત્ર અર્જુન તેંડુલકર આજે વૈવાહિક જીવનના બંધનમાં બંધાયા છે. મુંબઈની આલીશાન હોટલ ધ સેન્ટ રેજિસ ખાતે આયોજિત એક ભવ્ય સમારોહમાં અર્જુન તેંડુલકર અને સાનિયા ચાંદોકે સાત ફેરા લઈને નવા જીવનની શરૂઆત કરી છે. આ હાઈ-પ્રોફાઈલ લગ્ન પ્રસંગે આંધ્રપ્રદેશના શિક્ષણ અને આઈટી મંત્રી નારા લોકેશ અને તેમના પત્ની બ્રાહ્મણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુંબઈના આંગણે યોજાયેલા આ મંગલ અવસરે રાજકીય, સામાજિક અને રમતગમત જગતની અનેક નામી હસ્તીઓએ હાજરી આપીને નવદંપતીને સુખી જીવનના આશીર્વાદ પાઠવ્યા હતા.

મંત્રી નારા લોકેશ અને તેમના પત્ની બ્રાહ્મણી ગુરુવારે સવારે જ મુંબઈ પહોંચી ગયા હતા અને આ ભવ્ય લગ્ન સમારોહમાં સહભાગી થયા હતા. તેંડુલકર પરિવારે આ ખાસ અતિથિઓનું અત્યંત આદરપૂર્વક અને ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મંત્રી લોકેશે નવદંપતી અર્જુન અને સાનિયાને પુષ્પગુચ્છ અર્પણ કરીને શુભકામનાઓ પાઠવી હતી. લગ્ન મંડપમાં વર-કન્યાને આશીર્વાદ આપતી વખતે આંધ્રપ્રદેશના પ્રતિષ્ઠિત પરિવાર અને રમતગમતના ભગવાન ગણાતા પરિવાર વચ્ચેનો આત્મીય સંબંધ સ્પષ્ટપણે જોવા મળ્યો હતો.



દેશભરના પ્રભાવશાળી વ્યક્તિત્વોની હાજરીએ આ સમારોહને યાદગાર બનાવી દીધો હતો.

અર્જુન અને સાનિયાની સગાઈ ગત વર્ષે ઓગસ્ટ મહિનામાં થઈ હતી અને ત્યારથી જ ચાહકોમાં આ લગ્નને લઈને ભારે ઉત્તેજના હતી. સાનિયા ચાંદોક એક અત્યંત પ્રતિષ્ઠિત પારિવારિક પૃષ્ઠભૂમિ ધરાવે છે. તે ગ્રેવિસ ગ્રુપના ચેરમેન રવિ ઘાઈની પૌત્રી છે. રસપ્રદ વાત એ છે કે, સાનિયા લાંબા સમયથી તેંડુલકર પરિવારની નજીક રહી છે. તે અર્જુનની બહેન સારા તેંડુલકરની ખાસ સખી છે. લાંબા સમયની મિત્રતા હવે સંબંધમાં પરિવર્તિત થઈ છે. આ જોડીના લગ્ન સામાજિક રીતે પણ ખૂબ જ ચર્ચામાં રહ્યા છે કારણ કે બંને પરિવારો પોતપોતાના ક્ષેત્રમાં મોટું નામ ધરાવે છે.

26 વર્ષીય અર્જુન તેંડુલકર તેના પિતાના પગલે ચાલીને ક્રિકેટમાં પોતાનું નસીબ અજમાવી રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, અર્જુને ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) માં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી પાંચ મેચ રમી છે, જેમાં તેણે ત્રણ વિકેટ ઝડપી છે. રણજી ટ્રોફીમાં તેણે મુંબઈથી ડેબ્યૂ કર્યા બાદ હાલમાં તે ગોવા તરફથી રમી રહ્યો છે. ક્રિકેટના મેદાનમાં સંઘર્ષ અને સફળતાના ઉતાર-ચઢાવ વચ્ચે અર્જુને પોતાની આગવી ઓળખ ઉભી કરવાનો પ્રયાસ કર્યો છે. વર્ષ 2021માં મુંબઈ ઈન્ડિયન્સે તેને સૌપ્રથમ 20 લાખ રૂપિયામાં ખરીદ્યો હતો, પરંતુ તે સીઝનમાં તેને મેદાનમાં ઉતરવાની તક મળી ન હતી.

અર્જુન તેંડુલકર માટે આગામી આઈપીએલ સીઝન ખૂબ જ મહત્વની સાબિત થવાની છે. ગત વર્ષે યોજાયેલી મિની ઓક્શનમાં અર્જુનને મુંબઈ ઈન્ડિયન્સમાંથી લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) માં ટ્રેડ કરવામાં આવ્યો હતો. એટલે કે, હવે તે નવી ટીમ અને નવા ઉત્સાહ સાથે મેદાનમાં ઉતરશે. વર્ષ 2023માં મુંબઈ તરફથી રમતા તેણે ચાર મેચમાં ત્રણ વિકેટ લીધી હતી, જે તેની કારકિર્દીની અત્યાર સુધીની શ્રેષ્ઠ ક્ષણો રહી છે. જોકે, હાર્દિક પંડ્યાની કેપ્ટનશીપ હેઠળ તેને રમવાની ખાસ તક મળી ન હતી અને 2025 ની મેગા ઓક્શનમાં તે શરૂઆતમાં અનસોલ્ડ રહ્યો હતો, પરંતુ બાદમાં મુંબઈએ તેને ફરી 30 લાખની બેઝ પ્રાઈસ પર પોતાની ટીમમાં સામેલ કર્યો હતો.

જોઆઓ પેડ્રોની હેટ્રિકથી ચેલ્સી વિજયી પોઈન્ટ ટેબલમાં મચ્યો ફફડાટ

# પ્રીમિયર લીગ ન્યૂકેસલ માન્ચેસ્ટર યુનાઈટેડ જીત 10 ખેલાડીઓ સાથે રચ્યો ઈતિહાસ

(એજન્સી) ન્યૂકેસલ/બર્મિંગહામ । તા. 06



ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં ગુરુવારની રાત ફૂટબોલ પ્રેમીઓ માટે અત્યંત રોમાંચક સાબિત થઈ હતી. સેન્ટ જેમ્સ પાર્ક ખાતે રમાયેલા હાઈ-વોલ્ટેજ મુકાબલામાં ન્યૂકેસલ યુનાઈટેડે માત્ર ૧૦ ખેલાડીઓ હોવા છતાં માન્ચેસ્ટર યુનાઈટેડને ૨-૧ થી હરાવીને ચમત્કારિક વિજય મેળવ્યો છે. બીજી તરફ, વિલા પાર્ક ખાતે રમાયેલી મેચમાં ચેલ્સીએ જોઆઓ પેડ્રોની શાનદાર હેટ્રિકની મદદથી એસ્ટન વિલાને ૪-૧ થી પરાજય આપીને પોઈન્ટ ટેબલમાં પોતાની સ્થિતિ મજબૂત કરી છે.

મેચની શરૂઆતમાં જ જેકબ રેમ્સેને રેડ કાર્ડ મળતા ન્યૂકેસલની ટીમ મુશ્કેલીમાં મુકાઈ હતી. જોકે, એન્થોની ગોર્ડને પેનલ્ટી દ્વારા ગોલ કરીને યજમાન ટીમને લીડ અપાવી હતી. માન્ચેસ્ટર યુનાઈટેડ તરફથી કેસેમિરોએ ગોલ કરીને સ્કોર ૧-૧ થી સરભર કર્યો હતો. અંતિમ મિનિટોમાં ન્યૂકેસલના ગોલકીપર એરોન રેમ્સડેલે શાનદાર સેવ્સ કરીને યુનાઈટેડને અટકાવી રાખ્યું હતું. મેચની ૯૦મી મિનિટે વિલિયમ ઓસુલાએ સેન્સેશનલ ગોલ ફટકારીને ન્યૂકેસલને યાદગાર જીત અપાવી હતી. આ પરિણામ સાથે માન્ચેસ્ટર યુનાઈટેડ ૫૧ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે, જ્યારે ન્યૂકેસલ ૧૨મા ક્રમે પહોંચ્યું છે.

ચેલ્સી અને એસ્ટન વિલા વચ્ચેની મેચમાં એસ્ટન વિલાએ માત્ર બીજી જ મિનિટે ડગ્લાસ લુઈઝના ગોલથી સપના જેવી શરૂઆત કરી હતી. પરંતુ ત્યારબાદ ચેલ્સીના જોઆઓ પેડ્રોએ મેદાન સંભાળી લીધું હતું. પેડ્રોએ ૩૫મી અને પ્રથમ હાફના સ્ટોપેજ ટાઈમમાં ગોલ કરીને ચેલ્સીને લીડ અપાવી હતી. બીજા હાફમાં કોલ પામરે લીડ વધારી ૩-૧ કરી હતી. મેચના મધ્યમાં જોઆઓ પેડ્રોએ પોતાની હેટ્રિક પૂરી કરીને એસ્ટન વિલાની હાર પર મહોર મારી દીધી હતી.

## ડિમોના પરમાણુ મથક નિશાના પર, સત્તા પરિવર્તન સામે આરપારની જંગ

# ઈરાનની ઈઝરાયેલને પરમાણુ હુમલાની ધમકી

(એજન્સી) તેહરાન । તા. 05

મધ્ય પૂર્વમાં ચાલી રહેલો ભીષણ સંઘર્ષ હવે માનવ ઈતિહાસના સૌથી ભયાનક વળાંક પર પહોંચી ગયો છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેનો તણાવ ચરમસીમાએ પહોંચતા હવે સીધી પરમાણુ યુદ્ધની ધમકીઓ ઉચ્ચારવામાં આવી રહી છે. ઈરાનની અર્ધ-સરકારી સમાચાર એજન્સી દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ, જો અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહૂ ઈરાનમાં સત્તા પરિવર્તન કરવાની વ્યૂહનીતિ પર આગળ વધશે, તો ઈરાન વળતા પ્રહારમાં ઈઝરાયેલના અતિ સંવેદનશીલ ‘ડિમોના’ પરમાણુ સંશોધન મથકને મિસાઈલો વડે ફૂંકી મારશે. આ જાહેરાતે સમગ્ર વિશ્વમાં પરમાણુ હોનારતનો ફફડાટ ફેલાવી દીધો છે.



આ ગંભીર ધમકી એવા સમયે આવી છે જ્યારે વોશિંગ્ટન અને જેરુસલેમે સંયુક્ત રીતે સ્પષ્ટ કર્યું છે કે આ સૈન્ય ઓપરેશન માત્ર સીમા વિવાદ નથી, પરંતુ તેનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાની જનતાને વર્તમાન શાસનમાંથી મુક્તિ અપાવવાનો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આ વખતે કોઈ પણ સંજોગોમાં પીછેહઠ કરવાના મૂડમાં નથી. તેમણે મક્કમ નિર્ધાર કર્યો છે કે જ્યાં સુધી ઈરાનમાં સત્તા પલટો ન થાય ત્યાં સુધી આ સૈન્ય કાર્યવાહી અટકશે નહીં. ટ્રમ્પે ઈરાની જનતાને સીધું આહવાન કર્યું છે કે હુમલા અટક્યા બાદ તેઓ પોતાની સરકાર પર કબજો મેળવી લે, કારણ કે આવી તક પેઢીઓ પછી એકવાર મળે છે.

મેદાન-એ-જંગમાં ઈરાનની સ્થિતિ અત્યંત નાજુક હોવાનું જણાય છે. ઈઝરાયેલ અને અમેરિકાના અત્યંત સચોટ અને વિધ્વંસક હુમલાઓએ ઈરાની સેનાની કમર તોડી નાખી છે. ટોચના સૈન્ય નેતાઓથી લઈને મધ્યમ સ્તરના કમાન્ડરો અને મહત્વના કમાન્ડ સેન્ટરોને ભારે નુકસાન પહોંચ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, ગ્રાઉન્ડ રિપોર્ટ સૂચવે છે કે અમેરિકા અને ઈઝરાયેલ હવે ઈરાની શાસનને પાયામાંથી હલાવી દેવા માટે પૂરી શક્તિ લગાવી રહ્યા છે. ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સની પકડ ઢીલી કરવા માટે વ્યૂહાત્મક હુમલાઓ કરવામાં આવી રહ્યા છે.

સેટેલાઈટ ઈમેજ દ્વારા થયેલા વિશ્લેષણમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે એકલા રાજધાની તેહરાનમાં જ ઓછામાં ઓછા ૧૫ પોલીસ સ્ટેશનોને બોમ્બમારો કરીને તોડી પાડવામાં આવ્યા છે. આ પાછળ પશ્ચિમી દેશોની ખાસ વ્યૂહનીતિ કામ કરી રહી હોવાનું મનાય છે. સ્થાનિક પોલીસ અને સુરક્ષા દળોને એટલા નબળા પાડી દેવા કે તેઓ ભવિષ્યમાં સામાન્ય જનતા દ્વારા થનારા સંભવિત બળવા કે વિરોધ પ્રદર્શનોને દબાવી ન શકે. ઈરાની શાસન હવે અંદર અને બહાર એમ બંને મોરચે જીવન-મરણની લડાઈ લડી રહ્યું છે.

ઈરાનના વરિષ્ઠ લશ્કરી અધિકારીઓએ ખુલ્લી ચેતવણી આપતા જણાવ્યું છે કે તેમનું આગામી નિશાન ઈઝરાયેલનું મુખ્ય પરમાણુ કેન્દ્ર ‘ડિમોના’ હશે. જો અમેરિકા અને ઈઝરાયેલ સત્તા પરિવર્તનનો પ્રયાસ બંધ નહીં કરે, તો ઈરાન પોતાની ઘાતક લાંબા અંતરની મિસાઈલો દ્વારા સમગ્ર મધ્ય પૂર્વમાં ફેલાયેલા ઉર્જા માળખાને પણ ધ્વસ્ત કરી દેશે. ઈરાનનો દાવો છે કે તેઓ આવી આરપારની લડાઈ માટે માનસિક અને સૈન્ય રીતે તૈયાર છે. જો ડિમોના પર હુમલો થાય છે, તો તે સમગ્ર પ્રદેશ માટે રેડિયેશન અને વિનાશની મોટી આપત્તિ નોતરી શકે છે.

### ઈઝરાયેલ-અમેરિકા વિરુદ્ધ ઈરાન જંગમાં આંતરિક બળવો

## અમેરિકનમાં ઈરાન યુદ્ધનો પૂર્વ સૈનિકે મચાવ્યો હોબાળો

(એજન્સી) વોશિંગ્ટન । તા. 05

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધની જ્વાળાઓ પ્રજ્વલિત થઈ રહી છે ત્યારે અમેરિકાના રાજકીય ગઢ ગણાતી સેનેટમાં જ વિરોધનો વંટોળ ઉઠ્યો છે. ટ્રમ્પ વહીવટીતંત્રના ઈરાન પર હુમલો કરવાના સૈન્ય નિર્ણય સામે અમેરિકન નૌસેનાના એક નિવૃત્ત સૈનિકે ખુલ્લેઆમ બળવો પોકાર્યો હતો. યુએસ સેનેટની સુનાવણી દરમિયાન આ નિવૃત્ત સૈનિકે “ઈઝરાયેલ માટે હવે કોઈ લડવા માંગતું નથી” તેવા પ્રહાર કરી સમગ્ર ગૃહને સ્તબ્ધ કરી દીધું હતું. આ ઘટનાએ અમેરિકી સૈન્ય અભિયાનો અને વિદેશ નીતિ સામેના આંતરિક આક્રોશને સપાટી પર લાવી દીધો છે. ગ્રીન પાર્ટી તરફથી સેનેટની ચૂંટણી લડી રહેલા બ્રાયન મેકગિનિસે સુનાવણીમાં ખલેલ પહોંચાડીને ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમણે ટ્રમ્પ સરકારના ઈરાન સામેના સૈન્ય અભિયાનને સખત શબ્દોમાં વખોડી કાઢ્યું હતું. હંગામો એટલો વધી ગયો હતો કે કેપિટોલ પોલીસના અધિકારીઓએ તેમને રૂમની બહાર કાઢવા માટે બળપ્રયોગ કરવો પડ્યો હતો. આ હોબાળાને કારણે થોડો સમય સુનાવણી સ્થગિત કરી દેવામાં આવી હતી. મોન્ટાનાના સેનેટર ટીમ શીહી પોતે વિરોધ કરી રહેલા મેકગિનિસને ઊંચકીને રૂમની બહાર ધકેલવામાં પોલીસની મદદ કરી રહ્યા છે.

## ન્યૂઝ બ્રીફ

### અમેરિકન સંસદમાં યુદ્ધ પર વિવાદ ટ્રમ્પના નિર્ણય સામે ડેમોક્રેટ્સ લાલચોળ



વોશિંગ્ટન | મધ્ય પૂર્વના રણમેદાનમાં ચાલી રહેલા ‘ઓપરેશન એપિક ફ્યુરી’ની જ્વાળાઓ હવે અમેરિકાની સંસદ સુધી પહોંચી છે. ઈરાન વિરુદ્ધ છેડાયેલા આ યુદ્ધ મુદ્દે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના જ દેશમાં ઘેરાયા છે. બુધવારે યુએસ કોંગ્રેસમાં ડેમોક્રેટિક સાંસદોએ ટ્રમ્પ વહીવટીતંત્ર પર આકરા પ્રહાર કરતા આ સૈન્ય અભિયાનને ગેરબંધારણીય અને ગેરકાયદે ગણાવ્યું છે. વિપક્ષનો આરોપ છે કે સંસદની પૂર્વ મંજૂરી વિના આ પ્રકારનું મોટું યુદ્ધ છેડવું એ રાષ્ટ્રપતિના અધિકારોનો દુરુપયોગ છે, જેના કારણે અમેરિકા અત્યારે ભયંકર કટોકટીમાં ધકેલાઈ ગયું છે. સાંસદ પીટ અગુલારે ગૃહમાં ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે પ્રમુખ ટ્રમ્પે અમેરિકન જનતા સાથે કરેલો શાંતિનો વાયદો તોડ્યો છે. આ ‘બેદરકાર યુદ્ધ’માં અત્યાર સુધીમાં ૬ અમેરિકન સૈનિકોએ જીવ ગુમાવ્યા છે, જે અત્યંત દુઃખદ છે. ડેમોક્રેટ નેતા હકીમ જેફ્રીસે સવાલ ઉઠાવ્યો હતો કે કોઈ તાત્કાલિક ખતરો ન હોવા છતાં દેશને આ સંઘર્ષમાં કેમ ધકેલી દીધો? વિપક્ષ હવે મધ્ય પૂર્વમાં સૈન્ય કાર્યવાહીને મર્યાદિત કરવા માટે ‘વોર પાવર રિઝોલ્યુશન’ પસાર કરવા પર ભાર મૂકી રહ્યો છે.

### ચીન સૈન્ય બજેટ 7 ટકા વધારો સંરક્ષણ પાછળ અબજો ડોલર ખર્ચશે



બેઈજિંગ | વૈશ્વિક સ્તરે વધી રહેલા ભૌગોલિક અને રાજકીય તણાવ વચ્ચે ચીને પોતાના સૈન્ય બજેટમાં ૭ ટકાનો તોતિંગ વધારો જાહેર કર્યો છે. ગુરુવારે બેઈજિંગમાં મળેલી નેશનલ પીપલ્સ કોંગ્રેસની વાર્ષિક બેઠકમાં ચીની વડાપ્રધાન લી ક્યિાંગે આ જાહેરાત કરી હતી. આ વધારા સાથે ચીનનું કુલ સંરક્ષણ બજેટ હવે અંદાજે ૨૭૫ અબજ ડોલર (રૂ. ૨૨ લાખ કરોડથી વધુ) પર પહોંચી ગયું છે. ચોંકાવનારી વાત એ છે કે, એક તરફ ચીન પોતાની સૈન્ય શક્તિ વધારી રહ્યું છે, તો બીજી તરફ તેણે પોતાના વાર્ષિક આર્થિક વિકાસ (GDP) ના લક્ષ્યાંકમાં મોટો કાપ મૂકીને તેને ૪ થી ૫ ટકાની વચ્ચે રાખ્યો છે. ચીનના સૈન્ય બજેટમાં સતત ૧૧મા વર્ષે સિંગલ-ડિજિટ ગ્રોથ જોવા મળ્યો છે. જોકે, આ વર્ષનો ૭ ટકાનો વધારો ૨૦૨૧ પછીનો સૌથી ધીમો વધારો છે, તેમ છતાં ૨૭૫ અબજ ડોલરનો આંકડો વિશ્વના અનેક દેશોના કુલ બજેટ કરતા પણ વધુ છે.

### ઈરાન ઈઝરાયેલ વચ્ચે ભીષણ જંગ જારી, મધ્ય પૂર્વમાં વિનાશક સ્થિતિ

# મિડલ ઈસ્ટના મહાયુદ્ધમાં ઓસ્ટ્રેલિયાની એન્ટ્રી

(એજન્સી) તેહરાન/કેનબેરા । તા. 05

મિડલ ઈસ્ટ એટલે કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો સંઘર્ષ હવે વૈશ્વિક યુદ્ધ તરફ ફંટાઈ રહ્યો હોય તેમ જણાય છે. છેલ્લા પાંચ દિવસમાં ૧૧૦૦થી વધુ લોકોના મોત બાદ આ જંગમાં હવે ઓસ્ટ્રેલિયાએ પણ સત્તાવાર રીતે એન્ટ્રી કરી લીધી છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બાનિસે મધ્ય પૂર્વમાં સૈન્ય સંસાધનો મોકલવાની જાહેરાત કરતા ખળભળાટ મચી ગયો છે. બીજી તરફ, હિંદ મહાસાગરમાં અમેરિકાએ ઈરાની જહાજને ટોર્પીડો વડે ઉડાવી દેતા સમુદ્રી સીમાઓ પર પણ યુદ્ધની જ્વાળાઓ પ્રજ્વલિત થઈ છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બાનિસે સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું છે કે, તેમનો દેશ મધ્ય પૂર્વમાં પોતાની ‘સૈન્ય મિલકતો’ (Military Assets) રવાના કરી રહ્યો છે. સુરક્ષાના અત્યંત સંવેદનશીલ કારણોસર તેમણે હથિયારો કે સૈન્ય ટુકડીઓની ચોક્કસ વિગતો જાહેર કરી નથી, પરંતુ તેને એક ‘કન્ટીન્જન્સી પ્લાન’ એટલે કે કટોકટીની સ્થિતિ માટેની પૂર્વ તૈયારી ગણાવી છે. મીડિયા અહેવાલ મુજબ, ઓસ્ટ્રેલિયાએ બે અત્યાધુનિક સૈન્ય વિમાનો તૈનાત કર્યા છે. આ વિમાનોનો ઉપયોગ ફસાયેલા નાગરિકોને બહાર કાઢવા અથવા વ્યૂહાત્મક સૈન્ય મદદ પહોંચાડવા માટે કરવામાં આવશે. ઓસ્ટ્રેલિયા જેવા મોટા રાષ્ટ્રના જોડાવાથી આ સંઘર્ષ હવે પ્રાદેશિક મટીને વૈશ્વિક સ્તરે પહોંચી ગયો છે.



### અમેરિકાનું શક્તિ પ્રદર્શન: હિરોશિમા કરતા ૨૦ ગણો શક્તિશાળી પ્રહાર

ઈરાન સામે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે અમેરિકાએ પોતાની સંહારક શક્તિનું પ્રદર્શન કર્યું છે. અમેરિકી સેનાએ ‘મિનટમેન-III’ નામની ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ (ICBM) નું સફળ પરીક્ષણ કર્યું છે. આ મિસાઈલ એટલી વિનાશક છે કે તે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન હિરોશિમા પર ફેંકાયેલા પરમાણુ બોમ્બ કરતા ૨૦ ગણી વધુ શક્તિશાળી માનવામાં આવે છે. કેલિફોર્નિયાથી કરવામાં આવેલું આ પરીક્ષણ સીધી રીતે ઈરાન માટે ચેતવણી સમાન છે. અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે જો સ્થિતિ વધુ વણસશે તો તેઓ પરમાણુ હુમલો કરવામાં પણ પીછેહઠ નહીં કરે.

યુદ્ધની આગ હવે જમીન અને આકાશ છોડીને સમુદ્ર સુધી પહોંચી છે. અમેરિકી સંરક્ષણ સચિવ પીટ હેગસેથે મોટો ખુલાસો કરતા જણાવ્યું કે, શ્રીલંકા પાસે હિંદ મહાસાગરમાં એક અમેરિકન સબમરીને ઈરાનના જંગી જહાજને ટોર્પીડો મારીને ડૂબાડી દીધું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, આ જહાજ પર ૧૪૦ સૈનિકો સવાર હતા, જેમાંથી ૮૦ સૈનિકોના મોત થયાની પુષ્ટિ થઈ છે. પેન્ટાગોને આ હુમલાનો ભયાનક વીડિયો પણ જારી કરીને દુનિયાને હચમચાવી દીધી છે. અમેરિકાએ ચેતવણી આપી છે કે આ તો માત્ર શરૂઆત છે, હજુ વધુ ભયાનક હુમલાઓ થઈ શકે છે.

### ઈઝરાયેલનો તેહરાન પર બોમ્બમારો અને લેબનાનમાં ઘૂસણખોરી

ઈઝરાયેલની વાયુસેનાએ ઈરાનના સૈન્ય ઠેકાણાઓ પર અત્યાર સુધીમાં ૫૦૦૦થી વધુ ઘાતક બોમ્બ વરસાવ્યા છે. ઈરાનની રાજધાની તેહરાન હાલ ઈઝરાયેલના નિશાના પર છે. બીજી તરફ, ઈઝરાયેલી સૈનિકો લેબનાનની સરહદ ઓળંગીને જમીની ઓપરેશન (Ground Operation) શરૂ કરી ચૂક્યા છે. સંયુક્ત રાષ્ટ્રની શાંતિ સેનાએ પણ લેબનાની ગામોમાં ઈઝરાયેલી ટેન્કો અને સૈનિકોની હાજરીની પુષ્ટિ કરી છે. લેબનાનમાં પેલેસ્ટિની શરણાર્થી કેમ્પ પર થયેલા હુમલામાં કોઈ પણ પ્રકારની ચેતવણી વગર નિર્દોષ લોકોના મોત થયા છે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશ્કિયનએ પાડોશી દેશોને સંદેશ આપ્યો છે કે હવે વળતો પ્રહાર કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. ઈરાને પણ ઈઝરાયેલ પર મિસાઈલો દાગી છે, પરંતુ તે દરમિયાન સમગ્ર દેશમાં ઈન્ટરનેટ સેવાઓ ઠપ કરી દેવામાં આવી છે. ઈરાની મીડિયા મુજબ, છેલ્લા પાંચ દિવસમાં ૧૦૦૦થી વધુ નાગરિકોના મોત થયા છે, જેમાં એક સ્કૂલ પર થયેલા હુમલામાં ૧૬૮ માસૂમ બાળકોએ જીવ ગુમાવ્યા છે. નાટો (NATO) એ પણ તુર્કી તરફ આવતી ઈરાની મિસાઈલને તોડી પાડીને ઈઝરાયેલને ટેકો જાહેર કર્યો છે. ચીને આ પરિસ્થિતિને જોતા પોતાના સંરક્ષણ બજેટમાં ૭% નો વધારો કરીને ભવિષ્યના ખતરાની તૈયારી શરૂ કરી દીધી છે.

## ઈરાન પરમાણુ યુદ્ધ જહાજ ફ્રાંસ દ્વારા સમુદ્રમાં તૈનાત થતા ફફડાટ

પેરિસ । મધ્ય પૂર્વમાં ફાટી નીકળેલા ભીષણ સંઘર્ષમાં હવે યુરોપની મહાસત્તા ફ્રાંસે સીધો હસ્તક્ષેપ કર્યો છે. ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને રાષ્ટ્રના ગૌરવ સમાન પરમાણુ સંચાલિત વિશાળ યુદ્ધ જહાજ ‘ચાર્લ્સ ડી ગૉલ’ને તાત્કાલિક અસરથી મેડિટેરેનિયન એટલે કે ભૂમધ્ય સાગર તરફ રવાના થવાનો આદેશ આપ્યો છે. બાલ્ટિક સાગરથી હટાવીને આ વિનાશક જહાજની તૈનાતી એવા સમયે કરવામાં આવી છે જ્યારે ઈરાન અને ઈઝરાયેલ-અમેરિકા વચ્ચેનું યુદ્ધ પરમાણુ ઉંબરે આવીને ઊભું રહ્યું છે. ફ્રાંસના આ આક્રમક વલણથી પશ્ચિમ એશિયાના રણમેદાનમાં નવો વળાંક આવ્યો છે. ફ્રાંસના વિદેશ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ, અબુ ધાબીમાં આવેલા અલ-ધફરા એર બેઝ પર ફ્રાંસના ઘાતક રાફેલ ફાઈટર જેટ્સને ચોવીસ કલાક સજ્જ રહેવા સૂચના અપાઈ છે. ઈરાની ડ્રોન્સ અને મિસાઈલ હુમલાઓના જોખમને જોતા આ જેટ્સને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. તાજેતરમાં યુએઈમાં ફ્રાંસના સૈન્ય મથક પર થયેલા ડ્રોન હુમલા બાદ મેક્રોન સરકાર કોઈ પણ પ્રકારની ઢીલાશ રાખવા માંગતી નથી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ફ્રાંસ પોતાના હિતોની રક્ષા માટે કોઈ પણ હદે જવા તૈયાર છે. સાયપ્રસ પર થયેલા તાજેતરના હુમલાઓએ ફ્રાંસને વધુ ચિંતિત કર્યું છે. પરિણામે, ફ્રિગેટ ‘લેન્ગ્વેડોક’ અને વધારાની એર-ડિફેન્સ સિસ્ટમ્સ સાયપ્રસના તટ પર તૈનાત કરી દેવામાં આવી છે. પ્રમુખ મેક્રોને ચેતવણી આપી છે કે હોર્મુઝ સ્ટ્રેટ અને રેડ સીમાં જો માર્ગો બંધ થશે તો વૈશ્વિક અર્થતંત્ર ખોરવાઈ જશે અને તેલ-ગેસની કિંમતો આસમાને પહોંચશે. આર્થિક હિતો અને સૈન્ય સુરક્ષાના આ મિશ્રણને કારણે ફ્રાંસની એન્ટ્રી અનિવાર્ય બની છે.



## UNHRC સત્રમાં સાંસ્કૃતિક અધિકારો અને ભારતની રક્ષક તરીકે ઉભરતી ભૂમિકા

(એજન્સી) જિનીવા [સ્વિટ્ઝર્લેન્ડ] । તા. 05

UNHRCના ૬૧મા સત્રમાં ભારતે સાંસ્કૃતિક અધિકારોના રક્ષણ અને સંવર્ધન માટે લીધેલા ક્રાંતિકારી પગલાઓની વૈશ્વિક સ્તરે પ્રશંસા કરવામાં આવી છે. જિનીવા ખાતે યોજાયેલા આ મહત્વપૂર્ણ સત્ર દરમિયાન, ઈકો ફોન સોસાયટીના સીઈઓ સાઈ સંપથ મેટ્ટુએ એક વિડિયો નિવેદન રજૂ કરતા જણાવ્યું હતું કે, ભારત હવે સંસ્કૃતિને માત્ર પરંપરા તરીકે નહીં, પરંતુ શાંતિ અને સામાજિક એકતાના મજબૂત સ્તંભ તરીકે જોઈ રહ્યું છે. ૨૦૨૫ દરમિયાન ભારતનો સાંસ્કૃતિક અભિગમ વૈશ્વિક સ્તરે પરિવર્તનકારી સાબિત થઈ રહ્યો છે. ભારતે યુનેસ્કો મોન્ડિયાકલ્ટ ૨૦૨૫ માં સક્રિય ભૂમિકા ભજવીને સાંસ્કૃતિક નીતિઓના ભવિષ્ય પર ઊંડી ચર્ચા કરી હતી. ખાસ કરીને સાંસ્કૃતિક ઉત્પાદન અને સંરક્ષણ પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના વધતા પ્રભાવ અંગે ભારતે મહત્વના મુદ્દા ઉઠાવ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, ભારતે ૨૦૩૦ પછીના વિકાસ એજન્ડામાં સંસ્કૃતિ માટે એક સમર્પિત ‘વૈશ્વિક લક્ષ્યાંક’ રાખવાની જોરદાર વકીલાત કરી છે, જેથી આંતરરાષ્ટ્રીય સ્તરે સાંસ્કૃતિક ટકાઉપણું અને વારસાનું રક્ષણ કેન્દ્ર સ્થાને રહે.




## હોર્મુઝમાં માત્ર ચીનના જહાજોને એન્ટ્રી અન્ય દેશો પર કડક પ્રતિબંધ, વૈશ્વિક તેલ પુરવઠો અને ઈરાન વચ્ચે ખેંચતાણ તેજ

### ડ્રેગનના નિર્ણય બાદ ઈરાનની ભેટ શિપિંગ જગતમાં ખળભળાટ

(એજન્સી) તેહરાન । તા. 05

મધ્ય પૂર્વના રણમેદાનમાં ચાલી રહેલા વિનાશક યુદ્ધ વચ્ચે ઈરાને વિશ્વની આર્થિક કમર તોડી નાખે તેવો જબરો દાવ ખેલ્યો છે. વિશ્વના સૌથી વ્યૂહાત્મક દરિયાઈ માર્ગ ‘હોર્મુઝ સ્ટ્રેટ’ પર ઈરાને ચીન સિવાયના તમામ દેશોના જહાજો પર પ્રતિબંધ લાદી દીધો છે. ચીને અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા હુમલાઓની આકરી ટીકા કરતા, ઈરાને વળતી ભેટ તરીકે આ મહત્વપૂર્ણ જળમાર્ગની ચાવી ડ્રેગનને સોંપી દીધી હોય તેમ જણાય છે. આ નિર્ણયથી ભારત સહિત સમગ્ર વિશ્વના ઉર્જા બજારમાં ભારે અસ્થિરતા આવવાની ભીતિ સેવાઈ રહી છે.

હોર્મુઝની સામુદ્રધુની એ ફારસની ખાડીને ખુલ્લા સમુદ્ર સાથે જોડતો એકમાત્ર માર્ગ છે, જે સંયુક્ત આરબ અમીરાત અને કતાર જેવા તેલ નિકાસકાર દેશો માટે જીવનરેખા સમાન છે. વિશ્વના કુલ તેલ પુરવઠાનો અંદાજે ૨૦ ટકા હિસ્સો આ સાંકડા માર્ગેથી પસાર થાય છે. મીડિયા અહેવાલ મુજબ, જો આ પ્રતિબંધ લાંબો સમય ચાલશે તો વૈશ્વિક સ્તરે ઈંધણના ભાવમાં પ્રચંડ ઉછાળો આવશે અને પરિવહન ખર્ચ વધવાથી મોંઘવારી બેકાબૂ બની શકે છે. ખાસ કરીને એશિયાઈ દેશોની ઉર્જા સુરક્ષા પર આ નિર્ણયની સીધી અને ગંભીર અસર પડશે.

### ઈરાની લશ્કરની મિસાઈલ હુમલાની ધમકી

ઈરાનની શક્તિશાળી ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે હોર્મુઝ સ્ટ્રેટ પર હવે તેમનું લોખંડી નિયંત્રણ છે. મંજૂરી વગર પ્રવેશવાનો પ્રયાસ કરનાર કોઈપણ જહાજ પર મિસાઈલ કે આત્મઘાતી ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ ઈરાની નેતાની હત્યાને સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવી રશિયા સાથે હાથ મિલાવ્યા છે, જેના બદલામાં ઈરાને આ વ્યૂહાત્મક છૂટછાટ આપી છે.

### શિપિંગ ઉદ્યોગમાં ફફડાટ અને વધતા વીમા દર

આંતરરાષ્ટ્રીય શિપિંગ કંપનીઓમાં આ સમાચાર બાદ ગભરાટનો માહોલ છે. દરિયાઈ વીમાના દરોમાં રાતોરાત ધરખમ વધારો ઝીંકાયો છે. ઘણા દેશો હવે પોતાના વેપારી જહાજોના માર્ગ બદલવા મજબૂર બન્યા છે, જેનાથી માલસામાન પહોંચાડવાના સમયમાં મોટો વિલંબ થશે. આ સ્થિતિ વચ્ચે ભારત અને યુરોપના દેશો માટે ઉર્જા સંકટ ઘેરું બનવાની આશંકા છે. આંતરરાષ્ટ્રીય સમુદાય હવે આ મામલે શું વલણ અપનાવે છે તેના પર સમગ્ર વિશ્વની નજર ટકેલી છે.

**ધમકી** | હિન્દ મહાસાગરમાં જહાજ તોડી પડાયું, અમેરિકાના અત્યાચાર સામે આક્રોશ

# અમેરિકાએ પસ્તાવું પડશે ઈરાનની ચેતવણી

(એજન્સી) તેહરાન । તા. 05

હિન્દ મહાસાગરમાં અમેરિકા અને ઈરાન વચ્ચેના દરિયાઈ જંગે હવે અત્યંત ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. શ્રીલંકાના દરિયાકાંઠા પાસે ઈરાનના પ્રતિષ્ઠિત યુદ્ધજહાજ ‘ડેના’ (Dena) ને અમેરિકી સબમરીન દ્વારા ટોર્પીડો મારીને ડૂબાડી દેવાની ઘટના બાદ ઈરાન લાલચોળ થયું છે. ઈરાને આ હુમલાને અમેરિકાનો ખુલ્લો “અત્યાચાર” ગણાવીને વિશ્વભરને ચેતવણી આપી છે કે આના ગંભીર પરિણામો ભોગવવા માટે અમેરિકા તૈયાર રહે. આ ઘટનાથી મધ્ય પૂર્વની સાથે હવે હિન્દ મહાસાગરનો વિસ્તાર પણ યુદ્ધનું એપીસેન્ટર બની ગયો છે.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘X’ પર આક્રમક પોસ્ટ કરીને અમેરિકાને સીધો પડકાર ફેંક્યો છે. તેમણે જણાવ્યું કે, અમેરિકાએ ઈરાનના કિનારાથી આશરે ૩૨૧૯ કિલોમીટર (૨૦૦૦ માઈલ) દૂર આંતરરાષ્ટ્રીય જળસીમામાં ઘાતક અત્યાચાર કર્યો છે. અરાગચીએ કડક શબ્દોમાં લખ્યું છે કે, “મારા શબ્દો નોંધી રાખજો: અમેરિકાએ જે આ નવી પરંપરા અને મિસાલ કાયમ કરી છે, તેના માટે તેણે ભવિષ્યમાં ભારે પસ્તાવું પડશે.” ઈરાનની આ ધમકી બાદ હિન્દ મહાસાગરમાં તૈનાત અમેરિકી નૌકાદળના કાફલાને પણ એલર્ટ કરી દેવામાં આવ્યો છે.



વિદેશ મંત્રી અરાગચીએ એક ચોંકાવનારો ખુલાસો કરતા જણાવ્યું કે, જે ઈરાની યુદ્ધજહાજ ‘ડેના’ ને નિશાન બનાવવામાં આવ્યું છે, તે ભારતીય નૌસેનાના મહેમાન તરીકે શ્રીલંકા પાસેના દરિયામાં હતું. આ જહાજ પર લગભગ ૧૩૦ જેટલા નાવિકો અને સૈન્ય જવાનો સવાર હતા.

ઈરાનનો દાવો છે કે આ જહાજ કોઈ સૈન્ય હિલચાલમાં ન હોવા છતાં અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમામાં હોવા છતાં, અમેરિકાએ કોઈ પણ પ્રકારની પૂર્વ ચેતવણી આપ્યા વગર તેના પર ઘાતક હુમલો કરીને તેને જળસમાધિ આપી દીધી છે. આ હુમલાને કારણે ઈરાનના અનેક સૈનિકોના મોત થયાની આશંકા છે.

## નેપાળ સામાન્ય ચૂંટણી કેપી ઓલીએ ભક્તપુરમાં કર્યું મતદાન


(એજન્સી) ભક્તપુર [નેપાળ] । તા. 05

નેપાળના રાજકીય ઈતિહાસમાં અત્યંત નિર્ણાયક ગણાતી વર્ષ ૨૦૨૬ની સામાન્ય ચૂંટણીઓ માટે આજે મતદાન પ્રક્રિયા યોજાઈ રહી છે. નેપાળના ભૂતપૂર્વ વડાપ્રધાન અને સીપીએન-યુએમએલ (CPN-UML) ના વડા કેપી શર્મા ઓલીએ ગુરુવારે ભક્તપુરના મતદાન મથક પર પહોંચીને પોતાનો અમૂલ્ય મત આપ્યો હતો. વડાપ્રધાન પદના પ્રબળ દાવેદાર તરીકે મેદાનમાં રહેલા ઓલીએ મતદાન બાદ લોકશાહીની મજબૂતી પર ભાર મૂક્યો હતો. હિમાલયની ગોદમાં વસેલા આ રાષ્ટ્રમાં નવી સરકાર ચૂંટવા માટે સવારના ૭ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તમામ ૭૭ જિલ્લાઓમાં ઉત્સાહપૂર્વક મતદાન થઈ રહ્યું છે.

આ વખતે નેપાળમાં ૧,૮૯,૦૩,૬૮૯ નોંધાયેલા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૨ની સરખામણીએ આ વખતે મતદારોની સંખ્યામાં ૯.૧૫ લાખનો નોંધપાત્ર વધારો થયો છે. સૌથી મહત્વની બાબત એ છે કે, કુલ મતદારોના ૫૨ ટકા લોકો ૧૮ થી ૪૦ વર્ષની વયના છે. આ યુવા શક્તિ રાષ્ટ્રીય પરિણામોમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે તેવું નિષ્ણાતો માની રહ્યા છે. પ્રતિનિધિ સભાના ૨૭૫ સભ્યોને ચૂંટવા માટે કુલ ૬,૫૪૧ ઉમેદવારો મેદાનમાં છે. નેપાળની આ ચૂંટણી પ્રક્રિયા બેવડી પ્રણાલી પર આધારિત છે. ‘ફર્સ્ટ-પાસ્ટ-ધ-પોસ્ટ’ પદ્ધતિ હેઠળ ૧૬૫ બેઠકો માટે ૧,૧૪૩ અપક્ષો સહિત કુલ ૩,૪૦૬ ઉમેદવારો નસીબ અજમાવી રહ્યા છે. જ્યારે પ્રમાણસર પ્રતિનિધિત્વની ૧૧૦ બેઠકો માટે ૬૩ પક્ષોના ૩,૧૩૫ ઉમેદવારો મેદાનમાં છે. ચૂંટણી પંચે સમગ્ર દેશમાં ૨૩,૧૧૨ મતદાન કેન્દ્રો ઉભા કર્યા છે.

# રેલ કનેક્ટિવિટી મિઝોરમમાં પરિવર્તન લાવી રહી છે પ્રથમ FCI ખાદ્યાન્ન માલવાહક ટ્રેન સાઈરાંગ પહોંચી





માલીગાંવ : પેસેન્જર અને માલવાહક ટ્રેન સેવાઓ શરૂ થવાથી, મિઝોરમમાં મુસાફરો અને માલવાહક પરિવહન બંનેમાં નોંધપાત્ર ફેરફારો જોવા મળ્યા છે. આ વિકાસથી રાજ્યની કનેક્ટિવિટીમાં સુધારો થયો છે એટલું જ નહીં પરંતુ આર્થિક વિકાસને પણ વેગ મળ્યો છે અને પ્રદેશમાં પ્રવાસનને વધુ મજબૂત બનાવવામાં આવ્યો છે. એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સિદ્ધિમાં, પ્રથમ FCI ખાદ્યાન્ન માલવાહક ટ્રેન 3 માર્ચ, 2026 ના રોજ સાઈરાંગ રેલ્વે સ્ટેશન પર આવી. 42 વેગન વહન કરતી આ માલવાહક ટ્રેનમાં પંજાબથી આશરે 25,900 ક્વિન્ટલ ચોખા વહન કરવામાં આવ્યા હતા. રાજ્યમાં રેલ-આધારિત માલવાહક પરિવહનને મજબૂત બનાવવા અને આવશ્યક ચીજવસ્તુઓની સપ્લાય ચેઈન સુધારવા તરફ આ એક મહત્વપૂર્ણ પગલું છે. મિઝોરમ સરકારના ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના મંત્રી બી. લાલછંગઝોવા, રાજ્યસભાના સાંસદ શ્રી કે. વેનલલવાના અને અન્ય મહાનુભાવો દ્વારા સૈરંગ સ્ટેશન પર FCI રેકનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સૈરંગ ખાતે આ FCI ખાદ્યાન્ન રેકનું સફળ અનલોડિંગ સ્ટેશનની વધતી જતી કાર્યકારી ક્ષમતા દર્શાવે છે અને મિઝોરમના લોજિસ્ટિક્સ અને ખાદ્ય વિતરણ નેટવર્કને મજબૂત બનાવવામાં રેલ માળખાની સતત વધતી ભૂમિકાને પ્રકાશિત કરે છે. લેખનીય છે કે 13 સપ્ટેમ્બર, 2025 ના રોજ, માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 51.38 કિલોમીટર લાંબી બૈરાબી-સૈરંગ રેલ લાઇનનું ઉદ્ઘાટન કર્યું હતું, જે મિઝોરમના લોકો માટે એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ હતું. આ મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટે ભારતના રાષ્ટ્રીય રેલ નેટવર્ક સાથે સીધા જોડીને ઐઝોલને દેશના રેલ નકશા પર સ્થાન આપ્યું. પરિવહન સુવિધાઓમાં સુધારો કરવા ઉપરાંત, નવી રેલ લાઇન આ ક્ષેત્રમાં આર્થિક વિકાસ માટે નવી તકો ઊભી કરવામાં અને પ્રવાસનને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે.મિઝોરમમાં પ્રવાસનને નવી ગતિ મળી: મિઝોરમમાં તાજેતરમાં ઉદ્ઘાટન કરાયેલી નવી રેલ્વે લાઈનથી રાજ્યમાં પ્રવાસનને વેગ મળ્યો છે, જેના પરિણામે છેલ્લા છ મહિનામાં પ્રવાસીઓના આગમનમાં સતત વધારો થયો છે. 'નોર્થઈસ્ટ ડિસ્કવરી' સર્કિટ હેઠળ 12 ફેબ્રુઆરી, 2026 ના રોજ પ્રથમ ભારત ગૌરવ ડિલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન સૈરંગ રેલ્વે સ્ટેશન પર આવી ત્યારે મિઝોરમમાં રેલ સેવાઓએ વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું.

### રાજુલા રાજગોર બ્રાહ્મણ સમાજ જ્ઞાતિ દ્વારા

# વાંકુની ધાર ખાતે પદ્મશ્રી એવોર્ડ સન્માનિત શ્રી રતિભાઈ બોરીસાગરનુ સન્માન કરવામા આવશે

કિશોર આર. સોલંકી જાફરાબાદ

અતિ હર્ષ અને અતિશય ગૌરવના ભાવ સાથે જણાવવાનું કે, આપણી રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિનું ગૌરવ અને અગ્રગણ્ય હાસ્ય લેખક રાષ્ટ્રના સર્વોચ્ચ નાગરીક સન્માનોમાં ના એક પદ્મશ્રી પુરસ્કારથી અલંકૃત વંદનિય વિદ્વાન શિક્ષણવિદ્ અને ગુજરાતી હાસ્ય જગતના તેજસ્વી પ્રતિક શ્રી રતિભાઈ બોરીસાગર સાહેબ નાં ભવ્ય સન્માન અર્થે વિશેષ ગૌરવ સમારોહનું આયોજન કરવામાં આવેલ છે, "પદ્મશ્રી" જેવા પ્રતિષ્ઠીત રાષ્ટ્રીય સન્માનથી વિભૂષિત થવું એ માત્ર વ્યકિતગત સિધ્ધી નથી પરંતુ સમગ્ર રાજગોર બ્રાહ્મણ સમાજ માટે ગૌરવનો સુવર્ણ ક્ષણ છે, આ પાવન પ્રસંગે આપણે સૌ સાથે મળી આપણા જ્ઞાતિના આ ગૌરવ રત્નને હાર્દિક અભિનંદન અને શ્રધ્ધા સભર સન્માન અર્પણ કરીશું. આ કાર્યક્રમ મા રાજુલા જાફરાબાદ મહુવા અને સમગ્ર અમરેલી જિલ્લાના રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સમાજના લોકો ને આ ઐતિહાસીક અને ગૌરવવંતી ક્ષણે આપની પાવન ઉપસ્થિતી થી કાર્યક્રમને ભવ્યતા અર્પણ કરશો. આ કાર્યક્રમ તારીખ ૯/૦૩/૨૦૨૬ ને સોમવારે સાંજે ૪-૦૦ કલાકે વાંકુ



ની ધાર ખાતે શ્રી પંચ મુખી હનુમાનજી મંદિર શ્રી રામ બાલક દાસ બાપુ ના આશ્રમ ખાતે યોજાશે. આ પ્રસંગે સંતોના આશીર્વચન આપશે પ.પૂ.શ્રી મુકતાનંદ બાપુ - ચાપરડા અખીલ ભારતીય સાધુ સમાજ પ્રમુખશ્રી પ.પૂ.શ્રી રામબાલક દાસ બાપુ પંચમુખી હનુમાનજી મહારાજ આશ્રમ વાકુંનીધાર પ.પૂ.શ્રી કરુણાનિધાન દાસ બાપુ પંચમુખી હનુમાનજી મહારાજ આશ્રમ-વાકુંનીધાર વાળા આશીર્વાદ આપશે તેમજ શ્રી ગીજુભાઈ ભરાડ સાહેબ શિક્ષણવિદ્ શ્રી રતીદાદા મહેતા - શ્રી ગાયત્રી ઉપાસક -ચલાલા શ્રી ખોડીદાસભાઈ મહેતા - ભાગવતાચાર્ય -ચલાલા વાળા ની પ્રેરક વિશેષ ઉપસ્થિતિ રહેશે આ સમગ્ર કાર્યક્રમ પુર્ણ થયા બાદ સંધ્યા આરતી કરવામાં આવશે અને શ્રી પંચ મુખી હનુમાનજી દાદા ને થાળ ધરવા મા આવશે ત્યાર બાદ ભોજન પ્રસાદ લેવા માટે નુ આયોજન કરવામાં આવ્યું છે આ કાર્યક્રમ માટે શ્રી રાજગોર બ્રાહ્મણ (કાઠીગોર) અમરેલી જિલ્લો તથા મહુવા તાલુકો ના આગેવાનો અને યુવાન કાર્યકરો કામ કરી રહ્યાં છે તેમ રાજુલા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સમાજના પ્રમુખ શ્રી ભાનુભાઈ રાજગોર ની યાદી મા જણાવેલ છે આ કાર્યક્રમ નુ સ્થળ શ્રી પંચમુખી હનુમાનજી આશ્રમ વાકુંનીધાર (ઈંગોરાળા) તા. ખાંભા જિ. અમરેલી ખાતે રાખેલ છે.

# ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ આયોજીત પરિવાર મિલન કાર્યક્રમમાં અંત્યોદય વનવાસી પરીવારોનાં ઉત્કર્ષ માટે વસુદૈવકુટુંમ્બકક્મની ભાવના સાથે સહયોગી બની રહેવા વ્યક્ત થઇ સંકલ્પના

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ ગુજરાત પ્રદેશનાં જૂનાગઢ એકમ દ્વારા પરિવાર મિલનનો કાર્યક્રમ જૂનાગઢ શહેરનાં ટેક્નોસેવી, સમાજશાસ્ત્રીય અભ્યાસુ અને પ્રબુધ્ધ અગ્રણી ભાવેશભાઇ જાદવનાં અધ્યક્ષસ્થાને સત્યમ પાર્ટી પ્લોટનાં મધ્યસ્થ કક્ષમાં યોજાઇ ગયો. ઉલ્લેખનિય છે કે જૂનાગઢ વનવાસી કલ્યાણ પરિષદનાં કાર્યકર્તાઓ દ્વારા વર્ષ દરમ્યાન સામાજીક સમરસતા અને ભાતૃભાવની વિભાવના સાથે યોજાતા વિવિધ કાર્યક્રમો પૈકી ઓગષ્ટ માસ દરમ્યાન ઉત્તર અને દક્ષીણ ગુજરાતનાં વનપ્રદેશમાં વસવાટ કરતા વનબાંધવોની આરોગ્ય સંભાળ અને ચિકીત્સા માટે ચાર દિવસીય આયોજન કરાતું હોય છે. આ વખતે છોટાઉદેપુર, પાવી જેતપુર, કવાંટ, અને દેડીયાપાડા, તાલુકાનાં અંતરીયાળ ગામોમાં ચિકીત્સા શિબીરો દ્વારા વનવાસી ક્ષેત્રમાં વસવાટ કરતાં અંત્યોદય પરિવારોની તબીબી સેવા પ્રવૃતિ કરી હતી. જેનાં ભાગરૂપ આયોજીત અને મેડીકલ કેમ્પનાં સ્મરણો જૂનાગઢ નગરનાં પ્રબુધ્ધ નગરજનો સમક્ષ સમીક્ષાત્મક બને એવા પરિવાર મિલન કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યુ હતુ. આ કાર્યક્રમનાં અધ્યક્ષ અને ભારતિય સંસ્કૃતીનાં દુર્લભ ગ્રંથો ડિઝીટલ માધ્યમે આજની યુવા પેઢી વાંચતી થાય તેવા આયામ સાથે ટેક્નોસેવી વ્યક્તિવનાં માલીક ભાવેશભાઇ જાદવે કાર્યક્રમનાં અધ્યક્ષીય ઉદબોધનમાં શ્રી વનવાસી કલ્યાણ પરિષદ દ્વારા થતી વિવિધ પ્રવૃતિઓની સરાહના કરી જણાવ્યુ હતુ કે સમાજની સર્વાંગી ઉન્નતિ માટે કાર્યરત એવી શ્રી ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ સંસ્થા શિક્ષણ, સ્વાસ્થય, સંસ્કાર, સેવા, આર્થિક વિકાસ, તથા સમાજ જાગરણના વિવિધ પ્રકલ્પો દ્વારા સમાજોત્કર્ષનું કાર્ય સમાજના સહયોગ દ્વારા કરી રહી છે, એ સંસ્થાનાં પરિવાર મિલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનો અવસર જીવનની ધન્યતા બક્ષી ગયો, જૂનાગઢ નગરી તો સાવજ, સંતો, શુરવિરો, સેવાભાવીઓની ભુમી છે. ત્યારે આ ભુમિનાં મુઠી ઉંચેરા માનવીઓ વનક્ષેત્રનાં અંત્યોદય બન બાંધવોનાં કલ્યાણ માટે કાર્ય કરતા હોય એ આ ભુમિની સુવાસ છે. શ્રી ભાવેશભાઈએ જૂનાગઢ શહેરની વાંચન વલોણુ ટીમ દ્વારા સનાતન સંસ્કૃતિ નો પરિચય થાય એવા નવા અભ્યાસક્રમની માહિતી આપી હતી, જેને ઉપસ્થિત પ્રબુધ્ધજનો એ વધાવી લીધેલ, યુવા પેઢી આપણાં ધર્મશાસ્ત્રો ડિઝીટલ યુગે સ્ક્રીન પર વાંચતા થાય તે દીશામાં થતી પ્રવૃતિઓની વિગતો આપી હતી. વનવાસી કલ્યાણ પરિષદનાં પુર્ણકાલીન કાર્યકર્તા અને બરોડા મધ્યસ્થ કાર્યાલયનાં વિભાગીય મંત્રી ચંદ્રકાન્તભાઇ રાવલાણીએ વનવાસી કલ્યાણ પરિષદ દ્વારા થતી કલ્યાણકારી પ્રવૃતિની વિગતો આપી જૂનાગઢ નગરીય કાર્યક્ર્તાઓને બિરદાવી.

# દિવ્યધામ વલારડી પ્રેરીત ગંગાજળ શિવરથ નું જૂનાગઢ વાસીઓએ કર્યુ અદકેરૂ સ્વાગત

નરેન્દ્ર દવે જૂનાગઢ

અમરેલી જિલ્લાનાં વલારડી ગામની સીમમાં સમસ્ત વઘાસિયા પરિવારનાં સુરાપુરા પાતાદાદાની રણખાંભી બિરજમાન છે. આ દિવ્ય રણખાંભીની શ્રધ્ધા અને આસ્થા સાથે મનાતી માનતા અહીં પુર્ણ થતી હોવાની લોકજિહ્વાએ વાત સાંભળવા મળે છે. બાજુમાં દિવ્યજ્યોત સ્વરૂપે વેરાઇ માતાનું પુજન અર્ચન થઇ રહ્યુ છે. ગુજરાતભરમાં વસતા વઘાસિયા પરિવાર વેરાઇ માતાને કુળદેવી રૂપે પુજન અર્ચન કરી ધન્યતા અનુભવી રહ્યા છે. ત્યારે આ દિવ્યધામનાં પરિસરમાં લોક સંસ્કૃતિ અને સંસ્કારી વારસાનાં જતન અને સંવર્ધન થાય તે ભાવ સાથે લોકસેવાનાં વિવીધ આયામો સાથે વિવિધ ધર્મ કાર્યો થઇ રહ્યા છે. વાર-તહેવારે ઉજવાતા પર્વો અને પ્રસંગોમાં ગુજરાતનાં વિવિધ પ્રાંતોમાંથી ભાવિકો પોતાની શ્રધ્ધા અહીં ટેકવી પોતાની માનતા પુરી કરે છે. આગામી તા. ૧૯ માર્ચથી શિવકથા માટે ગુજરાતનાં પ્રખર વક્તા પુજ્ય ગીરીબાપુનાં મુખારવિંદથી વહેનાર શિવકથા નું રસપાન કરવા ગામ પરગામથી આવનાર તમામ ભાવીકોની સુખ સવલત માટે પુરતી વ્યવસ્થા, ભોજન પ્રસાદ-ઉતારા સવલતોનો ખ્યાલ આયોજકો રાખી રહ્યા છે. આ સાથે ૫૭૮ ગામોમાં વસતા વઘાસિયા કુળનાં કુળબંધુઓને તેમના ગામે ગંગાજળ રથ ભોળાનાથનાં શિવલીંગનાં આરૂઢ રથ દ્વારા નિમંત્રણ રથ ફરતો-ફરતો જૂનાગઢ શહેરમાં વસતા વઘાસિયા છોરૂને આમંત્રીત કરવા આવી પહોંચ્યો હતો. ત્યારે જૂનાગઢનાં રાજમાર્ગો પર પસાર થઇ આ રથ ખલીલપુર, રણછોનગર, આંબાવાડી થઇને ઝાંઝરડા ગામે પહોંચ્યો હતો. આ રથ દિવસનાં ભાગે ચોકી સહિત જિલ્લાનાં ગ્રામ્ય પ્રવાસ કરી ગ્રામિણ લોકોને નિમંત્રીત કરી ચુક્યો હતો. જૂનાગઢનાં કન્વીનર હરેશભાઇ વઘાસિયા, જેન્તીભાઇ વઘાસિયા, અશ્વીનભાઇ વઘાસિયા અને યોગેશભાઇ, પરેશભાઇ જમનભાઇ સહીત શ્રેષ્ઠીઓએ રથનાં રૂટ પર કોઇ અગવડતા વગર કોઇને મુશ્કેલી ના પડે તેવી વ્યવસ્થા કરી હતી. જૂનાગઢમાં વસતા વઘાસિયા પરિવાર દ્વારા આગામી ૧૯ થી ૨૭ માર્ચ દરમ્યાન સૌ સાથે આ શિવકથામાં કથા શ્રવણ માટે જવા સંકલ્પનાં વ્યક્ત કરી હતી. શિવ ગંગાજળ રથ યાત્રા સાથે ભુવાશ્રી હરેશભાઇ અને ટીમનાં સભ્યો સહભાગી બની રથ રૂટને આખરી નિરૂપિત કરી રહ્યા છે.

# આટકોટમાં નવા વ્યવસાયિક પ્રારંભથી વિકાસને વેગ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ : જસદણ તાલુકાના આટકોટ મુકામે મારૂતિ પેટ્રોલિયમ અને સંગમ પંજાબી ઢાબાના ઉદ્ઘાટન પ્રસંગે કુંવરજીભાઈ બાવળીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે બંને સંસ્થાઓનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો. વિસ્તારમાં ઊભા થયેલા આ નવા વ્યાવસાયિક પ્રોજેક્ટોથી સ્થાનિક રોજગારીની તકોમાં વધારો થવાની સાથે આર્થિક પ્રવૃત્તિઓને પણ નવી ગતિ મળશે. માર્ગ મુસાફરો અને સ્થાનિક નાગરિકો માટે સુવિધાસભર સેવાઓ ઉપલબ્ધ બનશે. આ પ્રસંગે નવા વ્યવસાય સાથે જોડાયેલા તમામ ઉદ્યોગસાહસિકોને અભિનંદન પાઠવતાં તેમની ઉજ્જવળ સફળતા માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી.

# કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર. પાટીલે મધ્ય પ્રદેશ સાથે કરી મહત્વપૂર્ણ બેઠક

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ : કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર. પાટીલએ આજે મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ અને રાજ્યના મંત્રી પ્રહલાદસિંહ પટેલ સાથે 'જલ સંચય જન ભાગીદારી (JSJB) 2.0'ની પ્રગતિ અંગે સમીક્ષા બેઠક યોજી. બેઠકમાં રાજ્યના તમામ સંભાગીય આયુક્તો અને જિલ્લા કલેક્ટરો જોડાયા હતા. ખંડવા (પૂર્વ નીમાડ), રાજગઢ અને ઇંદોર જિલ્લાઓએ JSJB 2.0 અંતર્ગત હાથ ધરાયેલા કાર્યો અને આગામી રોડમેપ અંગે પ્રસ્તુતિ આપી. નોંધનીય છે કે JSJB 1.0માં મધ્ય પ્રદેશ દેશભરમાં ચોથા ક્રમે રહ્યો હતો, જ્યારે ખંડવા જિલ્લાએ રાષ્ટ્રીય સ્તરે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. રાજ્યનું "જલ ગંગા સંવર્ધન અભિયાન" જળ સંરક્ષણ અને નદી પુનર્જીવન ક્ષેત્રે જનભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ માનવામાં આવે છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ જલ સંચય જન ભાગીદારી અભિયાન હવે જનઆંદોલનનું સ્વરૂપ ધારણ કરી ચૂક્યું છે. "કર્મભૂમિથી માતૃભૂમિ" અભિયાન અંતર્ગત સમાજના વિવિધ વર્ગો જળ સંરક્ષણ કાર્યોમાં સક્રિય સહભાગી બની રહ્યા છે. મનરેગા અંતર્ગત ઉપલબ્ધ સંસાધનોનો અસરકારક ઉપયોગ કરી વરસાદી ઋતુ પહેલાં જળ સંરક્ષણ કાર્યોને વેગ આપવા અને JSJB 2.0માં શ્રેષ્ઠ પરિણામો હાંસલ કરવા તમામ જિલ્લાઓને અપીલ કરવામાં આવી છે.

### અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ જામનગર દ્વારા મહિલા દિવસ તથા

# રાણી અબક્કાની ૫૦૦મી જન્મજયંતિ નિમિત્તે જિલ્લા છાત્રા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું



વિશાલ જે હરવરા | જામનગર

કાર્યક્રમમાં ABVP ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સુરભીબેન દવે તથા પ્રદેશ સહમંત્રી હેતવીબેન વ્યાસ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીનીઓને બોધતા સમાજ જીવનમાં મહિલાઓની ભૂમિકા, નેતૃત્વ અને શિક્ષણના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું.આ સંમેલનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનીઓમાં નેતૃત્વ ક્ષમતા, સામાજિક જાગૃતિ અને રાષ્ટ્રભાવના વધારવાનો હતો. કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# મોટી બાંડી બાર ખાતે સરપંચ શ્રી (ટ્રસ્ટી )મુન્નાભાઈ લબાનાની આગેવાનીમાં હોળી ધુળેટી પર્વ નિમિત્તે પરંપરાગત ગેરનો મેળો ભરાયો

દિપક રાવલ દાહોદ

મોટી બાંડીબાર ગામે આદિવાસી અને સ્થાનિક સંસ્કૃતિના પ્રતીક સમાન ગેરનો મેળો અત્યંત ઉત્સાહપૂર્વક યોજાયો હતો. સરપંચ શ્રી ( ટ્રસ્ટી) મુન્નાભાઈ લબાના ની સીધી દેખરેખ હેઠળ આ મેળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ચાંગી (પીરુણિયો ) ઢોલ, નંગારા, તાસા સાથે નાચ ગાન કરતા ખેલીયાઓ ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે ગામના સરપંચ શ્રી અને પ્રથમ નાગરિક એવા મુન્નાભાઈ લબાના એ પણ થાળી અને ઢોલ વગાડીને પરંપરાગત રીતે હોળી ધુળેટી પર્વની ઉજવણી કરી હતી. યોજાયેલ લોકમેળાને લઈને લોકોએ આનંદ મઝા માણી હતી તાલુકા અને જિલ્લાના સૌ નાગરિકોને હોળી ધૂળેટીના પાવન પર્વની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. સરપંચ શ્રી મુન્નાભાઈ લબાના દ્વારા મેળામાં આવતા લોકોની સુવિધા માટે વિશેષ



વ્યવસ્થાઓ કરવામાં આવી છે. મેળામાં પરંપરાગત હાટ-બજાર, ખાણી-પીણીના સ્ટોલ્સ અને બાળકો માટે મનોરંજનના સાધનો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જે લોક સંસ્કૃતિને ઉજાગર કરશે. સરપંચ શ્રી મુન્નાભાઈ લબાનાએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, 'મેળામાં આવતા દરેક દર્શનાર્થી અને મુલાકાતીને કોઈ તકલીફ ન પડે તે માટે પીવાના પાણી, પાર્કિંગ અને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ મેળો પરસ્પર ભાઈચારો અને સામાજિક એકતાનું પ્રતીક બની રહેશે.' સ્થાનિક અગ્રણીઓ અને લબાના સમાજના કાર્યકરો પણ આ મેળાને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. મોટી સંખ્યામાં લોકોને આ મેળાનો લાભ લેવા માટે પંચાયત આયોજક સમિતિ દ્વારા પણ આહવાન કરવામાં આવ્યું હતું. ગેર ના મેળામાં જનમેદની ઉમટતા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવામાં આવ્યો હતો.

# વિદેશમાં બાગાયતી પાકો નિકાસ કરવા માટે અપેડા અંતર્ગત ફાર્મ રજીસ્ટ્રેશન કરાવવુ જરૂરી


નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તથા ગીર સોમનાથ જિલ્લામાં બાગાયતી પાકો જેવા કે કેરી, ચીકુ, જામફળ, સીતાફળ વગેરે ફળો તેમજ શાકભાજી પાકો જેવા કે સરગવો, ટામેટા, કાકડી, કેપ્સીકમ વગેરેની ખેતી કરતા ખેડૂતોને વિદેશમાં નિકાસ કરવા માટે ખેડૂતોએ પોતાના ખેતર કે બગીચાનું અપેડા અંતર્ગત ફાર્મ રજીસ્ટ્રેશન કરાવવાનું જરૂરી છે. આ રજીસ્ટ્રેશનની કામગીરી જિલ્લાની નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે. નિકાસ કરવા માટે રસધરાવતા ખેડૂતોએ નિયત નમૂનાનું અરજી ફોર્મ મેળવી જરૂરી સાધની કાગળો જેવા કે ૭/૧૨, ૮-અ, આધારકાર્ડની નકલ, ફાર્મનો નકશો તથા ફાર્મ ડાયરી વગેરે જે તે જિલ્લાની નાયબ બાગાયત નિયામકશ્રી ની કચેરીએ અરજી કરવાની રહેશે. ત્યારબાદ અરજીની ચકાસણી કરી રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ આપવામાં આવશે. આ અરજી ફોર્મ મેળવવા તથા આપવા માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, લઘુ કૃષિ ભવન, બહુમાળી સામે, જૂનાગઢ સંપર્ક કરવાનો રહેશે. તેમ જૂનાગઢ જિલ્લા નાયબ બાગાયત નિયામકશ્રીની યાદીમાં જણાવાયુ છે.

# પાટણના માલસુંદ ગામે ચોલક્રિયા પ્રસંગે આશીર્વાદ આપવા માટે સંતો પધાર્યા

નિતીન ઠાકર ચાણસ્મા

દુધેશ્વર મહાદેવ મંદિર અડિયા જાગીર મઠના મહંત શ્રી ગજાનંદ ગીરીબાપુ ,આદિપુર ગાંધીધામ પંચમુખી હનુમાનજી મંદિર ના મહંત શ્રી બ્રહ્મચારી પ્રકાશાનંદજી બાપુ, પથમેડા બ્રહ્મચારી મુકુંદ પ્રકાશનંદજી બાપુ, શ્રી ધીરેન સ્વરૂપ બ્રહ્મચારી વિગેરે સંતો પાટણ જિલ્લા ના માલસુંદ ગામના વતની અને લબ્ધ પ્રતિષ્ઠિત વ્યક્તિ તેમજ સર્વ સમાજના સામાજિક આગેવાન એવા નરેશભાઈ જયંતીલાલ જોષી ના દીકરા રાજના પુત્ર પરિક્ષીત ની ચૌલક્રિયા ( બાબરી ) પ્રસંગે ખૂબ મોટી સંખ્યામાં સગા સ્નેહીજનો એ પધારીને



દીકરાને આશીર્વાદ પાઠવ્યા. પૂજ્ય સંતોએ સમાજમાં ભાવનાત્મક ભાવ જાગે તેમજ પરસ્પર અન્ય સમાજો સાથેનો પણ વહેવાર ઉત્તમ હોવો જોઈએ વ્યક્તિ પોતાના કર્મથી જ મહાન બને છે. સમાજમાં દીકરીઓ કરતા પણ દીકરાઓ ઉચ્ચ શિક્ષણ અને ઉચ્ચ લાયકાતો પ્રાપ્ત કરે તે બાબતે પણ શીખ આપી હતી .આ પ્રસંગે પૂજ્ય સંતોએ રાજ નરેશભાઈ જોશી ,દશરથજી ઠાકોર, ભરતભાઈ આર્ય, ભાસ્કરભાઈ ઠાકર , દિનેશભાઈ જોશી, વસંતજી ઠાકોર વિગેરે મહાનુભાવો વિવિધ ક્ષેત્રોમાં વિવિધ જવાબદારીઓ વહન કરતા હોવાના કારણે સર્વેનું સાલ અને રુદ્રાક્ષની માળા અર્પણ કરીને સન્માન કર્યું.

# એસ.ટી. તંત્રની કડક કાર્યવાહી: જૂનાગઢ અને વેરાવળ ડેપોના ફરજમાં બેદરકારી દાખવતા ૨ ડ્રાઈવર સસ્પેન્ડ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ એસ.ટી. વિભાગ હેઠળ ફરજ બજાવતા ડ્રાઈવરો દ્વારા કરવામાં આવેલી ગંભીર બેદરકારી અને ગેરવર્તણૂકના કિસ્સાઓને ગંભીરતાથી લઈને વિભાગીય નિયામક દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. ફરજ દરમિયાન મોબાઈલનો ઉપયોગ અને અધિકારીઓ સાથે ગેરવર્તુણક બદલ બે ડ્રાઈવરોને તત્કાલ અસરથી સસ્પેન્ડ કરી તેમની બદલી કરવામાં આવી છે. જૂનાગઢ ડેપોના ડ્રાઈવર દિલીપ આર. કોટીલા (બેજ નંબર ૪૯૮) ફરજ પર હતા ત્યારે મોબાઈલ ફોનમાં વાતચીત કરતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ ગંભીર બેદરકારી બદલ તેમને સસ્પેન્ડ કરી તેમની ફરજ જૂનાગઢથી પોરબંદર ડેપો ખાતે મૂકવામાં આવ્યાં છે. આ ઉપરાંત તેમની સામે ખાતાકીય તપાસ પણ શરૂ કરવામાં આવશે.

# અમદાવાદ મધ્યસ્થ જેલમાં ઈન્ટેન્સીફાઈડ કેસ ફાઈન્ડિંગ અભિયાનનો પ્રારંભ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે પ્રિઝન ઈન્ટરવેન્શન પ્રોગ્રામ અંતર્ગત ઈન્ટેન્સીફાઈડ કેસ ફાઈન્ડિંગ કેમ્પેઈનનો શુભારંભ કરવામાં આવ્યો. રાજ્યના જેલ વિભાગ અને આરોગ્ય તંત્રના સંયુક્ત પ્રયાસથી શરૂ થયેલ આ અભિયાન હેઠળ રાજ્યભરની તમામ જેલોમાં રહેલા અંદાજિત 20,000થી વધુ બંદિવાનોને આવરી લેવામાં આવશે. આ અભિયાન ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી, જેલ વિભાગ, મ્યુનિસિપલ કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી, એલાયન્સ ઈન્ડિયા (દિલ્હી) અને GSNP+ના સહયોગથી શરૂ કરાયું છે. રાજ્ય પોલીસ વડા કે.એલ.એન. રાવ અને પોલીસ મહાનિરીક્ષક અશ્વિન ચૌહાણના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમને ગતિ આપવામાં આવી. અભિયાન અંતર્ગત હેન્ડહેલ્ડ એક્સ-રે મશીન દ્વારા બંદિવાનોની ચેસ્ટ એક્સ-રે કરી ટી.બી.નું વહેલું નિદાન કરવામાં આવશે. સાથે સાથે 'ટી. બી. મુક્ત ભારત' અભિયાનને અનુરૂપ એચ.આઈ.વી. અને સિફિલિસની તપાસ પણ કરવામાં આવશે, જેથી જેલોમાં સંક્રમિત રોગોના સમયસર નિદાન અને સારવાર સુનિશ્ચિત થઈ શકે. આ પહેલ જેલોમાં આરોગ્ય સુરક્ષા મજબૂત બનાવવાનો મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. કાર્યક્રમ દરમિયાન સંબંધિત અધિકારીઓ અને આરોગ્ય વિભાગના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# SMVS સંસ્થાના સ્થાપક પૂ. બાપજીનો ૯૩મો પ્રાગટ્ય મહોત્સવ ભવ્ય ઉજવણી સાથે સંપન્ન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં SMVS Swaminarayan Sansthaના સ્થાપક પૂ. બાપજીનો ૯૩મો પ્રાગટ્ય મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. 'સાબરમતીના કાંઠે એક આદર્શ શિલ્પી' થીમ આધારિત કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ પૂજ્ય બાપજીની દિવ્ય ચેતનાને વંદન કરી એકતા, સમરસતા અને સંસ્કારનો સંદેશ આપ્યો. મુખ્યમંત્રીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી' સૂત્રને SMVS જેવી સંસ્થાઓ શિક્ષણ, સેવા અને સંસ્કાર સાથે આધુનિક ટેકનોલોજીના સમન્વય દ્વારા સાકાર કરી રહી છે. સંતો, શાસ્ત્રો અને મંદિરો ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ હોવાનું ઉલ્લેખતાં તેમણે કહ્યું કે SMVS સંસ્થા સમાજજીવનમાં મૂલ્યોની ત્રિવેણી વહાવી રહી છે. ભૂકંપ, પૂર, વાવાઝોડું અને કોરોના જેવી આફતોમાં સંસ્થાની સેવાકીય કામગીરીને બિરદાવતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે પૂ. સત્યસંકલ્પદાસજી



સ્વામીના નેતૃત્વમાં આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કાર્ય થઈ રહ્યું છે. ગાંધીનગરમાં કન્યા ગુરુકુળ, પંચમહાલમાં આદિવાસી બાળકો માટે નિ:શુલ્ક ગુરુકુળ અને હોસ્પિટલ જેવી પહેલો સમાજઉપયોગી છે. બદલાતા યુગની માંગ મુજબ યુવાનોમાં ચિપ ડિઝાઇન, AI અને એડવાન્સ ટેકનોલોજીના કૌશલ્ય વિકાસ માટે સંસ્થાઓ આગળ આવે તેવી અપીલ કરતાં તેમણે સાણંદ ખાતે સેમિકન્ડક્ટર ક્ષેત્રે થયેલા વિકાસનો ઉલ્લેખ કર્યો. 'હેપ્પી પરિવાર'થી 'હેપ્પી ગુજરાત' અને અંતે 'હેપ્પી ભારત'ના સ્વપ્નને સાકાર કરવાની સંકલ્પના રજૂ કરતાં મુખ્યમંત્રીએ સ્વદેશી, પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતા સહિતના નવ સંકલ્પોને જીવનમાં ઉતારવા અનુરોધ કર્યો. કાર્યક્રમ દરમિયાન આગામી ૨૧ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ અનાદિમુક્ત વિશ્વમ સંસ્થાનના પ્રથમ સંકુલ અને શિખરબદ્ધ મંદિર નિર્માણ અંગે જાહેરાત કરવામાં આવી. આ પ્રસંગે સંતમંડળ, જનપ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# નખત્રાણા નગરના ગોસ્વામી પરીવાર દ્વારા સ્વજનના સ્મરણાર્થે એક વૃક્ષ અર્પણ કરી વૃક્ષારોપણમાં થયા સહભાગી



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા નગરના ગોસ્વામી પરીવાર દ્વારા સ્વજનના સ્મરણાર્થે એક વૃક્ષ અર્પણ કરી વૃક્ષારોપણ માં સહભાગી થઈ ને વૃક્ષારોપણ ને પોત્સાહ આપવા આવ્યુ છે પવિત્ર ધામ શ્રી બિલેશ્વર મહાદેવ (નાંદ્રા બિલેશ્વર)ના પટ આંગણે સદભાવના વૃદ્ધાશ્રમ, રાજકોટ દ્વારા પર્યાવરણ જાળવણી અને સદભાવનાનો સંદેશ આપતા એક વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેની અંદર નખત્રાણા-કચ્છ ના ગોસ્વામી પરીવાર વતી સુરેશભાઈ ગોસ્વામી હસ્તે તેવોના પિતા શ્રી રેવાગર ભાણગર ગોસ્વામી ના સ્મરણાર્થે એક વૃક્ષ અર્પણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષ પ્રકૃતિ પ્રત્યે પ્રેમ અને સમાજમાં હરિયાળો સંદેશ ફેલાવવાના ઉમદા હેતુથી રોપવામાં આવ્યું હતું.આવા વૃક્ષારોપણ કાર્યક્રમો દ્વારા પર્યાવરણનું સંરક્ષણ થાય છે અને આવનારી પેઢી માટે હરિયાળો વારસો ઉભો થાય છે. સ્થળ પર ઉપસ્થિત લોકોએ આ પહેલની પ્રશંસા કરી હતી.


## પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

**રીટાયરીંગ રૂમ્સ અને ડોરમેટરીના સંચાલન અને જાળવણી માટે કોન્ટ્રાક્ટ**

**ગાંધીગ્રામ રેલવે સ્ટેશન ખાતે ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે ૦૫ (પાંચ) રીટાયરીંગ રૂમ્સ અને ૦૧ (એક) ડોરમેટરી (૦૬ પથારી) ના સંચાલન અને જાળવણી માટે કોન્ટ્રાક્ટ** માટે ઈ-હરાજી આમંત્રિત કરતી ટેન્ડર નોટીસો.

| કેટલોટ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | હરાજી શરૂ થવાની તારીખ અને સમય |
|---|---|---|---|
| PnU-WRL-GG-25-5 | ગાંધીગ્રામ રેલવે સ્ટેશન ખાતે ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે રીટાયરીંગ રૂમ્સ અને ડોરમેટરી (૦૬ પથારી) ના સંચાલન અને જાળવણી માટે કોન્ટ્રાક્ટ. | પે એન્ડ યુઝ | ૧૩-૦૩-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે |

બિડર / ટેન્ડરરે (www.ireps.gov.in/) સાઈટ ની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ માહિતી માટે ડિવિઝનલ ઓફિસ ભાવનગર અથવા (કોમર્શિયલ ઈન્સ્પેક્ટર (NFR), ભાવનગર ડિવિઝન- ૭૨૨૭૯૮૯૪૮૬) ની ટેલીફોનિક મુલાકાત લેવાની રહેશે.

BVP-287

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

સિટી એક્સપ્રેસ

FRIDAY 06 MARCH-2026

AHMEDABAD


## બાંગ્લાદેશી યુવકે ડેડ ઈ-મેઈલ હેક કરી બોમ્બની ધમકીઓ આપી

અમદાવાદ : અમદાવાદની શાળાઓ અને નીચલી અદાલતોને છેલ્લા એક વર્ષથી બોમ્બ બ્લાસ્ટ અને અન્ય ધમકીભર્યા ઈ-મેઈલ મોકલી ફફળકો ફેલાવનાર મુખ્ય સૂત્રધારને અમદાવાદ સાયબર ક્રાઈમ અને શહેર ક્રાઈમ બ્રાન્ચે સંયુક્ત ઓપરેશન હાથ ધરી પશ્ચિમ બંગાળથી ઝડપી પાડ્યો છે. ઝડપાયેલો આરોપી મૂળ બાંગ્લાદેશના ઢાકાનો રહેવાસી છે, જેનું નામ માઈકલ બિશ્વાસ છે પરંતુ તે ભારતમાં સૌરભ બિશ્વાસના નામે ગેરકાયદેસર રીતે રહેતો હતો. આરોપી VPN અને પ્રોક્સી IP એડ્રેસનો ઉપયોગ કરીને પોતાની ઓળખ છુપાવી રહ્યો હતો. પોલીસે આ મામલે સાયબર ટેરરિઝમની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીના 10 દિવસના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

## સુભાષબ્રિજનું ટેન્ડર મંજૂર, 391 કરોડના ખર્ચે બનશે આઠ લેન

અમદાવાદ : અમદાવાદ શહેરની મધ્યમાં સાબરમતી નદી પર આવેલો જૂનો સુભાષબ્રિજ હવે નવા રંગરૂપમાં જોવા મળશે. 8 લેન બનાવવા માટે 391 કરોડનું ટેન્ડર મંજૂર કરી દેવામાં આવ્યું છે. શહેરના વધતા જતાં ટ્રાફિક ભારણને હળવો કરવા અને વાહનચાલકોની સુવિધા માટે તંત્ર દ્વારા સુભાષબ્રિજને 4-લેનમાંથી કુલ 8-લેન સુધી વિસ્તરણ કરવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ પ્રોજેક્ટ હેઠળ હયાત બ્રિજના સુપરસ્ટ્રક્ચરને બદલીને તેની જગ્યાએ અત્યાધુનિક સ્ટીલ ગર્ડરનો ઉપયોગ કરવામાં આવશે, જેથી બ્રિજની મજબૂતી અને આયુષ્યમાં વધારો થશે.



### બોર્ડની પરીક્ષાઓ વહેલી પૂરી કરાવવા રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા માંગ

# બોર્ડની પરીક્ષા વહેલી પૂર્ણ કરવા સંચાલક મહામંડળની માંગ:શિક્ષકો બોર્ડની કામગીરીમાં અટવાતા ધો. 9 અને 11ના વિદ્યાર્થીઓનો અભ્યાસ અધૂરો રહે એવી સ્થિતિ

(એજન્સી) અમદાવાદ । તા. 06

ધોરણ-10 અને 12ની બોર્ડની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી શરૂ થઈ ગઈ છે. જોકે, આ વખતે પરીક્ષા લાંબી ચાલવાની હોવાથી 26 ફેબ્રુઆરીએ શરૂ થયેલી પરીક્ષા 18 માર્ચના રોજ પૂરી થવાની છે. બોર્ડની પરીક્ષા લાંબી ખેંચવામાં આવતા રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા ગુજરાત બોર્ડને પત્ર લખવામાં આવ્યો છે. જેમાં બોર્ડની પરીક્ષા લાંબી ચાલતી હોવાથી ધોરણ 9 અને 11ના વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર થઈ રહી હોવાની રજૂઆત કરવામાં આવી છે.શિક્ષકો સુપરવાઈઝરની કામગીરીમાં અને શાળામાં બોર્ડનું સેન્ટર હોવાથી ધોરણ 9 અને 11ના વિદ્યાર્થીઓને પૂરતો અભ્યાસ કરાવી શકાતો ન હોવાથી બોર્ડની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરી વહેલી પૂર્ણ કરવા માટે માંગ કરવામાં આવી છે.જેથી રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા ગુજરાત બોર્ડને પત્ર લખીને



રજૂઆત કરવામાં આવી છે કે, બોર્ડની પરીક્ષા લાંબી ખેંચવામાં આવતા અન્ય વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડી રહ્યો છે. શિક્ષકો સુપરવાઈઝરની કામગીરીમાં જોડાયેલા હોવાથી અભ્યાસક્રમ પણ અધૂરી રહી જાય એવી સ્થિતિ સર્જાઈ છે. 16 તારીખ સુધીમાં પરીક્ષા પૂર્ણ થઈ જતી હતી પરંતુ, હોળી અને ધૂળેટીના તહેવારની રજાઓ હોવાથી તે તારીખમાં યોજાયેલી પરીક્ષા 18 તારીખે યોજવામાં આવી છે. જેથી પરીક્ષા લાંબી ચાલવાની છે. જેથી રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા માંગ કરવામાં આવી છે કે, પરીક્ષા વહેલી પૂર્ણ કરી શિક્ષકોને ફ્રી કરી દેવામાં આવે જેથી તે અન્ય વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ પૂર્ણ કરી શકે.રાજ્ય શાળા સંચાલક મહામંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે, પહેલા પુણા બોર્ડ હતું ત્યારે રોજના બે પેપર લેવાતા હતા જેમાં વચ્ચે એક કલાકનો સમય આપવામાં આવતો હતો. જે 5 દિવસમાં પૂર્ણ થઈ જતી હતી. ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષામાં વચ્ચે એક એક દિવસનો ગેપ આપવામાં આવે છે. જેનો અમને કોઈ વિરોધ નથી પરંતુ ધોરણ 9 અને 11ના વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. અમારા શિક્ષકો સુપરવાઈઝર હોય છે કે પરીક્ષાના કામથી બીજા સેન્ટર પર જતા હોય છે. જેથી અમારી શાળાઓમાં રામ રાજ્ય અને પ્રજા સુખી જેવી સ્થિતિ છે. 20 દિવસ અભ્યાસ બગડે તો સ્વભાવિક છે કે ત્રણ ચાર ચેપ્ટર કે પાઠ ચાલી શકે નહીં. છતાં પણ વાર્ષિક પરીક્ષામાં તેમાંથી સવાલ પૂછવામાં આવે છે.વધુમાં ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે, ફ્લાઈંગ સ્કોડ હોય સ્થાયી સ્કોડ હોય તેના પણ ભાડા ભથ્થા ચડવાના છે. કારણ કે પરીક્ષા ન હોય તો તે ઘરે પરત થોડી આવવાના છે. તેમજ અત્યારે પરીક્ષાનો એક મોટો હાવ ઉભો કરવામાં આવ્યો છે. જેથી તેની અસર વિદ્યાર્થીઓ પર ખરાબ પડી છે. પરીક્ષા ખરાબ જાય તો માનસિક તણાવમાં આવીને વિદ્યાર્થી આત્મહત્યા કરતો હોય છે. જેથી અમે રજૂઆત કરી છે કે પરીક્ષાનો સમય ખૂબ લાંબો રાખવામાં આવ્યો છે તે ટૂંકો કરવામાં આવે અને જરૂર જણાય તો સવાર અને સાંજ એમ એક દિવસમાં બે પેપર રાખીને વહેલો કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવે અને શિક્ષકો વહેલા ફ્રી થશે તો ધોરણ 9 અને 12ના વિદ્યાર્થીઓના અભ્યાસ પર નુકશાન થતું અટકાવી શકાય.

### પરીક્ષાનો સમય ખૂબ લાંબો રાખવામાં આવ્યો છે તે ટૂંકો કરવામાં આવે

વધુમાં ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે, ફ્લાઈંગ સ્કોડ હોય સ્થાયી સ્કોડ હોય તેના પણ ભાડા ભથ્થા ચડવાના છે. કારણ કે પરીક્ષા ન હોય તો તે ઘરે પરત થોડી આવવાના છે. તેમજ અત્યારે પરીક્ષાનો એક મોટો હાવ ઉભો કરવામાં આવ્યો છે. જેથી તેની અસર વિદ્યાર્થીઓ પર ખરાબ પડી છે. પરીક્ષા ખરાબ જાય તો માનસિક તણાવમાં આવીને વિદ્યાર્થી આત્મહત્યા કરતો હોય છે. જેથી અમે રજૂઆત કરી છે કે પરીક્ષાનો સમય ખૂબ લાંબો રાખવામાં આવ્યો છે તે ટૂંકો કરવામાં આવે અને જરૂર જણાય તો સવાર અને સાંજ એમ એક દિવસમાં બે પેપર રાખીને વહેલો કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવે અને શિક્ષકો વહેલા ફ્રી થશે તો ધોરણ 9 અને 12ના વિદ્યાર્થીઓના અભ્યાસ પર નુકશાન થતું અટકાવી શકાય.

## યુદ્ધના ઓછાયા વચ્ચે દુબઈથી 170 મુસાફરો અમદાવાદ પહોંચ્યા, પરિજનોની આંખોમાં હરખના આંસુ

અમદાવાદ |મિડલ ઈસ્ટમાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધના કારણે ઈન્ટરનેશનલ સ્તરે ભારે તણાવની સ્થિતિ સર્જાઈ છે. આ યુદ્ધને લીધે એર સ્પેસ બંધ કરી દેવામાં આવતા દુબઈ સહિતના વિસ્તારોમાં ગુજરાતના અનેક મુસાફરો અટવાયા હતા. ફસાયેલા આ પ્રવાસીઓએ ભારત સરકારને વતન પરત લાવવા માટે આજીજી કરી હતી, જે બાદ વિશેષ વ્યવસ્થા દ્વારા મુસાફરોને સુરક્ષિત રીતે ભારત લાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આજે વહેલી સવારે ખાસ ફ્લાઈટ દ્વારા 170 જેટલા પેસેન્જરો અમદાવાદ એરપોર્ટ આવ્યા હતા. પરિજનોની ઘરવાપસી થતાં એરપોર્ટ પર ભાવુક દૃશ્યો સર્જાયા હતા.

આ યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે વહેલી સવારે 170 ભારતીય મુસાફરોને લઈને એક ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ પર આવી હતી. વિમાનમાંથી બહાર આવેલા મુસાફરોએ પોતાનો અનુભવ વિશે જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા બે દિવસથી દુબઈમાં ફસાયેલા હતા અને ત્યાં બોમ્બ તેમજ મિસાઈલ ધડાકાના અવાજો વચ્ચે ભારે ડરનો માહોલ હતો. જોકે, મુસાફરોએ ભારત સરકાર અને તંત્રનો આભાર માનતા કહ્યું કે, મુશ્કેલીના સમયે તેમને ત્યાં ફ્રી સુવિધા અને સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો. પોતાના વતનની ધરતી પર પગ મૂકતા જ મુસાફરો અને તેમના પરિવારોના જીવમાં જીવ આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે એક દિવસ અગાઉ 210 મુસાફરો સાથે પણ એક ફ્લાઈટ અમદાવાદ આવી પહોંચી હતી.

### જીવ બચાવવા ધાબા પરથી કૂદતા બે યુવકો ઈજાગ્રસ્ત, ફાયર બ્રિગેડે 5 કલાકે આગ કાબૂમાં લીધી

# સેવ બનાવવાની 3 ફેક્ટરીઓમાં વિકરાળ આગ

(એજન્સી) અમદાવાદ । તા. 06

અમદાવાદ શહેરના કાલુપુર ઓવરબ્રિજ નજીક શહેરકોટડા પોલીસ સ્ટેશન સામે સરસપુર ઈંટવાડામાં સેવ બનાવવાની ત્રણ ફેક્ટરીઓમાં આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા ગોમતીપુર, પાંચકુવા અને નરોડા સહિતના ફાયર સ્ટેશનની 16 ગાડીઓ ઘટના સ્થળ ઉપર રવાના કરવામાં આવી હતી.

ફાયર બ્રિગેડની ટીમ દ્વારા એક કલાક સુધી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવામાં આવી હતી. ફેક્ટરીઓની પાછળના ભાગે મન્સૂરીની ચાલી આવેલી હતી જેમાં અનેક લોકો રહેતા હતા. જોકે ફાયર બ્રિગેડની ટીમ દ્વારા ચાલી બાજુથી પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો જેથી આગ ચાલીઓ સુધી પહોંચી નહોતી. જો કે, આગ લાગતા ઉપર સૂતેલા બે લોકો બચવા જતા નીચે કૂદ્યા હતા જેથી તેઓને વાગતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.મળતી માહિતી મુજબ, કાલુપુર ઓવરબ્રિજ પાસે સરસપુરના ઈંટવાડામાં ગળી સેવ બનાવવાનું કારખાનું આવેલું છે. મોડી રાત્રે 3:00 વાગ્યાની આસપાસ ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને મેસેજ મળ્યો હતો કે, સેવ બનાવવાના કારખાનામાં આગ લાગવાની ઘટના બની છે. જેથી પાંચકુવા અને નરોડા ફાયર સ્ટેશનની ગાડીઓ ઘટના સ્થળ ઉપર રવાના કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટના સ્થળ પર પહોંચી ત્યારે ત્રણ જેટલી ફેક્ટરીમાં લાગેલી



આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આખા કારખાનામાં આગ ફેલાઈ ગઈ હતી. કારખાનાની પાછળના ભાગે એક જ દીવાલે ચાલી આવેલી હતી જેમાં 50થી વધારે મકાનો હતા. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા ચાલીના મકાનો બાજુથી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવાના પ્રયાસ શરૂ કરવામાં આવ્યા હતા.આગ ખૂબ જ વીકરાળ હતી જેના કારણે આસપાસની ઓરડીઓમાં ફેલાઈ જતા 108 એમ્બ્યુલન્સને પણ જાણ કરવામાં આવી હતી, તેમજ બીજી ફાયરબ્રિગેડ ગાડીઓ પણ બોલાવવામાં આવી હતી. મણિનગર અને થલતેજ ફાયર સ્ટેશનના અધિકારી અને કર્મચારી પણ ઘટના સ્થળ પર પહોંચ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા સતત પાણીનો મારો ચલાવી સવારે 7:30 વાગ્યે આગને સંપૂર્ણ પણે કાબૂમાં લઈ લેવામાં આવી હતી.આગ લાગી ત્યારે નજીકના મકાનમાં ધાબા ઉપર બે લોકો સુતા હતા જે બચવા માટે ત્યાંથી નીચે કૂદ્યા હતા. જેમાં તેમને ઈજા થતાં તરત જ 108માં સારવાર માટે હોસ્પિટલ મોકલ્યા હતા. સેવની ફેક્ટરીમાં રાત્રે આગ લાગવાની ઘટનામાં ચાલીના રહીશોમાં પણ ગભરાટનો અને ભયનો માહોલ જોવા મળ્યો હતો.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સરદાર એકતા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું



(એજન્સી) અમદાવાદ । તા. 06

અખિલ ભારતીય કુર્મી પાટીદાર મહાસભા દ્વારા આયોજિત સરદાર એકતા યાત્રાને અમદાવાદથી પ્રસ્થાન કરાવવા પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશાં સરદારસાહેબનું સન્માન કર્યું છે. 2014થી સરદાર સાહેબની જયંતીને દેશભરમાં રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઊજવવાની પરંપરા તેમણે શરૂ કરાવેલી છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણથી શ્રી નરેન્દ્રભાઈએ લોહપુરુષ સરદાર પટેલને શ્રેષ્ઠ અંજલિ આપી છે. સરદાર સાહેબની આ વિરાટ પ્રતિમા વિશ્વભરમાં ભારતની એકતા અને અખંડતાનું પ્રતીક બની છે, એવું તેમણે ઉમેર્યું હતું. દેશની એકતા અને અખંડિતાના શિલ્પી લોકપુરુષ સરદાર સાહેબની 150મી જયંતી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આપણે ઊજવી રહ્યા છીએ, એવું જણાવી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલે સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહ મંત્રી તરીકે 565 દેશી રજવાડાંઓને એક સૂત્રમાં બાંધીને એક અને અખંડ ભારત બનાવ્યું હતું. વડાપ્રધાનશ્રી સરદાર સાહેબના એ જ વિચારો અને જીવનમૂલ્યોને જન જન સુધી પહોંચાડી 'એક ભારત શ્રેષ્ઠ ભારત' માટે પ્રયાસો કરે છે. સરદાર સાહેબની જેમ સૌના મનમાં નેશન ફર્સ્ટની ભાવના ઉજાગર કરવાનો વડાપ્રધાનશ્રીનો સંકલ્પ છે, એવું તેમણે ઉમેર્યું હતું. ગુજરાત અને મધ્ય પ્રદેશના વિસ્તારોમાં યોજાનાર આ યાત્રામાં સરદારસાહેબના જીવન સાથે જોડાયેલી અમૂલ્ય ચીજવસ્તુઓ લોકોના દર્શન માટે રાખવાના આયોજન બદલ મુખ્યમંત્રીશ્રીએ આયોજકોને અભિનંદન પાઠવીને જણાવ્યું હતું કે આ યાત્રા સરદાર સાહેબનું સમર્પણ, દેશપ્રેમ અને તેમની અટલ એકતાની ભાવનાને જનજનમાં જીવંત કરશે. મુખ્યમંત્રીશ્રીએ દેશની એકતા અને અખંડિતતાને સુદ્દઢ કરવા સમર્પિત રહેવા અને સ્વદેશીનો મંત્ર અપનાવવા આહ્વાન કર્યું હતું. સ્વદેશીને જીવનનો હિસ્સો બનાવવો, એ સમયની માગ છે. આપણે સૌ એક બનીને વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરીશું અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરીશું, એ જ સરદાર સાહેબને સાચી ભાવાંજલિ હશે, એવું તેમણે ઉમેર્યું હતું. કે.પી. વિદ્યાર્થી ભવનના વડા તથા યાત્રાના આયોજક શ્રી સતીષભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું.

## નિકોલમાં રૂ. 97.36 કરોડના 31 વિકાસ કાર્યોનો પ્રારંભ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

પૂર્વ અમદાવાદના સર્વાંગી વિકાસને નવી દિશા આપતા નિકોલ વિધાનસભા વિસ્તારમાં રૂ. 97.36 કરોડના 31 પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. ભાજપ પ્રદેશ અધ્યક્ષ અને નિકોલના ધારાસભ્ય જગદીશ વિશ્વકર્માના હસ્તે યોજાયેલા કાર્યક્રમમાં આરોગ્ય, માર્ગ અને પાયાની સુવિધાઓને મજબૂત બનાવતા મહત્વપૂર્ણ પ્રકલ્પોની શરૂઆત થઈ. કાર્યક્રમ અંતર્ગત રૂ. 17.67 કરોડના 2 કામોનું લોકાર્પણ, રૂ. 77.56 કરોડના 8 કામો અને રૂ. 2.13 કરોડના 70:20:10 યોજનાના 21 કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. વિરાટનગર સ્થિત નવા કોમ્યુનિટી હેલ્થ સેન્ટરનું લોકાર્પણ ખાસ આકર્ષણ રહ્યું. ધારાસભ્ય વિશ્વકર્માએ જણાવ્યું કે નિકોલ વિસ્તારમાં શરૂ કરાયેલી 30 બેડની અર્બન હોસ્પિટલથી મધ્યમવર્ગીય પરિવારોને નજીકમાં જ પ્રાથમિક સારવાર ઉપલબ્ધ થશે. ગંભીર કેસમાં દર્દીઓને સિવિલ અથવા એસવીપી હોસ્પિટલમાં રિફર કરવાની સુવિધા રહેશે, જેના કારણે ખાનગી હોસ્પિટલોના ભારે ખર્ચમાંથી રાહત મળશે. વર્ષો જૂની પાણી ભરાવાની સમસ્યાને ઉકેલવા માટે હાથ ધરાયેલા ખારીકટ કેનાલ વિકાસ કાર્યોને તેમણે ઐતિહાસિક ગણાવ્યા. નરોડાથી વિંઝોલ સુધી લગભગ રૂ. 1200 કરોડના વિકાસ પછી હવે એક્સપ્રેસ હાઈવે થી ઘોડાસર-વટવા સુધીનો તબક્કો હાથ ધરાશે. તેમના મત મુજબ, આ પ્રોજેક્ટ પૂર્વ અમદાવાદની નવી ઓળખ બનશે અને વિસ્તારના સામાજિક-આર્થિક સ્તરે સુધારો લાવશે.અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખભાઈ પટેલએ જણાવ્યું કે ખારીકટ કેનાલ પર વિકસતો માર્ગ પૂર્વ વિસ્તાર માટે લાઈફલાઈન સાબિત થશે. રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધતાં ઉદ્યોગ, વેપાર અને રોજગારીના નવા અવસર ઊભા થશે. અમદાવાદ શહેરની મેયર પ્રતિભાબેન જૈનએ જણાવ્યું કે "વિકસિત ભારત 2047"ના સંકલ્પ સાથે શહેરમાં નાગરિક કેન્દ્રિત વિકાસ કાર્યો હાથ ધરાઈ રહ્યા છે. રૂ. 97 કરોડના આ પ્રકલ્પોથી નિકોલ વિસ્તારમાં આધુનિક સુવિધાઓ અને પાયાની વ્યવસ્થામાં નોંધપાત્ર વધારો થશે. કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, કોર્પોરેટરો અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. નિકોલમાં શરૂ થયેલા આ વિકાસ કાર્યો પૂર્વ અમદાવાદને આધુનિક સુવિધાસભર અને સુવ્યવસ્થિત વિસ્તારમાં રૂપાંતરિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.



## ગુજરાતમાં ધૂળેટીના પર્વે ઈમરજન્સી કેસોમાં વધારો

અમદાવાદ | આજે રાજ્યમાં ધૂળેટીના પર્વની રંગેચંગે ઉજવણી કરવામાં આવી, પરંતુ આ ઉજવણી વચ્ચે રાજ્યમાં ઈમરજન્સી કેસોની સંખ્યામાં પણ મોટો વધારો જોવા મળ્યો છે. આજે સાંજે 6 વાગ્યા સુધીના મળેલા આંકડાઓ મુજબ, સમગ્ર રાજ્યમાં ઈમરજન્સી સેવાઓ પર ભારણ વધ્યું છે. આજે સાંજે 6 વાગ્યા સુધીમાં રાજ્યભરમાં કુલ 3,796 ઈમરજન્સી કેસો નોંધાયા છે.

સામાન્ય દિવસોમાં સરેરાશ 3,266 કેસો નોંધાતા હોય છે, જેની સરખામણીએ આજે 530 વધુ કેસો નોંધાયા છે. એટલે કે રાજ્યમાં કુલ 16.22% નો વધારો જોવા મળ્યો છે. અમદાવાદમાં સૌથી વધુ 723 કેસો સાથે યાદીમાં સૌથી વધુ છે. સુરતમાં કેસોમાં ધરખમ 50.93%નો વધારો નોંધાયો છે (કુલ 455 કેસ). અરવલ્લીમાં ટકાવારીની દ્રષ્ટિએ અરવલ્લીમાં સૌથી વધુ 63.39%નો ઉછાળો જોવા મળ્યો છે. અન્ય જિલ્લાઓની વાત કરીએ તો, મોરબી, તાપી અને દેવભૂમિ દ્વારકા જેવા જિલ્લાઓમાં પણ સામાન્ય દિવસો કરતા વધુ ઈમરજન્સી કેસો સામે આવ્યા છે. કેટલાક જિલ્લાઓ જેમ કે જૂનાગઢ, આણંદ અને સુરેન્દ્રનગરમાં સામાન્ય દિવસો કરતા કેસોમાં ઘટાડો પણ જોવા મળ્યો છે. તહેવારના દિવસે માર્ગ અકસ્માતો, મારામારી અને અન્ય તબીબી ઈમરજન્સીને કારણે આ આંકડો વધ્યો હોવાનું અનુમાન છે. તંત્ર દ્વારા તમામ ઈમરજન્સી સેવાઓને એલર્ટ પર રાખવામાં આવી છે.

અમદાવાદમાં સૌથી વધુ 723 કેસો નોંધાયા છે, જ્યારે સુરતમાં 455 અને વડોદરામાં 195 કેસો નોંધાયા છે. રાજકોટમાં 191, દાહોદમાં 139, વલસાડમાં 135 અને કચ્છ જિલ્લામાં 134 ઈમરજન્સી કેસો સામે આવ્યા છે. ભાવનગરમાં આ આંકડો 110 રહ્યો છે, જ્યારે જામનગરમાં 104 અને ગાંધીનગરમાં 94 કેસો નોંધાયા છે. પંચમહાલમાં 88, તેમજ તાપી અને છોટાઉદેપુર બંને જિલ્લામાં 87-87 કેસો નોંધાયા છે.

## પાર્ક કરવાની ના પાડતા કારચાલક રોષે ભરાયો, દુકાનમાં ઘૂસી બાપ દીકરા પર છરીથી હુમલો

અમદાવાદ | ગુજરાતનું આર્થિક પાટનગર અને 'સેફ સિટી' ગણાતું અમદાવાદ અત્યારે ક્રાઈમ સિટી બની રહ્યું હોય તેમ જણાય છે. છેલ્લા કેટલાક સમયથી શહેરમાં નજીવી બાબતે હત્યા અને હુમલાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થયો છે. આવી જ એક ચોંકાવનારી ઘટના શહેરના શાહઆલમ વિસ્તારમાં બની છે. જ્યાં માત્ર કાર પાર્ક કરવા જેવી સામાન્ય બાબતે ઉશ્કેરાયેલા કારચાલકે કાર વોશિંગની દુકાનમાં ઘૂસી બાપ-દીકરા પર છરીથી જીવલેણ હુમલો કર્યો હતો. ઘટના અંગે વિગતે મળતી માહિતી અનુસાર, શાહઆલમ વિસ્તારમાં આવેલી એક કાર વોશિંગની દુકાન પાસે એક કારચાલક પોતાની ગાડી પાર્ક કરી રહ્યો હતો. દુકાન માલિકે ત્યાં ગાડી પાર્ક કરવાની ના પાડતા કારચાલક એકદમ ઉશ્કેરાઈ ગયો હતો. શરૂઆતમાં બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ગાળાગાળી થઈ હતી. જોકે, મામલો ત્યાં શાંત પડવાને બદલે વધુ બિચક્યો હતો. આરોપી કારચાલક પોતાની ગાડીમાંથી તીક્ષ્ણ છરી કાઢી લાવ્યો હતો અને સીધો જ દુકાનની અંદર ધસી ગયો હતો.

# અમદાવાદમાં ધૂળેટી પાર્ટીમાં ખેલૈયાઓના રંગમાં ભંગ પડતા તોડફોડ મચાવી

(એજન્સી) અમદાવાદ । તા. 06

અમદાવાદના પોશ ગણાતા સિંધુભવન રોડ પર ધુળેટીની ઉજવણીમાં ભંગ પડ્યો હતો, જ્યાં 'બ્રજ વાઈબ્સ' દ્વારા આયોજિત પાર્ટીમાં મિસમેનેજમેન્ટનો આક્ષેપ કરી લોકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. ગ્રીન પ્લેસ પાર્ટી પ્લોટમાં આયોજિત આ ઈવેન્ટમાં મ્યુઝિક બંધ થતાં અને સુવિધાઓના અભાવે રોષે ભરાયેલા યુવકોએ ડીજે સિસ્ટમ અને મંડપના ડેકોરેશનમાં તોડફોડ કરી હતી, જેના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા હતા. જોકે, આયોજકોએ લુખ્ખા તત્વો પર તોડફોડનો આરોપ લગાવ્યો છે. ઘટનાની જાણ થતાં બોપલ પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી અને સમજાવટ બાદ મામલો થાળે પાડ્યો હતો. હાલ આ મામલે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી,પરંતુ આયોજકો દ્વારા રિફંડ આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સિંધુ ભવન રોડ પર ગ્રીન પ્લેસ પાર્ટી પ્લોટમાં બ્રજ વાઈબ્સના આયોજકો દ્વારા એક ધૂળેટી પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં આયોજકો દ્વારા પાસ માટેની ફી વસુલ્યા બાદ એ પ્રમાણેની સુવિધાઓ ન આપવામાં આવતા ખેલૈયાઓ રોષે ભરાયા હતા અને પાર્ટી પ્લોટમાં તોડફોડ મચાવી હતી. જેના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા હતા. બ્રજ વાઈબ્સ ધુળેટી પાર્ટીનું આયોજન કરનાર વીરસિંઘે જણાવ્યું હતું કે, ધુળેટી પાર્ટીનું આયોજન અમારા તરફથી કરવામાં આવ્યું હતું. જેમાં ડીજે અને તમામ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી હતી, પરંતુ કેટલાક ચાર પાંચ જેટલા લુખ્ખા તત્વો દ્વારા આ કૃત્ય કરવામાં આવ્યું હતું. હું આખો દિવસ ત્યાં હતો અને ડીજે આર્ટિસ્ટ પણ લાવવામાં આવ્યા હતા. વચ્ચે એક વખત મ્યુઝિક બંધ થયું હતું જે બાદ કેટલાક લોકો દ્વારા હોબાળો કરવામાં આવ્યો હતો. કેટલાક ચોક્કસ તત્વો દ્વારા આ કરવામાં આવ્યું હતું જેના ફોટા અને વીડિયો પણ મારી પાસે છે. પોલીસ બોલાવવામાં આવી હતી અને પોલીસે આવીને મામલો થાળે પાડ્યો હતો. લોકોને રિફંડ આપવાની પ્રક્રિયા પણ કરવામાં આવી રહી છે.સોશિયલ મીડિયામાં ધુળેટીની પાર્ટીમાં અવ્યવસ્થા અને યોગ્ય મેનેજમેન્ટ ન હોવાને લઈને તોડફોડ કરવામાં આવી હોવા અંગેનો વીડિયો વાઈરલ થયો હતો. વાઈરલ વીડિયો શહેરના સિંધુભવન રોડ પર બ્રજ વાઈબ્સ નામની ધુળેટીની પાર્ટીનો હોવાનું જાણવા મળ્યું હતું. લોકો દ્વારા પાર્ટી પ્લોટમાં તોડફોડ કરવામાં આવી હતી અને ડીજે પાડી દેવામાં આવ્યા હતા. પાર્ટી કરવા માટે મંડપ લગાવવામાં આવ્યા હતા અને જે ડેકોરેશન કરવામાં આવ્યું હતું તેમાં પણ તોડફોડ કરવામાં આવી હતી અને લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. તોડફોડ અને હોબાળો કરવામાં આવતા પોલીસને જાણ કરવામાં આવી હતી બોપલ પોલીસ સ્ટેશનની ટીમ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. પોલીસ દ્વારા સ્થળ પર લોકોને સમજાવવામાં આવ્યા હતા, તેમજ આયોજકો સાથે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ સમગ્ર બાબતે પોલીસે સમજાવટ કરી હતી અને મામલો થાળે પાડ્યો હતો. જો કે, આ બાબતે હવે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

સુરતના ડાયમંડ સિટીમાં ધુળેટીના પર્વ પર કતારગામ વિસ્તારમાં અસામાજિક તત્વોએ શાંતિ ડહોળવાનો પ્રયાસ કરતા ચકચાર મચી હતી. કતારગામના બાપાસીતારામ ચોક પાસે આવેલી રૂક્ષ્મણી સોસાયટી નજીકથી પસાર થતા એક પરિવાર પર લુખ્ખા તત્વોએ ગંદા પાણીની કોથળીઓ ફેંકી આતંક મચાવ્યો હતો. પરિવારે આ કરતૂતનો વિરોધ કરતા ઉશ્કેરાયેલા શખ્સોએ મહિલાઓ સહિત પરિવારના સભ્યો પર લાકડાના ફટકા અને કડા વડે હિચકારો હુમલો કર્યો હતો.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...